પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૭-૮-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૫, અંક : ૧૪૯

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

એક 'ખોટી' વાત ને...
એક 'અધુરી' વાત...
કેટલાય 'સંબંધ'
તોડી નાખે છે...






માનવીય વિકાસ કુદરતની "તબાહી"ને ભયાનક બનાવી રહી છે?!!!

# ૧૭૦૦૦ ફૂટ ઉપરથી પડેલ ૨૦૦૦ ફૂટ પહોળા બરફના ટુકડાએ નેપાળને ખેદાન-મેદાન કર્યું!

## ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓમાં 30 ફૂટ ઊંચા મોજાં ઉછળતાં ૨૭૦થી વધુ લોકોના મોત, ૧૩૩ ભારતીયો અને ૩૭ વિદેશીઓ સહિત ૨૮ દેશોના ૧૨૦૦થી વધુ લોકો લાપતા

### 'જાણે પરમાણુ બોમ્બ ફૂટ્યો હોય તેવો વિસ્ફોટ'

સેટેલાઇટ ડેટા અનુસાર, ગ્લેશિયરનો આ વિશાળ હિસ્સો અચાનક તૂટીને લગભગ ૪,૦૦૦ ફૂટ (૧.૨ કિમી) નીચે ખીણના તળિયે પડ્યો હતો.ભારે ઊંચાઈ અને પ્રચંડ પોટેન્શિયલ એનર્જીના કારણે આ મહાકાય બરફ ખીણમાં પટકાયાની સેકન્ડોમાં જ પથ્થરો, માટી અને અતિ ઝડપી પાણીના તોફાનમાં ફેરવાઈ ગયો હતો.આ કાટમાળ લ્હેન્દે ખોલા અને ભોટેકોશી નદીમાં ધસી જતાં જળસ્તરમાં અચાનક પ્રચંડ ઉછાળો આવ્યો હતો, જેણે માર્ગમાં આવતી દરેક વસ્તુને ખેદાન-મેદાન કરી નાખી.



**અબતક, કાઠમંડુ**

નેપાળના હિમાલય ક્ષેત્રમાં કુદરતે ફરી એકવાર પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવ્યું છે. ૧૭,૦૦૦ ફૂટની ઊંચાઈએથી અંદાજે ૨,૦૦૦ ફૂટ પહોળો ગ્લેશિયરનો મહાકાય હિસ્સો તૂટીને ખીણમાં ખાબકતાં આવેલા ભયાનક પૂર અને હિમસ્ખલને ભારે તારાજી સર્જી છે. આ હોનારતમાં ડઝનબંધ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે સેંકડો સ્થાનિકો, પ્રવાસીઓ અને શ્રમિકો ગુમ થયા છે.

હોનારત પૂર્વે વિસ્તારમાં ૪.૪ની તીવ્રતાનો ભૂકંપ પણ નોંધાયો હતો. વૈજ્ઞાનિકોના મતે ભૂકંપના આંચકા અથવા ગ્લોબલ વોર્મિંગને કારણે નબળા પડી રહેલા ગ્લેશિયર્સ આ દુર્ઘટના પાછળનું મુખ્ય કારણ હોઈ શકે છે. હિન્દુકુશ હિમાલય ક્ષેત્રમાં વર્ષ ૨૦૦૦ પછી બરફ પીગળવાની ગતિ ચિંતાજનક સ્તરે વધી ગઈ છે.

(અનુ. આઠમા પાને)

### મૃત્યુઆંક અને ગુમ થયેલા લોકોની વિગતો

**૨૭૦નાં મોતઃ** નેપાળ પોલીસે ૨૭૦ લોકોના મોતના અહેવાલ આપ્યા છે, જ્યારે ચીનના સત્તાવાળાઓએ તિબેટના ગ્યીરોંગ કાઉન્ટીમાં ૩ લોકોના મોતની પુષ્ટિ કરી છે.

**૧૨૦૦થી વધુ ગુમઃ** નેપાળમાં ૫૭૯ લોકો (૪૬૬ વિદેશી અને ૧૧૩ નેપાળી) તથા તિબેટમાં ૨૬૫ લોકો લાપતા છે.

**ભારતીયો અને વિદેશીઓઃ** ગુમ થયેલા વિદેશીઓમાં ઓછામાં ઓછા ૧૩૩ ભારતીયો અને ૩૭ એનઆરઆઈ સામેલ છે. આ ઉપરાંત અમેરિકા (૫૪), ઓસ્ટ્રેલિયા (૩૪), બ્રિટન (૩૩), કેનેડા (૨૪) અને મલેશિયાના નાગરિકો પણ ગુમ છે.

**૧૫૦ કિમી દૂરથી મળ્યા મૃતદેહઃ** પૂરનો પ્રવાહ એટલો ભયાનક હતો કે ૩૩ મૃતદેહો ઘટનાસ્થળથી ૧૫૦ કિમી દૂર ચિતવનમાંથી મળી આવ્યા છે.

### કૈલાશ માનસરોવર યાત્રાળુઓ બન્યાં ભોગ

આ પૂરની સૌથી મોટી અસર કૈલાશ માનસરોવર યાત્રાના રૂટ પર થઈ છે. સરહદ પાર કરવાની તૈયારી કરી રહેલા અથવા તે વિસ્તારમાંથી પસાર થઈ રહેલા આશરે ૪૦૦ જેટલા યાત્રાળુઓ અચાનક આવેલા પૂરની ઝપેટમાં આવી ગયા હતાં.

જજ યુ ટુ?

# રાજસ્થાનના કાર્યકારી ચીફ જસ્ટિસ સામે સુપ્રીમ કોર્ટના જજે અનેક ફરિયાદોનો 'ઢગલો' કર્યો

## સીજેઆઈએ પબ્લિક સ્ટેટમેન્ટમાં જણાવ્યું કે ન્યાયાધીશો વચ્ચેના આંતરિક મતભેદો કે ફરિયાદોને પબ્લિક ડોમેઈન કે મીડિયામાં ચર્ચી શકાતી નથી

**અબતક, નવી દિલ્હી**

દેશની સર્વોચ્ચ અદાલતમાં અને રાજસ્થાન હાઈકોર્ટના સ્તરે હાલ એક સંવેદનશીલ વિવાદ સામે આવ્યો છે. સુપ્રીમ કોર્ટના જજ સંદીપ મહેતાએ રાજસ્થાન હાઈકોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસ સંજીવ પ્રકાશ શર્મા સામે ગંભીર ફરિયાદો કરી છે અને તેમની તત્કાલ બદલીની માંગ ઉઠાવી છે. આ મામલે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સૂર્યકાંતે સ્પષ્ટ કર્યું છે કે ન્યાયતંત્રના આંતરિક પ્રશ્નો મીડિયા ટ્રાયલથી નહીં, પરંતુ સ્થાપિત કાનૂની અને સંસ્થાકીય મિકેનિઝમ દ્વારા જ ઉકેલાવા જોઈએ.



રાજસ્થાન હાઈકોર્ટમાંથી જ આવતા સુપ્રીમ કોર્ટના જજ સંદીપ મહેતાએ સતત ત્રણ સપ્તાહમાં ત્રણ પત્રો લખીને એક્ટિંગ સીજે સંજીવ પ્રકાશ શર્મા સામે મોરચો ખોલ્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે એસીજેમાં નેતૃત્વના ગુણોનો અભાવ છે અને હાઈકોર્ટના ન્યાયિક તેમજ વહીવટી બંને પક્ષે ગેરવહીવટ અને ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. તેમણે નિયમિત ચીફ જસ્ટિસની નિમણૂક કરવાની અને એક્ટિંગ સીજેને રાજ્ય બહાર ખસેડવાની માંગ કરી છે.

વિવાદના કેન્દ્રમાં રહેલા જસ્ટિસ સંજીવ શર્મા આગામી ૨૬ સપ્ટેમ્બરે નિવૃત્ત થવાના છે. સીજેઆઈએ પબ્લિક સ્ટેટમેન્ટમાં જણાવ્યું છે કે ન્યાયાધીશો વચ્ચેના આંતરિક મતભેદો કે ફરિયાદોને પબ્લિક ડોમેઈન કે મીડિયામાં ચર્ચી શકાતી નથી. કોઈ પણ નિષ્કર્ષ પર પહોંચતા પહેલા સંબંધિત ન્યાયાધીશને પોતાનો પક્ષ રજૂ કરવાની ન્યાયિક અને વાજબી તક મળવી જોઈએ. માત્ર આક્ષેપો થયા એટલે તેને અંતિમ સત્ય કે દોષ સાબિત થયેલો માની શકાય નહીં.

# મેદસ્વીતા સુપ્રીમ સુધી પહોંચી! જંક ફૂડના લેબલ સ્પષ્ટ બતાવવા સરકારને અલ્ટીમેટમ

## વર્ષ ૨૦૦૦ થી ૨૦૨૨ વચ્ચે શાળાએ જતા બાળકો અને કિશોરોમાં ઓબેસિટીનું પ્રમાણ ૨% થી વધીને ૧૦% સુધી આંબી ગયું

**અબતક, નવી દિલ્હી**

આજની ઝડપી જીવનશૈલી અને બદલાતી ખાણીપીણીની આદતો વચ્ચે 'જંક ફૂડ' આપણા સ્વાસ્થ્ય માટે એક ગંભીર ખતરો બનીને ઉભરી આવ્યું છે. વિશેષ કરીને બાળકો અને કિશોરોમાં વધતી ઓબેસિટી આજના સમયની સૌથી મોટી ચિંતાનો વિષય છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કડક નોટિસ ફટકારી છે અને જંક ફૂડ પર 'ફ્રન્ટ-ઓફ-પેક' વોર્નિંગ લેબલ્સ વહેલી તકે લાગુ કરવા માટે સ્પષ્ટ અલ્ટીમેટમ આપ્યું છે. વર્ષ ૨૦૦૦ થી ૨૦૨૨ વચ્ચે શાળાએ જતા બાળકો અને કિશોરોમાં ઓબેસિટીનું પ્રમાણ ૨% થી વધીને ૧૦% સુધી પહોંચી ગયું છે.

ઈકોનોમિક સર્વે ૨૦૨૫-૨૬ મુજબ, ભારતમાં અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડનું માર્કેટ ૨૦૦૯ થી ૨૦૨૩ વચ્ચે ૧૫૦% કરતા વધુ વધ્યું છે. ખોરાકમાં વધુ પડતું મીઠું, ખાંડ, સેચ્યુરેટેડ ફેટ અને કેલરી ગંભીર સ્વાસ્થ્ય જોખમો પેદા કરે છે, તેથી ગ્રાહકો સાચા નિર્ણયો લઈ શકે તે માટે સ્પષ્ટ ન્યૂટ્રિશન માહિતી દર્શાવવી જરૂરી છે. હજી એક સમાચાર આવ્યા છે જેમાં ભારતમાં વેચાતી ફેંટા બીજા દેશો કરતા ત્રણ ગણી વધારે મીઠી છે. તો શું ભારતમાં વેચાતું જંક ફૂડ સેફ છે કે નહીં એ પ્રશ્ન થાય?

યુરોપ અને યુકે જેવા વિકસિત દેશોમાં ફૂડ સેફ્ટી અને હેલ્થના નિયમો અત્યંત કડક છે. ત્યાં સરકાર દ્વારા ખાંડ અને હાનિકારક તત્વોના વપરાશ

(અનુ. આઠમા પાને)



# ખાંડમાં ભાવની "કડવાશ" વધે તે પહેલાં ૩ લાખ ટન માલ બજારમાં "ઠાલવાશે"



## સરકારના નિર્ણયથી ૧૦ લાખ ટન કાચી ખાંડની આયાતને મંજૂરી, માત્ર ૧૦ દિવસમાં એક્સ-મિલ ભાવમાં ૨૦%નો ઘટાડો

### વ્યક્તિ દીઠ ખાંડનું 'બાંધણું' કરાયું

રક્ષાબંધનના તહેવાર પહેલા જ માંગમાં વધારો થતા અને સ્ટોકમાં ઘટાડો નોંધાતા ઓનલાઈન અને ઓફલાઈન રિટેલરોએ ગ્રાહકો માટે ખાંડની ખરીદી પર મર્યાદા લાદી છે. ડીમાર્ટ, રિલાયન્સ, બ્લિંકીટ, સ્વિગી, ઈન્સ્ટામાર્ટ અને ઝેપ્ટો જેવી કંપનીઓએ ગ્રાહક દીઠ વધુમાં વધુ ૨ થી ૩ કિલો અથવા યુનિટ ખાંડ ખરીદવાનો નિયમ બનાવ્યો છે. અછતને કારણે ખાંડની સરેરાશ છૂટક કિંમત એક મહિના પહેલાના ૪૮.૭ રૂપિયાથી ૨૯% વધીને ૬૩ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગઈ છે. ક્રિસિલના અંદાજ મુજબ, ૨૦૨૬ ની સિઝન માટે ખાંડનો ક્લોઝિંગ સ્ટોક ૩.૯ એમએમટી રહેવાની શક્યતા છે, જે પાછલા વર્ષ કરતા ૨૫% અને પાંચ વર્ષની સરેરાશ કરતા ૪૦% ઓછો છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા અને સંગ્રહખોરી અટકાવવા સરકારે સ્ટોક લિમિટ લાદી છે અને છેલ્લા એક દાયકામાં પ્રથમ વખત ૧૦ લાખ ટન કાચી ખાંડની આયાતને મંજૂરી આપી છે.

**અબતક, નવી દિલ્હી**

સ્થાનિક બજારમાં ખાંડની ઉપલબ્ધતા વધારવા અને ભાવ ઘટાડવાના હેતુથી અંદાજિત ૩ થી ૩.૫ લાખ ટન રિફાઈન્ડ ખાંડ ટૂંક સમયમાં બજારમાં આવવાની સંભાવના છે. ભારતીય સુગર રિફાઈનર્સ, જેઓ ડ્યૂટી-ફ્રી કાચી ખાંડની આયાત કરી પ્રોસેસિંગ બાદ તેની નિકાસ કરે છે, તેમને સરકારના તાજેતરના નિર્ણયથી આ છૂટ મળી છે. ગયા સપ્તાહે સરકારે ૧૦ લાખ ટન કાચી ખાંડની ડ્યૂટી-ફ્રી આયાતને મંજૂરી આપી હતી અને પ્રોસેસર્સને નિકાસ માટે રખાયેલી અમુક રિફાઈન્ડ ખાંડ સ્થાનિક બજારમાં વેચવાની પરવાનગી આપી છે.

ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓછામાં ઓછી ૩ લાખ ટન પ્રોસેસ્ડ ખાંડ ખૂબ જ ઝડપથી બજારમાં આવી શકે છે, જેનાથી સપ્લાયની કોઈ સમસ્યા રહેશે નહીં. આ દરમિયાન, છેલ્લા ૧૦ દિવસમાં ખાંડના એક્સ-મિલ ભાવમાં ૨૦%

(અનુ. આઠમા પાને)

# ગ્રીન એનર્જીમાં બેન્કિંગ ચાર્જ ૩૩ ટકા ઘટાડીને બુસ્ટર ડોઝ આપતી સરકાર

## ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનનો રાહતરૂપી નિર્ણયઃ ઉદ્યોગોને હવે પ્રતિ યુનિટ ૫૦ પૈસાની બચત થશે

**અબતક, ગાંધીનગર**

ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન દ્વારા ગ્રીન એનર્જી ઓપન એક્સેસ ગ્રાહકો માટે બેન્કિંગ ચાર્જમાં એક તૃતીયાંશ એટલે કે ૩૩% નો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડા સાથે, બેન્કિંગ ચાર્જ અગાઉના ૧.૫ રૂપિયાથી ઘટાડીને ૧ રૂપિયો પ્રતિ યુનિટ કરવામાં આવ્યો છે. આ નવો દર ૧ સપ્ટેમ્બરથી ૩૧ માર્ચ ૨૦૨૭ સુધી લાગુ રહેશે. ૧૯ ઓગસ્ટના રોજ જાહેર કરાયેલા ગુજરાત ગ્રીન એનર્જી ઓપન એક્સેસ રેગ્યુલેશન્સના છઠ્ઠા સુધારા હેઠળ આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ચાર્જ ઘટવાથી ગ્રાહકોને બેન્ક કરાયેલા રિન્યુએબલ એનર્જીના દરેક યુનિટ પર સીધી ૫૦ પૈસાની બચત થશે. ઉદાહરણ તરીકે, જો કોઈ ઔદ્યોગિક ગ્રાહક ૧ કરોડ યુનિટ પાવર બેન્ક કરે છે, તો તેને આ સમયગાળા દરમિયાન સીધી ૫૦ લાખ રૂપિયાની બચત થઈ શકે છે. બેન્કિંગ સિસ્ટમ ગ્રાહકોને એક સમયે ઉત્પન્ન થયેલી વધારાની રિન્યુએબલ એનર્જીને સ્ટોર કરવાની અને તેને પછીથી ઉપયોગમાં લેવાની મંજૂરી આપે છે, જે ખાસ કરીને ઉદ્યોગો માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે.

એસોચેમની રિન્યુએબલ એનર્જી કમિટીના ચેરપર્સન કુંજ શાહના જણાવ્યા અનુસાર, આ પગલાથી ખાસ કરીને એવા ઉદ્યોગોને ફાયદો થશે જેમની પાસે પોતાના કેપ્ટિવ પાવર પ્લાન્ટ નથી અથવા તો રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ નથી. સૌર ઊર્જા

(અનુ. આઠમા પાને)

# ઊંઝામાં બે માસથી બંધ ઈસબગુલના કારખાના ખેડૂતોને વાવણીથી દૂર કરશે?

## ૨૦થી ૨૫ જેટલા પ્રોસેસિંગ યુનિટ્સને તાળાં લાગ્યાઃ ગુજરાત અને રાજસ્થાન વચ્ચેના જીએસટી વિવાદથી ઈસબગુલ ઉદ્યોગને કરોડોનું નુકસાન, ખેડૂતો અને નિકાસકારો ચિંતામાં

**અબતક, ગાંધીનગર**

એશિયાના સૌથી મોટા ઊંઝા એપીએમસી માર્કેટમાં ઈસબગુલના વેપાર પર લાગેલો પ્રતિબંધ હવે બીજા મહિનામાં પ્રવેશી ચૂક્યો છે. ગુજરાત અને રાજસ્થાન વચ્ચે ચાલી રહેલા જીએસટી વિવાદને કારણે ૨૬ જુલાઈથી અહીં ટ્રેડિંગ સંપૂર્ણપણે બંધ છે. આ બંધની સીધી અસર ઉદ્યોગો પર પડી રહી છે, જેના કારણે અત્યાર સુધીમાં ૨૦ થી ૨૫ પ્રોસેસિંગ યુનિટ્સને તાળાં લાગી ગયા છે. ઊંઝામાં કુલ ૮૦ થી ૯૦ પ્રોસેસિંગ યુનિટ્સ આવેલા છે, અને જે એકમો હાલમાં ચાલુ છે તે તેમના જૂના સ્ટોક પર નિર્ભર છે. જો આ પરિસ્થિતિ વધુ ૧૫ દિવસ ચાલશે, તો મોટાભાગના એકમો પાસે પ્રોસેસિંગ માટે કોઈ જથ્થો બચશે નહીં.

ઈસબગુલની નિકાસ પર આ બંધની ગંભીર અસર જોવા મળી રહી છે. ઈસબગુલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રમુખ અશ્વિન નાયકના જણાવ્યા અનુસાર, ભારત અમેરિકા અને યુરોપમાં ઈસબગુલના ૯૦ ટકા ઉત્પાદનની નિકાસ કરે છે. આ વર્ષે ૩૨ લાખ બેગની માંગ સામે માત્ર ૨૫ લાખ બેગનું ઉત્પાદન થયું છે. તેમાં પણ પ્રોસેસર્સ દ્વારા માત્ર ૭૦ ટકા જ ખરીદી થઈ શકી છે. કાચો માલ ખૂટી રહ્યો હોવાથી પ્રોસેસર્સ મુશ્કેલીમાં મુકાયા છે અને નિકાસના કમિટમેન્ટ પૂરા કરવામાં સમસ્યા

(અનુ. આઠમા પાને)

"હવે ઈન્જેક્શનમાં પણ સોફ્ટવેર"

# દુનિયામાં પ્રથમવાર વ્યક્તિગત કેન્સરની વેક્સિન આવી!!

## દર્દીના ટ્યુમરના ડીએનએ મુજબ કસ્ટમ ઈન્જેક્શન તૈયાર થશેઃ કેન્સરને ફરી ફેલાતું અટકાવવામાં મોટી સફળતા"

**અબતક, રાજકોટ**

સામાન્ય રીતે દરેક દર્દી માટે દવાઓ એક સરખી બનાવવામાં આવે છે, પરંતુ હવે દરેક દર્દીના કેન્સરના પ્રકાર અને શરીરમાં રહેલા લક્ષણોના આધારે ખાસ દવાનું કોડિંગ કરીને કસ્ટમ ઈન્જેક્શન તૈયાર કરવાની નવી ટેકનોલોજી આવી ગઈ છે. જે રીતે સોફ્ટવેરમાં કોડિંગ વડે સૂચનાઓ આપવામાં આવે છે, તે જ રીતે દર્દીના કેન્સરના મૂળ લક્ષણો સમજીને બનાવાયેલી આ રસી શરીરની રોગપ્રતિકારક શક્તિને કેન્સરના કોષો શોધીને તેમનો નાશ કરવાનો આદેશ આપે છે. આ પદ્ધતિ કેન્સરની સારવાર ક્ષેત્રે મોટો બદલાવ લાવવા જઈ રહી છે. મેડિકલ વિજ્ઞાનના ઈતિહાસમાં પ્રથમ વખત કેન્સરની આ ખાસ રસીના આખરી તબક્કાના પ્રયોગો સફળ રહ્યા છે. બે મોટી ફાર્મા કંપનીઓ મોડર્ના અને મર્ક દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરાયેલી આ રસી અને ઈમ્યુનોથેરાપી દવાના મિશ્રણે ત્વચાના ગંભીર કેન્સરથી પીડાતા એક હજારથી વધુ દર્દીઓ પર હાથ ધરાયેલા પ્રયોગોમાં મોટી સફળતા મેળવી છે.

આ સંશોધનની જરૂરિયાત એટલા માટે પડી કારણ કે ત્વચાના કેન્સરમાં ઓપરેશન કરીને ગાંઠ દૂર કર્યા પછી પણ શરીરમાં કેન્સરના અતિ સૂક્ષ્મ કણો રહી જવાનો ભય રહે છે, જે રોગને પાછો લાવી શકે છે. જો હોસ્પિટલમાં એક જ પ્રકારના કેન્સરના બે દર્દીઓ હોય, તો પણ આ નવી પદ્ધતિ મુજબ બંને દર્દીઓ માટે એક સરખી દવા બનશે નહીં. બંને દર્દીઓના ટ્યુમરના નમૂના તપાસીને દરેક માટે અલગથી ડોઝ તૈયાર કરાશે.



આ રસી કામ કેવી રીતે કરે છે તે સમજવું ખૂબ રસપ્રદ છે. કેન્સરના કોષોમાં ફેરફાર થવાથી અમુક અલગ જ પ્રોટીન બને છે. કમ્પ્યુટર સાધનોની મદદથી ટ્યુમર અને સામાન્ય કોષોની સરખામણી કરીને ચોક્કસ કણો પસંદ કરવામાં આવે છે. આ રસી શરીરના રોગપ્રતિકારક કોષો માટે કેન્સરની ઓળખ કરાવતું એક ચોક્કસ "વોન્ટેડ પોસ્ટર" તૈયાર કરે છે, જેનાથી શરીરના રક્ષક કોષો કેન્સરના કણોને ઓળખીને તેનો નાશ કરી શકે. આ પ્રક્રિયામાં બીજી દવા રોગપ્રતિકારક શક્તિ પર લાગતી જૈવિક રોકને હટાવવાનું કામ કરે છે, જેથી શરીરના કોષો વધુ તાકાતથી હુમલો કરી શકે.

પ્રયોગોના પરિણામો દર્શાવે છે કે આ સારવાર મેળવનાર દર્દીઓમાં કેન્સર પાછું આવવાનું અને શરીરના અન્ય ભાગોમાં ફેલાવાનું અટકી શક્યું છે. કોરોનાની રસીની જેમ જ આ ટેકનોલોજીનો ઉપયોગ થયો હોવા છતાં, કેન્સરના કિસ્સામાં આ

(અનુ. આઠમા પાને)

સંબંધ કે સબ્સ્ક્રિપ્શન ? રિચાર્જ ખતમ તો પ્રેમ પણ ખતમ

# પ્રેમમાં વફાદારી નહીં, 'ઓનલાઈન' દેખાવું જરૂરી : લવ સ્ટોરી કરતાં ચેટ હિસ્ટ્રી લાંબી !

## આજની ૨૧મી સદીમાં યુવા વર્ગમાં ગર્લફ્રેન્ડ રાખવાનો ક્રેઝ વધ્યો છેઃ વિકસતા યુગમાં તરુણાવસ્થાથી જ બંધાતા આવા સંબંધો મુખ્યત્વે વિજાતીય આકર્ષણથી જ જન્મે છેઃ આજે બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ જેવા સંબંધોમાં ઘણું ખોટું પણ થઈ રહ્યું છે

આજના યુવા વર્ગમાં બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ રાખવાનો ક્રેઝ વધવા પાછળ અનેક કારણો છે, સોશિયલ મીડિયા, ફિલ્મો અને વેબ સિરીઝમાં પ્રેમ સંબંધોનું આકર્ષક ચિત્રણ, પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ, વધુ સ્વતંત્રતા અને એકલતામાં ભાવનાત્મક સહારો શોધવાની વૃત્તિ. આ ઉંમરે દરેકને સમજનાર, સાંભળનાર કોઈ ખાસ વ્યક્તિ જોઈએ છે, એવું લાગવું સ્વાભાવિક છે. ૧૮૬૩માં પ્રથમવાર ગર્લફ્રેન્ડ શબ્દ ચલણમાં આવ્યો હતો, ૧૯૨૦માં તે એક રોમેન્ટિક શબ્દ તરીકે ઉભરી આવ્યો હતો. પ્રારંભે આવા સંબંધો શ્રીમંત ઘરાનામાં જ જોવા મળતા હતા. આજના સોશિયલ મીડીયામાં બધુ આંગળીના ટેરવે મળી જતું હોવાથી આવા સંબંધો બહુ સહેલાયથી બને અને તૂટી પણ જાય છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આવા સંબંધોના ફાયદા એ છે કે યોગ્ય વ્યક્તિ મળે તો ભાવનાત્મક ટેકો મળે છે, આત્મવિશ્વાસ વધે છે, એકબીજાને સમજવાની, જવાબદારી લેવાની અને સંબંધ નિભાવવાની કળા શીખવા મળે છે. પણ જો સમજણ વગર માત્ર દેખાદેખી કે ટ્રેન્ડ માટે સંબંધ બાંધવામાં આવે તો ગેરફાયદા વધુ છે, અભ્યાસ અને કરિયરમાં ધ્યાન ઘટે છે, નાની વાતમાં માનસિક તણાવ, ઈર્ષ્યા, સમય અને પૈસાનો બગાડ થાય છે, પરિવાર સાથે સંઘર્ષ વધે છે અને બ્રેકઅપ થાય તો ડિપ્રેશન કે ખોટા નિર્ણયોનું જોખમ રહે છે. એટલે સંબંધ સ્ટેટસ માટે નહિ, પણ પરિપક્વતા, સન્માન અને સીમારેખા સાથે બાંધવામાં આવે તો જ તે જીવનને ઘડે છે, નહિતર તોડે છે. પહેલા મિત્રતામાં પ્રેમ-હુંક અને લાગણી સાથે એકબીજાના વિચારો-સમજનું વિશેષ મહત્વ હતું.

માનવ તેના જીવનનાં જન્મ અને મરણ વચ્ચે વિવિધ સંબંધોમાં જોડાય છે. પ્રાચિનકાળ કે ગુફાવાસીઓ પણ સંબંધો કે જુથોમાં જોડાયેલો હતો. પારિવારિક કે બ્લડ રીલેશનના સંબંધો ઉપરાંત માનવ મિત્રતા પણ બાંધે છે. સાચી મિત્રતા ઘણા વર્ષો ટકી રહેતી હતી. આજના યુગમાં આવા સંબંધો જોવા મળતા નથી. સંબંધમાં છોકરી મિત્ર વિશેના શુધ્ધ વિચારોની અર્થસભર જાગૃત્તિની વાત છે. આજના યુગમાં આ શબ્દ સાથે રોમેન્ટિક પાર્ટનર જોડાય ગયો અને ઘણા દુષણો ઘર કરી ગયા છે. યુવા વર્ગમાં આ બાબતે ઘણા ખોટા અર્થઘટન થઈ રહ્યા છે. બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ જેવા રૂપાળા શબ્દોથી બંધાતા સંબંધોએ સામાજીક વ્યવસ્થા ખોરવી નાખી છે.

આજના યુગમમાં પણ બાળપણથી ચાલી આવતા સંબંધો જૈફ વયે પણ અકબંધ જોવા મળે છે. ફ્રેન્ડનો અર્થ જ મિત્ર થાય અને મિત્રતા થકી જ માનવીને કે મિત્રને ખુશી-આનંદ અને સહયોગ મળતો હોય છે. ગુજરાતી-હિન્દીને બાદ કરતા વિદેશી કલ્ચર અને અંગ્રેજીના પ્રભુત્વને કારણે આપણાં ઘણા શબ્દોનો અર્થ જ બદલાય ગયો છે.

ગર્લફ્રેન્ડ્સ નામની ફિલ્મ પણ બની હતી. સખા, ભાઈબંધ, મિત્ર, દોસ્તાર આ વિવિધ શબ્દો અર્થ એટલે ફ્રેન્ડ્સ તે પછી છોકરો હોય કે મિત્રતા જ કહેવાય. મિત્રનો અર્થ સુખ-દુઃખમાં સાથ નિભાવે તે મિત્ર એટલે પરસ્પર સ્નેહનું બંધન, તેનો અર્થ જાતીય સંબંધ નથી.

ભાઈબંધીમાં પણ જેન્ડર બાયસ હતું. વર્ગખંડમાં છોકરા-છોકરીને અલગ બેસતા, તો ખાલી કન્યાઓ માટેની પણ શાળા હતી. આજના યુગમાં કે પહેલા ના બધાને મિત્રની જરૂર પડે છે, જેમાં ગરીબ કે શ્રીમંતની ભેદરેખા ન હોવી જોઈએ. છેલ્લા બે-ત્રણ દશકાથી બોયફ્રેન્ડ અને ગર્લફ્રેન્ડ શબ્દને કંઈક જુદી રીતે જોવામાં આવે છે. આજે કોલેજ લાઈફમાં કે મિત્ર સર્કલમાં ગર્લફ્રેન્ડ રાખવાનો ક્રેઝ વધ્યો છે.


છોકરાની સાથે છોકરીનો પણ એટલો જ વાંક જોવા મળે છે. આજે તો નાઈટ આઉટ યુવા ગુપો સાથે છોકરીઓ મોડી રાત સુધી જતી હોય, તો શું એના મા-ભાપને ખબર ન હોય. મિત્રતાનો લાભ લઈને આજનો તૈયાર છોકરો-છોકરીને ફસાવી પણ દે છે. આજનો યુવા વર્ગ તેની સમજ અને વિચારોથી ચાલતા હોવાથી ઘણીવાર મુશ્કેલીમાં ફસાઈ જાય છે.

આજે ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડના ઓઠા તળે ઘણું ખરાબ થઈ રહ્યું છે. આપણામાં સમજ આવે કે સીધા શેરી મિત્રો પ્રથમ બને છે. જેમાં છોકરો-છોકરી કોમન હોય છે. આ યાત્રા શાળા-કોલેજ અને કામના સ્થળે પણ ચાલુ રહે છે. નાની વયે બહુ ખબર ના પડતી પણ કોલેજના આવા સંબંધોના ઘણા વરવારૂપ પણ જોવા મળ્યા છે. જેમાં ટીવી-ફિલ્મો કે મિત્ર પાસેથી શીખીને આવા સંબંધો બાંધવા સૌ પ્રેરાય છે. સંબંધોમાં સૌથી વધુ નુકશાન 'ગર્લફ્રેન્ડ'ને થતું હોય છે. બાકી પુરૂષપ્રધાન દેશમાં 'છોકરો છટકી જાય છે. આજે પણ પરિવારની આબરૂ હોવાથી ઘણીવાર આવા સંબંધોના ખરાબ પરિણામો જોવા મળતા પરિવાર મુશ્કેલીમાં મુકાઈ જાય છે.

તરુણાવસ્થા કે મુગ્ધાવસ્થામાં આકર્ષણને કારણે સંબંધો બાંધવા છોકરો કે છોકરી એકબીજા પ્રત્યે આકર્ષાય છે. રૂપકડા નામથી બંધાતા સંબંધોમાં એકબીજા એટલા બધા આગળ વધી જતા હોય છે કે મુશ્કેલી સર્જે છે. પહેલા તો આ સંબંધોની ચર્ચા આખા ગામમાં થતી હતી, આજે લોકો ખુલ્લેઆમ સંબંધો બાંધી રહ્યા છે. એકબીજા પ્રત્યે કૃતજ્ઞતા કરવા આવા દિવસના સેલિબ્રેશન યોજાતા હોય છે, પણ આ બહાના હેઠળ પણ નવા સંબંધો આજે વ્યવહારો, લગ્નેત્તર સંબંધો, સ્ત્રી-સ્ત્રીના સંબંધો, પુરૂષ-પુરૂષના સંબંધો એટલી હદે વધી ગયા છે કે લોકો તેને સ્વીકારવા લાગ્યા છે. સંબંધોમાં આંધળો વિશ્વાસ જ અધઃપતન નોતરે છે. આપણાં જીવનમાં ખાસ મહિલાઓ હોય તેને સન્માનિત કરવી જોઈએ.

આજે તો સોશિયલ મીડીયાના યુગમાં એક મીસકોલ પણ ગર્લફ્રેન્ડ બનાવી દે છે. છોકરો-છોકરી એકબીજા પ્રત્યે પ્રેમ અને પ્રશંસાની વ્યક્તિગત અભિવ્યક્તિ કરે છે. આજે એક છોકરાને ચાર-પાંચ ગલફ્રેન્ડ હોય તો તેની સામે છોકરીને પણ ચાર-પાંચ બોયફ્રેન્ડ હોય છે.

દરેકના જીવનમાં સમયાંતરે ફ્રેન્ડ્સ જોડાતા જ હોય છે. આવા સંબંધોમાં સ્વાર્થ આવવાથી સંબંધો તૂટે છે. ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડને એક વિશ્વાસ આપવાનો છે કે હું હમેંશા તારો સાથ નિભાવીશ. ગર્લફ્રેન્ડ ઘણીવાર છોડીને જતી રહે ત્યારે યુવકમાં ડીપ્રેશન પણ આવી જાય છે. જેની સામે છોકરીઓમાં પણ આવુ થતું હોય છે. આવા સંબંધોને નાત-જાત કે કોઈ વાડા નડતા જ નથી. બોયફ્રેન્ડ હોય કે ગર્લફ્રેન્ડ તેના સાથે આનંદ, ખુશી અને પ્રેમ લાવે છે. આજે પણ ઘણા લોકો તેની ગર્લફ્રેન્ડને બિનશરતી પ્રેમ કરે છે.




### ગર્લફ્રેન્ડ-બોયફ્રેન્ડ : પ્રેમ કે ઓનલાઈન ડ્યુટી ?

આજના યુગમાં ગર્લફ્રેન્ડ-બોયફ્રેન્ડનો સંબંધ યુવાનોના જીવનનો જાણીતો ટ્રેન્ડ બની ગયો છે. મોબાઈલ, સોશિયલ મીડિયા અને મેસેજિંગ એપ્સે સંબંધો બનાવવાનું અને જાળવવાનું સરળ બનાવ્યું છે. સંશોધનો દર્શાવે છે કે ડિજિટલ માધ્યમો સંબંધમાં જોડાણ અને ભાવનાત્મક નજીકપણું વધારી શકે છે, પરંતુ સાથે ઈર્ષ્યા અને અસુરક્ષાની લાગણી પણ ઊભી કરી શકે છે, અર્થાત પ્રેમમાં સીન થયું કે નહીં એ પણ ક્યારેક પરીક્ષાનું પરિણામ બની જાય છે. આ ટ્રેન્ડનો સૌથી મોટો ગેરફાયદો ત્યારે થાય છે, જ્યારે સંબંધમાં વિશ્વાસની જગ્યાએ સતત ચેકિંગ, લોકેશન પૂછવું, પાસવર્ડ માંગવો, દરેક લાઈકનો અર્થ કાઢવો અને જવાબ મોડો આવે તો શંકા કરવી શરૂ થાય છે. અભ્યાસોમાં પણ સોશિયલ મીડિયા દ્વારા પાર્ટનરની દેખરેખ, ગોપનીયતામાં દખલ અને ઈર્ષ્યા જેવા વર્તનની નોંધ મળી છે; ભારતમાં કિશોરો અંગેના એક અભ્યાસે પણ ઓનલાઈન ડેટિંગ સાથે સાયબર હેરાનગતિ, ભાવનાત્મક શોષણ અને અન્ય જોખમો અંગે ચેતવણી આપી છે.

**૧૮૬૩માં પ્રથમવાર ગર્લફ્રેન્ડ શબ્દ ચલણમાં આવ્યોઃ ૧૯૨૦માં તે એક રોમેન્ટિક શબ્દ તરીકે ઉભરી આવ્યોઃ પહેલા આ શબ્દ માત્ર બચપણના મિત્ર તરીકે ગણાતો હતોઃ પ્રારંભે આવા સંબંધો શ્રીમંત ઘરાનામાં જ જોવા મળતા હતા**

# ભાઈ-બહેનના અખૂટ પ્રેમનું પ્રતીક રાખડીઃ જીવનની વણખેડી સફરનો સાથી એટલે ભાઈ

ભાઈ બહેન નો પ્રેમ એ દુનિયાના બધા જ સંબંધોમાં સૌથી પવિત્ર નિસ્વાર્થ અને અતૂટ સબંધ ગણાય છે. આ માત્ર લોહીનો જ સંબંધ નથી પણ તેને સ્નેહ,વિશ્વાસ, અને રક્ષણ, એક વચન નું અદભુત બંધન છે. ભાઈ બહેન ના અદભુત અને અતૂટ પ્રેમ જે અનેરો ગણાય છે ભાઈ બહેનનો અદભુત પ્રેમમાં એક નિર્દોષતા છુપાયેલ હોય છે. આ સંબંધમાં બાળપણથી જ ખૂબ જ પ્રેમ મજબૂત હોય છે. નાની મોટી વાતમાં ખૂબ જ ઝગડવું, રમકડા કે ખાવાની વસ્તુઓ માટે ખેંચતાણ કરવી, એકબીજાની વાતની ચુગલી માતા પિતાને કરવી, ખૂબ જ બાજી બોલી પછી થોડી મિનિટોમાં એકબીજા પ્રત્યે પ્રેમ બતાવવો, અને એક થઈ જવું. આ સંબંધની જ સાચી સમજ છે. અને મજા છે. આવી બધી નાની મોટી અટકશાળામાં જીવીને આગળ જતા આજીવનનું એક સંભારણું બની રહે છે.ભાઈ બહેનના આ સંબંધને સુખ-દુઃખનો સાથી પણ કહે છે. આ યુગમાં ભાઈ ભાઈનું નથી એ પણ જોવા મળે છે. લોહીનો સંબંધ સમયસર કામમાં આવતો પણ નથી. અને દુઃખના સમયે એકલા રહેવાનો વારો પણ આવે છે. ઘણી ખરી વાર દુઃખના સમયે ઢાલ બનવાની જગ્યાએ એકબીજાને બોલાવતા પણ અચકાતા હોય છે ઘણી ખરી વાર પ્રેમને વિશ્વાસનો આ અમર સંબંધ એકબીજાના દુશ્મનો બનીને ઊભા રહેતા હોય છે. આ અતૂટ સબંધ ને સ્નેહ એકબીજાના થતા નથી એ પણ જોવામાં આવે છે. આ ભાઈ બહેનના અનંત પ્રેમ અને અવિચળ વિશ્વાસ ને ઘણીવાર ડૂબતા પણ જોવા મળે છે. લોહીનો સંબંધ કહીએ એ રદય નો સંબંધ આ સંબંધને ઘણીવાર બોજ બનતો હોય એવું પણ જણાતુ હોય છે. ઘણા કુટુંબમાં ભાઈ બહેનના પ્રેમને આજીવન રક્ષણની ઢાલ સમાન ગણી અને નિભાવવામાં આવે છે. જ્યાં ખૂબ ઝઘડો હોય એ સંબંધમાં પણ પ્રેમ અનોખો હોય છે. એકબીજાને પ્રેમ દર્શાવતા ન હોય પણ ભાઈ ને તકલીફ થાય ત્યારે બહેનને વધુ તકલીફો થતી જોવા મળે છે. ઘણીવાર ભાઈ ખૂબ દૂર હોય અને તે પોતાની બહેન પાસે ઘણા ખરા સારા પ્રસંગોમાં ન પહોંચી શકતો હોય તો તેનો જીવ તો ભાઈનો બહેન પાસે જ હોય છે. ખૂબ અંતર હોવા છતાં પણ મન એક હોય છે. એ પ્રેમ ભાઈ બહેન માં જ જોવા મળે છે. આ પ્રેમ સંબંધને કોઈ તોડી જ ના શકે એવો પવિત્ર સંબંધ છે. ઘણી બધી વાર બહેનની પ્રાર્થનાથી ભાઈનું રક્ષણ થતું પણ જોવા મળ્યું છે. આ એ પ્રેમનું પ્રતીક છે કે ભગવાન ખુદ આ પ્રેમને સાથ આપે છે. આપ ભાઈ બહેન નો પવિત્ર સંબંધને નિસ્વાર્થથાતી પણ જોવા મળે છે. જેમાં ભાઈ પાસે ખુબ જ સંપત્તિ હોવા છતાં બહેનની કોઈ માંગણી ના હોય, અને બહેન ખૂબ સધરતાથી જીવન જીવતી હોય તો ભાઈને વાતનું કોઈ દુઃખ હોતું નથી એને આ પ્રેમને એક સમર્પણનું પ્રતીક પણ કહે છે. જેમાં જરૂર પડે ત્યારે ભાઈ બહેન એકબીજાને સંભાળી લે છે.

**ડો. બી.આર.વાઘેલા**
**પ્રમુખ**
**શ્રી શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ - રાજકોટ**

ઘણા ખર્ચાઓ ભાઈને બહેન માટે ખૂબ કરવાના આવતા હોય છે. કે બહેનના નાના મોટા શોખ ને પૂરા કરવા માટે ભાઈ તત્પર હોય છે. ત્યારે બહેનને પાછળ ખૂબ પૈસા વાપરનાર ભાઈને પોતાની બહેન બોજ લાગતી નથી. તે એકબીજાની સાચી તાકાત બનીને ઊભા રહેતા હોય છે. આ સંબંધને એક સાચા સથવારા ની જરૂર હોય તો એ ભાઈ બહેન એકબીજાને સાચો સાથ આપી અને એ સથવારા ને પૂરો કરે છે.ઘણી દીકરીઓને પોતાના માતા પિતા હોતા નથી ત્યારે તેના ભાઈ અને ભાભી તેના માતા-પિતા બનીને ઊભા રહે છે અને માતા પિતા છે એવો પ્રેમ આપે છે. બહેનનું મમતાડું સ્વરૂપ એ ભાઈ માટે ખૂબ જ જીવનનું અગત્યનું પાસુ ગણાય છે. જ્યારે માતા ન હોય ત્યારે ભાઈ માટે બહેન એક માતા બની ને ઊભી રહે છે. ભાઈ ની કાળજી લેવી એ બહેનની ફરજ માં ગણાય છે. તેની નાની મોટી જરૂરિયાતોને ધ્યાનમાં રાખવી એ ફરજ મા આવે છે બહેનનું રક્ષણ એ ભાઈનો હક છે એવી જ રીતે બહેનની ખુશી માટે ભાઈ હંમેશા તત્પર રહે છે. આપણી આ ભારતીય સંસ્કૃતિમાં ભાઈ બહેનના સંબંધની ગરિમા ને ઉજવવા માટે રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે. અને ભાઈબીજ પણ ઉજવાય છે. આ તહેવારમાં દોરા ના તાતણાને રક્ષા સુત્ર કહેવાય છે આ તાતણાને ખાલી તાતણા નથી પણ આમાં ખૂબ જ પવિત્ર સંબંધ છુપાયેલો હોય છે જેનાથી આજીવન પ્રેમ બંધન સચવાઈ રહે છે, ભાઈનો આદર અને સન્માન એ બહેનનું ઘરેણું છે આ સન્માન માટે બહેન હંમેશા ચિંતા હોય છે. ભાઈ નાનો હોય કે મોટો પણ બહેન પ્રત્યે હંમેશા સમર્પણની ભાવના દાખવતો જોવા મળે છે. વર્ષો વીતી જાય છે પણ ભાઈ બહેનના પ્રેમને કોઈ ઓટ આવતી નથી બહેન સાસરે જાય ત્યારે સ્થાનિક અંતર વધે છે પણ મનનું અંતર વધતું નથી. એને જ સાચો ભાઈ બેનનો પ્રેમ કહેવાય છે. આ ભાઈ બહેનના પ્રેમમાં ઉજવળ ભવિષ્યને ધ્યાનમાં રાખી આશીર્વાદ અપાતા પણ જોવા મળે છે. આમ ખૂબ જ આ પ્રેમમાં નિસ્વાર્થ પ્રેમ, આદર, સમર્પણ, સતત ચિંતા, સન્માન, વગેરે જોવા મળે છે.

# શહેરીજનોને રક્ષાબંધન પર્વની શુભેચ્છા પાઠવતા ભાજપ પ્રમુખ

**અબતક, રાજકોટ**

શહેરીજનોનુ રક્ષાબંધન-બળેવના પાવન પર્વની શુભેચ્છા પાઠવતા શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાએ જણાવેલ કે રક્ષાબંધન એ ભાઈ બહેનના પવિત્ર સ્નેહનું અનેરૂ પર્વ છે. શ્રાવણમાસની પૂનમે આવતા રક્ષાબંધનના પર્વે બહેન ભાઈને તિલક કરે છે અને મોં મીઠુ કરાવી રાખડી બાંધે છે. ભાઈ બહેનને ભેટ આપે છે. રક્ષાબંધનના દિવસે



ભુદેવો જનોઈ બદલે છે. માછીમારો આ દિવસે નાળીયેર વડે દરિયાની પુજા કરે છે એટલે આ દિવસ નાળીયેરી પુનમ તરીકે પણ જાણીતો તહેવાર છે. મનુષ્ય જન્મે છે ત્યારથી તેને કોઈને કોઈ પ્રકારનો ભય રહેતો જ હોય છે અને જ્યાં ભય હોય ત્યાં રક્ષા સ્વયંભુ પ્રગટ થતી હોય છે.

સામાન્ય દ્રષ્ટિથી સારા વિશ્વને નિહાળી રહેલા બે નેત્રો ઉપરાંત, ભોગને ભુલીને ભાવ દ્રષ્ટિથી વિશ્વને નિહાળવા માટે જાણે કે એક ત્રીજુ નેત્ર અર્પણ કરીને બહેને પોતાના ભાઈને ત્રિલોચન બનાવ્યો છે. આવો શુભ સંકેત આ ક્રિયામાં દ્રષ્ટિગોચર થાય છે. રક્ષાના પ્રત્યેક તંતુમાં ભાઈ-બહેનના હૃદયનો નિવ્ર્યાજ અને નિતાંત સ્નેહ નિતરતો હોય છે. ભાઈના હાથે રાખડી બાંધીને બહેન માત્ર પોતાનું જ રક્ષણ ઈચ્છે છે એટલું જ નહી પરંતુ સમસ્ત સ્ત્રી સમાજને પોતાના ભાઈનું રક્ષણ મળે એવી ભવ્ય ભાવના અને અપેક્ષા રાખે છે. એમ અંતમાં શહેરીજનોને રક્ષાબંધનના પાવન પર્વની શુભેચ્છા પાઠવતા શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતુ.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૭-૦૮-૨૦૨૬ ગુરુવાર**

- ૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
- ૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
- ૦૩:૦૦ થી ૦૩:૨૦ રસથાળ (વેનીલા હની પેન કેક)
- ૦૩:૨૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો ક્યારે
- ૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ધવલ મકવાણા)
- ૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
- ૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
- ૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૯-૦૮-૨૦૨૬ શુક્રવાર**

- ૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૮-૮-૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** શ્રાવણ શુદ પુનમ રક્ષાબંધન
**નક્ષત્ર** શતભિષા
**યોગ** અતિગંડ **કરણઃ** બાલવ
**સુર્યોદય** ૬.૩૦ **સુર્યાસ્તઃ** ૭.૦૭
**ચંદ્ર રાશી** કુંભ
**રાશિ અક્ષર** ગ.શ.સ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા**
ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા**
રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૪ થી ૧.૧૪

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | ૩ | | | ૧ | |
| | ૫ | | | | | | | |
| ૧ | ૨ | | ૭ | | | | | ૮ |
| | ૯ | | | ૨ | | | | |
| ૮ | ૩ | | | | | ૬ | | |
| | | ૨ | | | ૯ | | ૩ | |
| ૨ | | | | ૮ | ૩ | | | ૯ |
| | ૪ | | ૯ | ૭ | | | | |
| | | | | ૧ | ૬ | ૭ | ૪ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૩ | ૯ | ૬ | ૭ | ૮ | ૨ | ૫ |
| ૨ | ૯ | ૮ | ૫ | ૧ | ૩ | ૪ | ૭ | ૬ |
| ૫ | ૬ | ૭ | ૪ | ૨ | ૮ | ૯ | ૧ | ૩ |
| ૧ | ૩ | ૪ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ | ૨ |
| ૬ | ૮ | ૨ | ૧ | ૩ | ૪ | ૫ | ૯ | ૭ |
| ૯ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ | ૧ | ૩ | ૪ |
| ૮ | ૫ | ૬ | ૩ | ૭ | ૧ | ૨ | ૪ | ૯ |
| ૩ | ૨ | ૧ | ૬ | ૪ | ૯ | ૭ | ૫ | ૮ |
| ૭ | ૪ | ૯ | ૮ | ૫ | ૨ | ૩ | ૬ | ૧ |

## આવતીકાલનું રાશિફળ

**તા ૨૮.૮.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, શ્રાવણ સુદ પૂનમ, શતતારા નક્ષત્ર, અતિ. યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કુંભ (ગ,સ,શ) રહેશે.**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** મનમાં અન્ય પ્રત્યે અભાવ આવી શકે છે પરંતુ નકારાત્મક વિચારો ટાળવા સલાહ છે,દિવસ મધ્યમ રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** ઉતાવળે કાર્ય નહિ કરી શકો ધીમી પ્રગતિ જોવા મળે,કામકાજમાં સફળતા મળે.

**મિથુન (ક,છ,ઘ) :** સંઘર્ષ પછી સફળતા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે શુભ,પ્રગતિકારક દિવસ.

**કર્ક (ડ,હ) :** તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકશો, પોઝિટિવ વિચારોથી આગળ વધશો તો અવશ્ય કાર્યસિદ્ધિ મળશે.

**સિંહ (મ,ટ) :** અટવાયેલા કાર્ય પૂર્ણ થાય, કોર્ટ કચેરીમાં સારું રહે, ઘણા સમય થી રાહ જોઈ રહ્યા હોય તેવી બાબતો સામે આવે.

**કન્યા (પ,ઠ,ણ) :** લાગણીના સંબંધોમાં સારી અનુભૂતિ થાય ,અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**તુલા (ર,ત) :** સવાર બાજુ દોડધામ રહે,સાંજ ખુશનુમા વીતે,ઈચ્છીત પરિણામ મેળવી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પ્રાપ્ત થાય, વિદેશ જવા માંગતા મિત્રોને પણ વાત આગળ વધે!.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** આધ્યાત્મિક ચિંતન થાય,મનોમંથન કરી શકો, સત્સંગથી સંશયો દૂર થાય , શુભ દિન.

**મકર (ખ,જ) :** વિલંબ થી પણ તમને કાર્ય માં સફળતા મળે,અંતરાય દૂર થાય,જીવનમાં નવો પ્રકાશ ફેલાતો લાગે .

**કુંભ (ગ,સ,શ) :** તમે તમારી જાત સાથે રહી શકો,શોખ અને આનંદની બાબતો કરી શકો, મનોમંથન કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** સવાર બાજુ થોડી કામગીરી રહે, તમારી પ્રગતિના દરવાજા ખુલતા જણાય,અંતરાયો દૂર થાય.

# સફાઈ કર્મચારીઓના આંગણે તહેવારોની ઉજાશઃ રાખડી બાંધી મીઠાઈનું વિતરણ

## રામરાચિત ફાઉન્ડેશન, કોર્પોરેશન અને હરિવંદના કોલેજ દ્વારા 'સેવા સંગાથ' કાર્યક્રમ યોજાયોઃ મેયર ડો.નેહલ શુક્લ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરને સ્વચ્છ અને સુંદર રાખવામાં દિવસ-રાત મહેનત કરતા સફાઈ કર્મચારીઓની નિષ્ઠા અને સેવાને બિરદાવવા માટે એક વિશેષ અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રામરાચિત ફાઉન્ડેશન, રાજકોટ મહાનગરપાલિકા અને હરિવંદના કોલેજના સંયુક્ત ઉપક્રમે 'સેવા સંગાથ' કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં અંદાજે ૮૦૦ જેટલા સફાઈ કર્મચારીઓને રાખડી બાંધીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું અને સાથે જ મીઠાઈનું વિતરણ કરીને તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ દરમિયાન મેયર નેહલભાઈ શુક્લ સહિતના અનેક રાજકીય તથા સામાજિક આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ સફાઈ મિત્રોના યોગદાનની સરાહના કરતાં જણાવ્યું હતું કે શહેરની આરોગ્યપ્રદ સ્થિતિ અને સુંદરતા પાછળ આ કર્મચારીઓનો સિંહફાળો રહેલો છે.

અબતક સાથેની ખાસ વાતચીત દરમિયાન મેયર નેહલભાઈ શુક્લાએ જણાવ્યું હતું કે, આજે હરિવંદના કોલેજ, રામરાચિત ફાઉન્ડેશન અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે એક અનોખા અને સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્ષાબંધનના આગલા દિવસે કોલેજની વિદ્યાર્થીનીઓએ રાજકોટના સફાઈવીરોને પોતાના હાથે બનાવેલી રાખડીઓ બાંધી હતી. આ તકે દરેક સફાઈકર્મી ભાઈ-બહેનોને મીઠાઈનું એક-એક બોક્સ પણ ભેટ આપવામાં આવ્યું હતું. સમાજ પ્રત્યેની આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરતા આ નવતર પ્રયોગ બદલ હું આયોજકો અને વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક બિરદાવું છું.



તસવીરઃ અભિષેક આસીયાણી



### 'લોકભવન' ખાતે રક્ષાબંધન પર્વની ભાવસભર ઉજવણી સંપન્ન

# બહેન-દીકરીઓએ મુખ્યમંત્રીને રક્ષાસૂત્ર બાંધી દીર્ઘાયુની પ્રાર્થના કરી

## ભૂપેન્દ્ર પટેલએ રાજ્યની તમામ નારીશક્તિના સર્વાંગી વિકાસ અને સુરક્ષા માટેની કટિબદ્ધતા કરી વ્યક્ત



**અબતક, રાજકોટ**

પવિત્ર રક્ષાબંધનના પર્વ નિમિત્તે આજે ગાંધીનગર સ્થિત 'લોકભવન' ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સ્નેહ અને સુરક્ષાના પ્રતીક સમાન રક્ષાબંધન કાર્યક્રમ અત્યંત ઉત્સાહપૂર્ણ અને ભાવસભર વાતાવરણમાં યોજાયો હતો. રાજ્યભરમાંથી આવેલી વિવિધ સામાજિક સંસ્થાઓ, સેવાભાવી સંગઠનો, બ્રહ્માકુમારીઝ અને દિવ્યાંગ બહેનોએ આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રાખડી બાંધીને તેમના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુની મંગલકામના કરી હતી.


મુખ્યમંત્રીએ રાખડી બાંધવા આવેલી તમામ બહેનોનું આત્મીયતાપૂર્વક સ્વાગત કરી તેમની શુભેચ્છાઓ સ્વહર્ષ સ્વીકારી હતી.

કાર્યક્રમ દરમિયાન શિક્ષણ રાજ્ય મંત્રી રિવાબા જાડેજા, મેયર મીરાબેન પટેલ, ધારાસભ્ય રીટાબેન પટેલ, નિમિષાબેન સુથાર, પાયલબેન કુકરાણી, ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ વર્ષાબેન દોશી, પ્રદેશ ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ અંજુબેન વેકરીયા સહિત ઉપસ્થિત મહાનુભાવો, વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ તેમજ અધિકારીઓની હાજરીમાં સમગ્ર વાતાવરણ સ્નેહ અને બંધુતાના રંગે રંગાયું હતું.

# રક્ષાબંધન નિમિત્તે પૂજારા ટેલિકોમના ગોંડલ રોડ સ્ટોરનું ભવ્ય રિ-લોન્ચિંગ

## કાલથી ૪ દિવસ માટે ધમાકેદાર 'લૂંટ લો સેલ'





**અબતક, રાજકોટ**

પૂજારા ટેલિકોમના ગોંડલ રોડ બ્રાન્ચનું ભવ્ય રિ-લોન્ચિંગ કરવામાં આવી રહ્યું છે. રક્ષાબંધનના દિવસે તા. ૨૮ ઓગસ્ટથી સતત ચાર દિવસ સુધી ગ્રાહકો માટે વિશેષ લોન્ચિંગ ઓફરનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષોથી કાર્યરત આ સ્ટોરને હવે નવા રંગ-રૂપ અને નવી પ્રોડક્ટ રેન્જ સાથે ગ્રાહકો સમક્ષ રજૂ કરવામાં આવી રહ્યો છે.

આ નવા સ્વરૂપના સ્ટોરમાં મોબાઈલ ફોન ઉપરાંત લેપટોપ, હોમ એપ્લાયન્સીસ, રેફ્રિજરેટર અને ટીવી સહિતની વિવિધ પ્રોડક્ટ્સ ગ્રાહકોને આકર્ષક ઓફર સાથે ઉપલબ્ધ થશે. લોન્ચિંગ પ્રસંગે

(અનુ. આઠમા પાને)

### ગ્રાહકોને નવી કેટેગરીની પ્રોડક્ટ બેસ્ટ ઓફર સાથે મળી રહે તેવો પ્રયાસઃ હિતેશ પટેલ



આ અંગે પૂજારા ટેલિકોમના હેડ ઓફ માર્કેટિંગ હિતેશ પટેલે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પૂજારા ટેલિકોમના ગોંડલ રોડ સ્ટોરને નવા રંગ-રૂપ સાથે ગ્રાહકો સમક્ષ રજૂ કરી રહ્યા છીએ. ગ્રાહકોને મોબાઈલ ઉપરાંત અનેક નવી કેટેગરીની પ્રોડક્ટ્સ અને બેસ્ટ ઓફર એક જ સ્થળે મળી રહે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### રસ્તો જયાં પૂરો થશે ત્યાં સફર શરૂ થશે

# જય ગણેશમાં નાઈન જનરેશન ટોયટો 'હાઈલુકસ'નું ધમાકેદાર લોન્ચિંગ

## ૫૮ વર્ષથી ગ્રાહકોનો વિશ્વાસ અકબંધ રાખનાર હાઈલુકસની આ ગાડીમાં ૧૪ ખૂબીઓઃ ચાર બાબતો પર વધુ પ્રાધાન્ય



તસવીરઃ વિજય મકવાણા



**અબતક, રાજકોટ**

રાજકોટના ૧૫૦ ફૂટ રિંગરોડ સ્થિત જય ગણેશ ટોયેટામાં નવમી જનરેશન હાયલુકસનું શાનદાર લોન્ચિંગ કરવામાં આવ્યું હતુ. છેલ્લા ૫૮ વર્ષથી ગ્રાહકોના દિલમાં રાજકરનાર આ નવા મોડલમાં ૧૪ નવી ખૂબીઓ જે કારને વધુ આકર્ષિત બનાવશે ચાર બાબતો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.

ટોયેટાની હાયલુક્સ કાર વિશે એવું કહેવામાં આવે છે કે જયાં રસ્તો પુરો થાય છે ત્યાં સફર શરૂ થાય છે. ૯ જનરેશનમાં નવી એલઈડી લાઈટીંગ, ૩૬૦ ડિગ્રી કેમેરા, નવી ૧૮ ઈંચ એલોય વ્હીલ, ૭ એર બેગ્સ, ટોયેટો આઈ કનેક્ટ અને મોર પ્રિમિયન કેબિન જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. આ કાર રૂ.૩૧.૯૯ લાખથી રૂ. ૩૬.૬૯ લાખ સુધીની કિંમતમાં ઉપલબ્ધ છે.

આ લિજેન્ડની નવી જનરેશન પોતાની મજબૂતી, ટ્રસ્ટ અને પરફોર્મન્સ માટે વર્ષોથી મજબૂતીની વાત કરીએ તો હાયલુકસ એવી રીતે બનાવવામાં આવી છે કે મુશ્કેલ રસ્તાઓ અને કઠિન પરિસ્થિતિઓમાં પણ તે વિશ્વાસ સાથે આગળ વધી શકે છે.

પરફોર્મન્સની વાત કરીએ તો, તેમાં શક્તિશાળી ૨.૮ લિટર ડીઝલ એન્જિન છે, જે ૨૦૪ પીએસ પાવર અને ૫૦૦ એનએમ ટોર્ક આપે છે. એટલે કે રસ્તો ગમે તેટલો પડકારજનક હોય, હાઈલુકસ આગળ વધવા માટે તૈયાર છે.

ટેક્નોલોજીની વાત કરીએ તો, નવી હાઈલુકસમાં આધુનિક કનેક્ટિવિટી, સેફ્ટી અને કન્વિનિયન્સ ફીચર્સ આપવામાં આવ્યા છે, જે આજના ગ્રાહકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે.

આ એવી લાઈફસ્ટાઈલ છે. હાઈલુકસ એક ગાડી કરતાં પણ વધારે છે.આ એવી લાઈફસ્ટાઈલ છે, જે એડવેન્ચર પસંદ કરતા, કંઈક અલગ કરવા માંગતા અને પોતાની આગવી ઓળખ ધરાવતા લોકો માટે છે.

ટોયેટો હાયલુકસની સફર ૧૯૬૮માં તેની પહેલી જનરેશનથી શરૂ થઈ હતી. ત્યારથી લઈને આજ સુધી હાયલુક્સ સતત બદલાતી રહી છે અને દરેક જનરેશન સાથે વધુ સારી અને વધુ મજબૂત બનતી ગઈ છે. ૫૮ વર્ષથી હાયલુકસ વિશ્વભરના ગ્રાહકોનો વિશ્વાસ જીતી રહી છે.

આ નવી કારના લોન્ચિગ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સરકાર નિયુકત સભ્ય જયદીપભાઈ જલુ ઉપરાંત કેયુરભાઈ કાનગડ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### વિરાણી હાઈસ્કૂલ ખાતે

# ૪૫ ફૂટ લાંબી રાખડીમાં ૬૧૪૬ શૈક્ષણિક વસ્તુઃ પ્રેમ - પરંપરા સાથે સહાયનો ભાવ

## પેન્સિલ, બોલપેન, કમ્પાસ, વોટર કલર, સાડી સાથે વિવિધ વસ્તુઓની છાત્રોએ બનાવી રાખડીઃ ગરીબ વિદ્યાર્થીને અર્પણ કરાશેઃ વૃક્ષોને પણ રક્ષાબંધન કરી જતનનો કર્યો સંકલ્પ



**રિપોર્ટર : અરૂણ દવે**
**કેમેરામેન : વિજય મકવાણા**
**અબતક, રાજકોટ**


રાજકોટની જાણીતી વિરાણી હાઈસ્કૂલમાં રક્ષાબંધનની પૂર્વ પ્રભાતે ૪૫ ફૂટ લાંબી અને આશરે ૨૩૦ સ્ક્વેર ફીટની વિશાળ રાખડી બનાવવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ સ્ટેશનરીની વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરીને મેગા પ્રેરક રાખડી બનાવી હતી. રાખડી બનાવવાની વસ્તુઓ વિદ્યાર્થીઓએ પોતાના પોકેટ મની તથા સી.જે.ગ્રુપના સહયોગથી એકત્રિત કરી હતી. જેમાં નાની મોટી પેન્સિલ, વિવિધ બોલપેન, કમ્પાસ, વોટર કલર, સાડી એમ મળીને કુલ ૬૧૪૬ વસ્તુઓનો સમાવેશ થાય છે. ભાઈ - બહેનના પ્રેમ સાથે ગરીબ બાળકોના સહાયના સંગમ તરીકે બનેલી રાખડીની આ તમામ વસ્તુઓનું વિવિધ આંગણવાડી, કોર્પોરેશનની શાળાઓના બાળકો તથા ઝુંપડપટ્ટીના બાળકોને વિતરણ કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ ''વી કેર, વી શેર'' અંતર્ગત પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત પ્રકૃતિનું રક્ષણ કરવાના હેતુથી વિદ્યાર્થીઓ દ્વારા શાળાના કેમ્પસમાં આવેલા વૃક્ષોને કંકુ તિલક કરી, રક્ષા બાંધી, પર્યાવરણનું રક્ષણ કરવાની ખાતરી આપી હતી. રાખડી નિર્માણના સમગ્ર પ્રોજેક્ટમાં ધો.૯ - ૧૦ના ટેકનીકલ વિભાગનાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રોશની સમિતિના ચેરમેન પરેશભાઈ ઠાકર, માધ્યમિક શિક્ષણ સમિતિના સદસ્ય દર્શનભાઈ

(અનુ. આઠમા પાને)

### ગરીબ બાળકોને શૈક્ષણિક કીટ અપાશેઃ આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયા



દર વર્ષે તહેવારોની ઉજવણીનાં ભાગરૂપે યોજાતા વિશાળ રાખડીના કાર્યક્રમમાં વપરાતી તમામ કીટ શહેરની વિવિધ શાળાનાં ગરીબ વિદ્યાર્થીને અર્પણ કરાશે, તેમ 'અબતક' સાથેની વાતચિતમાં શાળાના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયાએ જણાવેલ છે. બાળકોએ પોતાની પોકેટ મની બચાવીને આ વસ્તુ ખરીદી કરીને સહાયના ભાવ સાથે આપણી પરંપરા અને ભાઈ - બહેનનાં પ્રેમને ઉજાગર કર્યો હતો.



# ૧૧ વર્ષથી અવિરત સેવા પરંપરા: યશ ફ્રેન્ડ કલબ-મહિલા પરિષદે રમણીક કુંવરબા વૃદ્ધાશ્રમની બહેનો સાથે મનાવ્યું રક્ષાબંધનનું પર્વ

## આશ્રમની બહેનોને સાડી ભેટ આપી કરાયું સન્માન: ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહિતના આગેવાનો રહ્યા ઉપસ્થિત




**અબતક, રાજકોટ**

યશ ફ્રેન્ડ કલબ તથા અખિલ હિન્દ મહિલા પરિષદના સંયુક્ત ઉપક્રમે રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે રમણીક કુંવરબા વૃદ્ધાશ્રમ ખાતે વિશેષ સેવા કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૧૧ વર્ષથી અવિરત ચાલતી સેવા પરંપરાને આગળ ધપાવતા આ વર્ષે પણ હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી, જેમાં આશ્રમની બહેનોને સાડી ભેટ આપી સન્માનિત કરવામાં આવી હતી.

આ પ્રસંગે યશ ફ્રેન્ડ કલબના પ્રમુખ માણસુરભાઈ વાળા, અખિલ હિન્દ મહિલા પરિષદ રાજકોટના પ્રમુખ ભાવનાબેન જોશીપુરા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તેમજ વોર્ડ નં. ૧૪ના કોર્પોરેટર ચંદાબેન માણસુરભાઈ વાળા ઉપસ્થિત રહ્યા હતા.અબતક સાથેની વાતચીતમાં વોર્ડ નં. ૧૪ના કોર્પોરેટર ચંદાબેન વાળાએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૧ વર્ષથી અવિરત ચાલતી આ સેવા પરંપરા અંતર્ગત રક્ષાબંધનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી છે. અખિલ હિન્દ મહિલા પરિષદ રાજકોટના પ્રમુખ ભાવનાબેન જોશીપુરાએ જણાવ્યું હતું કે, આ પ્રસંગે રમણીકલાલ કુંવરબા વૃદ્ધાશ્રમ ખાતે આશ્રમની બહેનોને સાડી ભેટ આપીને પ્રેમ અને સ્નેહના વાતાવરણમાં તહેવાર ઉજવાયો છે. આ સાથે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, ખરેખર આવા પ્રસંગો સમાજ માટે ખૂબ જ જરૂરી છે અને હું આ યશ ગ્રુપને આવા નવા-નવા પ્રયોગો કરતા રહેવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

# કાલે રક્ષાબંધન: આખો દિવસ રાખડી બાંધી શકાશે

**અબતક, રાજકોટ**

શ્રાવણ સુદ પુનમ ને શુક્રવાર તા ૨૮ ઓગસ્ટ ના દિવસે રક્ષાબંધન છે આ વર્ષે રક્ષાબંધન ના દિવસે ભદ્રા દોષ ન હોવાના લીધે આખો દિવસ-રાત્રી રાખડી બાંધવા માટે શુભ અને ઉત્તમ રહેશે ખાસ કરી ને રક્ષાબંધનમાં રાખડી બાંધવામાં ભદ્રા દોષ હોવો જોઈએ નહીં પરંતુ આ વખતે ગુરુવારે રાત્રિ ના ૯.૩૩ કલાકે ભદ્રા પૂર્ણ થઈ જાય છે આથી શુક્રવારે ભદ્રા નથી તે ઉપરાંત શુક્રવારે સવારે પૂનમ તિથિ ૯.૪૯ સુધી છે




પરંતુ પંચાંગ ના નિયમ પ્રમાણે ઉદિયાત તિથિ શુક્રવારે છ ઘડી થી વધારે હોય તો નિયમ પ્રમાણે આખો દિવસ તિથિ માન્ય ગણાય છે આથી શુક્રવારે આખો દિવસ રાખડી બાંધવી શુભ રહેશે રક્ષાબંધન ના દિવસે ચંદ્રગ્રહણ છે પરંતુ ભારતમાં દેખાવાનું નથી આથી ધાર્મિક દ્રષ્ટિએ પાળવાનું નથી આ દિવસે બધા શુભ ધાર્મિક કાર્યો થઈ શકશે

# સુર મહિમા ગ્રુપ દ્વારા શનિવારે 'સુર હમારા સુર આપકા' મ્યુઝિકલ નાઈટનું આયોજન

**અબતક, રાજકોટ**

શહેરના સંગીત પ્રેમીઓ માટે 'સુર મહિમા' ગ્રુપ દ્વારા શનિવારના રોજ એક શાનદાર મ્યુઝિકલ કરાઓકે નાઈટ 'સુર હમારા સુર આપકા'નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ મ્યુઝિકલ પ્રોગ્રામ હેમુ ગઢવી મીની હોલ ખાતે યોજાશે, જેમાં તમામ સંગીત પ્રેમીઓ માટે પ્રવેશ તદ્દન નિઃશુલ્ક રાખવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં 'સુર મહિમા' ગ્રુપના ફાઉન્ડર અને ઓનર વિશાલભાઈ સોની, સહ-આયોજક પ્રકાશભાઈ સોલંકી, હેતલબેન ઠાકર તથા અન્ય નામાંકિત ગાયકો જૂના



અને નવા સુમધુર હિટ ગીતોની પ્રસ્તુતિ કરીને પોતાની ગાયન પ્રતિભા રજૂ કરશે. આ આયોજન રાજકોટની જનતા માટે સંગીતનો સુંદર લહાવો બની રહેશે અને આ યાદગાર સાંઝ માણવા માટે ગ્રુપ દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ આયોજન અંગેની માહિતી આપવા માટે દિનકરભાઈ જીંજુડીયા, સંજયભાઈ પાટડીયા, સંદીપભાઈ આમરણીયા, મેઘા આમરણીયા અને કાજલ સોનીએ અબતકની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# દિવાળીના તહેવારોમાં શહેરના ચાર વિસ્તારોમાં આકર્ષક લાઈટીંગ ઉભી કરો

## રોશની સમિતિના ચેરમેન ડો. પરેશ ઠાકરની તર્કબદ્ધ રજૂઆત

**અબતક, રાજકોટ**

દિવાળીના તહેવારમાં વિવિધ વિસ્તારોમાં આકર્ષક લાઈટીંગ કરવા રોશની સમિતીના ચેરમેન પરેશ ઠાકર દ્વારા રજૂઆત કરાઈ છે.

આગામી દિવસોમાં ઉત્સવ, ઉમંગ, ઉજાસના દિવસો શરૂ થઈ રહ્યા છે. સાતમ આઠમના તહેવારો બાદ ગણેશ ઉત્સવ, ત્યારબાદ નવરાત્રિ અને ત્યારબાદ દિવાળીનો પ્રારંભ થનાર છે. આગામી તહેવારોને અનુલક્ષીને આગોતરું આયોજન હાથ ધરવું જોઈએ.



આગામી આસો વદ(અગીયારસ) થી દિપાવલી પર્વનો શુભારંભ થઈ રહ્યો છે. દરેક ઘર, પરિવાર, જ્ઞાતિ, સમૂહો, ઉદ્યોગ ગૃહો આ પર્વને હિન્દુ શાસ્ત્રોક્ત વિધિથી ઉજવવા ઉત્સુક હોય છે.

રાજકોટના વર્તમાન વોર્ડ વિસ્તારોમાં (૧) ભાવનગર રોડ થી બાલક હનુમાન મંદિર સુધી (૨) રામાપીર ચોકડીથી નવા રેસકોર્ષ સુધી (૩) ભક્તિનગર સર્કલથી સોરઠીયા વાડી સર્કલ સુધી (૪) મવડી મેઈન રોડથી સ્વામિનારાયણ મંદિર સુધીના વિસ્તારો આકર્ષક ઝાઝરમાન અને વૈભવી લાઈટીંગ વ્યવસ્થા ઉભી થાય અને સમગ્ર રાજકોટના જુદા જુદા વિસ્તારો રોશનીથી ઝળહળી ઉઠે તે માટે આગોતરી વ્યવસ્થા કરવી અત્યંત આવશ્યક છે.

આ રોશનીની થીમમાં રાષ્ટ્ર પુરૂષો, દૈવી સ્વરૂપો આપણો પૌરાણિક વારસો અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન ૨૦૪૭ની ઝાંખી સાથેનું લાઈટીંગ આયોજન થાય તે વર્તમાન સમયમાં માંગ છે. તે અનુસંધાને વહીવટી તંત્રને ગતિશીલ થવા અને આયોજન કરવા આપની કક્ષાએથી આદેશની અપેક્ષા છે.

# રાજકોટમાં પ્રથમવાર શામ-એ સુફી કાર્યક્રમ




## "અબતક" ચેનલના સથવારે આધ્યાત્મિકતા, મધુરતા અને હૃદયને સ્પર્શી જતા ગીતો રજુ થશે

**અબતક, રાજકોટ**

રાજકોટ: રાજકોટમાં સંગીતપ્રેમીઓ માટે એક અનોખી અને ભવ્ય સંગીતમય સાંજનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાઈમ વીઝન ઈવેન્ટ્સ દ્વારા શામ એ સુફી રાજકોટ્સ બીગેસ્ટ એન્ડ ફસ્ટ એવર ગ્રાન્ડ સુફી નાઈટનું આયોજન ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ કરવામાં આવશે.

સૂફી સંગીતની આધ્યાત્મિકતા, મધુરતા અને આત્માને સ્પર્શી જાય તેવી ધૂનો સાથે યોજાનારી આ વિશેષ સાંજમાં સંગીતપ્રેમીઓને એક યાદગાર અનુભવ માણવા મળશે. કાર્યક્રમનો સમય રાત્રે ૯:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી રહેશે અને કાર્યક્રમનું આયોજન એમટીવી કાલાવડ રોડ રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે.

શામ-એ-સુફીનો ઉદ્દેશ માત્ર એક સંગીત કાર્યક્રમ યોજવાનો નથી, પરંતુ રાજકોટના લોકોને સોલ-સ્ટીરીંગ મેલોડીઝ એન્ડ ડીવાઈન મ્યુઝિક સાથે એક સુંદર અને આધ્યાત્મિક સંગીતમય અનુભવ આપવાનો છે. કાર્યક્રમમાં યુવાનો, વિદ્યાર્થીઓ, પરિવારો તેમજ સંગીતપ્રેમીઓ માટે ખાસ આકર્ષણ રહેશે.

આ ભવ્ય આયોજન માટે અબતક ચેનલ મીડિયા પાર્ટનર તરીકે અને હેલો સૌરાષ્ટ્ર ન્યુઝ સોશિયલ મીડિયા પાર્ટનર તરીકે જોડાયા છે.

આ ભવ્ય કાર્યક્રમ સાથે વિવિધ વ્યવસાયો અને બ્રાન્ડ્સને પોતાની બ્રાન્ડને રાજકોટના વિશાળ પ્રેક્ષકવર્ગ સુધી પહોંચાડવાની તક મળશે. સ્પોન્સરશીપ તથા સ્ટોલ બુકિંગ માટે ઈચ્છુક સંસ્થાઓ, વ્યવસાયિકો અને બ્રાન્ડ્સ ૭૬૨૧૦ ૯૩૧૫૨ નીચેના નંબર પર સંપર્ક કરી શકે છે: આમ રાજકોટવાસીઓ માટે સંગીત, સૂફિયાના રંગ અને આધ્યાત્મિક અનુભૂતિથી ભરપૂર એક યાદગાર શામ-એ-સુફી માટે તૈયાર થવાનો સમય આવી ગયો છે.

# ન્યૂ બાબા રામદેવ મિત્ર મંડળ દ્વારા શનિવારે ભજન સંધ્યાનું આયોજન

**અબતક, રાજકોટ**

રાજકોટના આંગણે શ્રદ્ધા અને ભકિતનો ત્રિવેમી સંગમ સર્જાવા જઈ રહ્યો છે. ન્યુ બાબા રામદેવ મિત્ર મંડળ દ્વારા આયોજીત વિશાળ સંધ્યાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.



## રવિવારે ભવ્ય ધ્વજા પ્રસ્થાન કરાશે

આ ભજન સંધ્યાનો મુખ્ય કાર્યક્રમ તા. ૨૯ને શનિવારના રોજ સાંજે ૮ કલાકે રણુજા મંદિર, કોઠારિયારોડ રાજકોટ ખાતે યોજાશે. ત્યાર બાદ તા. ૩૦ ને રવિવારે સવારે ૮ કલાકે ભવ્ય ધ્વજા પ્રસ્થાન આયોજન કરવામાં આવ્યું છે. ધ્વજા પ્રસ્થાન સ્થળ મેલડી માતાજી મંદિર, આશાપુરા નગર-૧ કોઠારિયા મેઈન રોડ રાખવામાં આવેલ છે. આ ભક્તિમય સંધ્યામાં પ્રખ્યાત ગાયક કલાકાર બિન્દુ કુમાવત અને નિતેશ રાવ પોતાની સુરીલી વાણીથી બાબાના ગુણગાન કરશે. સંગીત સાથમાં મુકેલ ગાંધી, છગનભાઈ, પુખરાજ રાણા અને હંસરાજ ગુર્જર રહેશે.

સમગ્ર કાર્યક્રમનું સફળ અને આકર્ષક સ્ટેજ સંચાલન જગદેવસિંહ જાડેજા કરશે આ કાર્યક્રમ દ્વારકેશ ફીલ્મ ચેનલ પર યુટ્યુબ લાઈવ પર પ્રસારિત થશે. અબતક પ્રેસની શુભેચ્છા મુલાકાતે ઉદય ટિડિયા, મનોજ ચૌહાણ, વિજય ટિડિયા, લાદુસિંહ ચૌહાણ સહિતના આગેવાનો દ્વારા માહિતી અપાઈ.

# શ્યામનગર આરોગ્ય કેન્દ્રને ગુણવતાસભર સેવા માટે ૯૪.૮૫ માર્કસ

**અબતક, રાજકોટ**

શ્યામનગર શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને એનકયુએએસ પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. ભારત સરકાર દ્વારા રાજકોટ શહેરના શ્યામનગર શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને નિયત ગુણવત્તાસભર સેવાઓ માટે ૯૪.૮૫ ટકા સાથે રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. આ સિદ્ધિ રાજકોટ શહેરની આરોગ્ય સેવાઓની ગુણવત્તા અને કાર્યક્ષમતાના ઉચ્ચ સ્તરને દર્શાવે છે.

રાજકોટ શહેર ના વોર્ડ નં. ૧ નાં શ્યામનગર શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સરકાર દ્વારા



નિયુક્ત ટીમ દ્વારા આપવામાં આવતી આરોગ્ય સેવાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ મૂલ્યાંકન કરવા માટે એનકયુએએસની ટીમ માં રાષ્ટ્રીય કક્ષાના સમીક્ષકો ડો. સુશીલ દેશમુખ તેમજ ખુશ્બુબેન પંડ્યા દ્વારા મૂલ્યાંકન કરવામાં આવેલ જેમાં પ્રાથમિક આરોગ્ય ચકાસણીની કામગીરી તેમજ જરૂરી તમામ માપદંડોની ચકાસણી કરવામાં આવી હતી. કેન્દ્ર ખાતે સગર્ભા મહિલાઓ માટે સક્રિય દેખરેખ સહિત જરૂરી માતૃત્વ સંબંધિત સેવાઓ, બાળકોના સંપૂર્ણ વિકાસ માટે જરૂરી આરોગ્ય સેવાઓ, ચેપી અને બિનચેપી રોગોના નિદાન અને સારવાર, ઈમરજન્સી આરોગ્ય સેવાઓ, શાળાના બાળકો માટે આરોગ્ય ચેક-અપ અને સારવાર વગેરે સેવાઓની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી.

આ ચકાસણીમાં કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. હર્ષિદા નમેરા તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવતી કામગીરી અને સેવાઓની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

# વન ડે વન વોર્ડ અંતર્ગત વોર્ડ નં.૧૭માં ૧૪૨૦૪ ઘરોમાં ચેકીંગ

## ૫૧૪ ઘરોમાંથી મચ્છરના પોરા મળી આવતા નાશ કરાયો



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા "વન ડે - વન વોર્ડ" કાર્યક્રમ અંતર્ગત વોર્ડ નં.૧૭ વાહક નિયંત્રણની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

જેમાં ૧૪,૨૦૪ ઘરની મુલાકાત લઈ ૭૧,૮૫૫ પાત્રો ચકાસવામાં આવી હતી. જેમાંથી ૫૧૪ ઘરમાં પોરા જોવા મળતા તેનો નાશ કરવામાં આવ્યો હતો. ૧૭૫ બિનરહેણાંક એકમોની તપાસ કરવામાં આવેલ છે તથા મચ્છર ઉત્પતિ સબબ ૯૮ આસામીઓને નોટીસ આપવામાં આવેલ છે. ફિવર સર્વે દરમ્યાન ૫૬ વ્યક્તિઓના લોહીના નમુના લેવામાં આવેલ.

આ ઝુંબેશ દરમ્યાન વોર્ડ નં.૧૭ ના કોર્પોરેટર રસીલાબેન વૈષ્ણવ, કોર્પોરેટર કૌશિકભાઈ ટાંક, કોર્પોરેટર રીંકલભાઈ મેઘાણી અને સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહેલ હતા તથા "વન - ડે - થ્રી - વોર્ડ" ઝુંબેશને સફળ બનાવવા લોકોને મચ્છર ઉત્પતિ અટકાયતી ઝુંબેશમાં સહકાર આપવા અપીલ કરવામાં આવેલ છે.



# શનિવારે 'નેશનલ સ્પોર્ટ્સ ડે': રમતવીરો પ્રોત્સાહિત થાય અને સુવિધાઓ વધે તે જરૂરી: મિત્તલ ખેતાણી

## હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે સ્પોર્ટ્સ ક્ષેત્રે બાળકો-યુવાનોને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવા અપીલ

**અબતક, રાજકોટ**

ભારતમાં દર વર્ષે ૨૯ ઓગસ્ટના દિવસને 'રાષ્ટ્રીય રમત દિવસ' (નેશનલ સ્પોર્ટ્સ ડે) તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનું મુખ્ય કારણ હોકીના મહાન ખેલાડી મેજર ધ્યાનચંદનો જન્મદિવસ છે. મેજર ધ્યાનચંદ હોકી સ્ટીક લઈને જ્યારે રમતના મેદાનમાં ઉતરતા ત્યારે કોઈ જાદુ કરતા હોય તેમ ટીમને જીતાડી દેતા, જેના કારણે તેમને 'હોકીના જાદુગર' અને 'હોકી વિઝાર્ડ'નું બિરુદ મળ્યું હતું. તેઓ જ્યારે ભારતીય હોકી ટીમના કેપ્ટન હતા ત્યારે ભારતે ઓલિમ્પિકમાં સતત ત્રણ વાર સુવર્ણચંદ્રક જીત્યા હતા.



તેમને ભારત સરકાર દ્વારા 'પદ્મભૂષણ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા અને દિલ્હીના રાષ્ટ્રીય સ્ટેડિયમનું નામ પણ 'ધ્યાનચંદ સ્ટેડિયમ' રાખવામાં આવ્યું છે.

ઘણા બાળકો નાના હોય ત્યારે તેમને ભણતર ઉપરાંત રમત-ગમતમાં પણ વધુ રસ હોય છે. બાળકોની રસ-રુચિ અલગ હોય છે; કોઈને ગાયનમાં, કોઈને વાદનમાં તો કોઈને રમત-ગમતમાં રસ હોય છે. જો માતા-પિતા અને શાળામાંથી રમતવીરોને યોગ્ય પ્રોત્સાહન અને તાલીમ મળે, તો તેઓ દેશનું નામ રોશન કરી શકે છે. ૧૩૭ કરોડની વસતી ધરાવતા દેશમાં ઓલિમ્પિક સુધી પહોંચનારા ખેલાડીઓની સંખ્યા હજુ પણ મર્યાદિત છે. આ માટે દેશમાં રમતવીરોને નાણાકીય સહાય, યોગ્ય માર્ગદર્શન અને પૂરતું પ્રોત્સાહન મળવું અત્યંત જરૂરી છે.

ખેલ મહાકુંભ, વાર્ષિક રમોત્સવ અને રમતગમત સ્પર્ધાઓ દ્વારા બાળકોમાં જાગરૂકતા કેળવાય છે અને તેમની સુષુપ્ત શક્તિઓ બહાર આવે છે. રમતોની મદદથી યુવાનોને નશાથી દૂર રાખીને તેમનો શારીરિક વિકાસ કરી શકાય છે. તાજેતરમાં ઓલિમ્પિકમાં નીરજ ચોપરા, બજરંગ પુનિયા,મીરાંબાઈ ચાનુ, રવિ કુમાર દહિયા, લવલીના બોરગોહેન, પી.વી. સિંધુ અને ભારતીય હોકી ટીમે મેડલ મેળવીને દેશનું ગૌરવ વધાર્યું છે. આ રાષ્ટ્રીય રમત દિવસ પર ખેલાડીઓ અને રમતગમતની સુવિધાઓ વધારવા તરફ વધુ ધ્યાન આપવાની જરૂરિયાત મિત્તલ ખેતાણી દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

# ગ્રેટર ચેમ્બર દ્વારા સરકારની ઔદ્યોગિક નીતિની અમલવારી માટે રજૂઆત

## વિસ્તરણ આ યોજના અટકતા ઉદ્યોગકારો મુજવણમાં મુકાયા

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ ગત તા. ૧૫ જૂન ૨૦૨૬ ના રોજ ગાંધીનગર ખાતે સત્તાવાર રીતે જાહેર કરી હતી. જે ૧ જૂન ૨૦૨૬થી અમલી બની છે. આ ગુજરાત સરકાર દ્વારા સમસ્ત ઉદ્યોગકારોને માટે પોતાના ધંધા ઉદ્યોગને વધુ ઝડપથી વિકાસ કરવા માટે ઘણી જ આશા સેવી હતી. પરંતુ ઉદ્યોગકારો માટે ખૂબ આશાવાદી આ નીતિની ધૂમ ધડાકાભેર જાહેરાત પછી બે મહિના પસાર થઈ જવા છતાં હજુ તેનું સત્તાવાર નોટિફિકેશન-જીઆર બહાર ન પડતા ગુજરાતના ઉદ્યોગો દિશાહિન બની ગયા છે.

ગુજરાતના અનેક ઉદ્યોગોને વિસ્તરણના આયોજનો અટકી પડ્યા છે. નવા ઉદ્યોગકારો જે નાનાપાયે ઉત્પાદનમાં પ્રવેશવા ઈચ્છતા હતા તેમના પ્રોજેક્ટ મુલતવી રાખવા પડયા છે.એનાથી સરવાળે નવા ઉદ્યોગસાહસિકો નિરાશ થયા છે. નવી રોજગારીની પ્રક્રિયા અટકી ગઇ છે. નવી ઉત્પાદકિય પ્રવૃત્તિ શરૂ ન થઈ શકતા સરકારને કરની આવકની નુકસાની જઇ રહી છે અને સરવાળે અર્થતંત્રને નુકસાન છે.

વહેલામાં વહેલી તકે જીઆર બહાર પાડવા માટે ગ્રેટર રાજકોટ ચેમ્બર તરફથી જે તે સંલગ્ન કચેરીનાં સંબંધીત અધિકારીગણ સમક્ષ વિશેષ રજૂઆત કરીને આ સમસ્યાનો ત્વરિત નિકાલ કરવા માટે જણાવવામાં આવેલ છે.

### મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામે આતંકવાદનો ભય બતાવી

# રાજકોટના વૃધ્ધાને બંધક બનાવી,ડિજિટલ એરેસ્ટ કરી રૂ.૫૫.૫૦ લાખ પડાવ્યા

## વોટ્સએપ કોલ, આરબીઆઈના ખોટા દસ્તાવેજો મોકલી અલગ-અલગ એકાઉન્ટમાં રકમ ટ્રાન્સફર કરાવી, વધુ રકમની માંગણી કરતા દંપતીએ એફડી તોડાવવા પ્રયાસ કરતા પુત્રીને શંકા જતા સાયબર ક્રાઈમને કોલ કર્યો, ટીમે દંપતીનું કાઉન્સેલિંગ કરી ૪૧ લાખનો વ્યવહાર અટકાવ્યો, ગુનો નોંધ્યો

**અબતક,રાજકોટ**

આજના સમયનો સૌથી મોટો અને ચોંકાવનારો સાયબર ક્રાઈમના બનાવો સરકાર માટે પડકાર જનક બન્યા છે.સાયબર માફિયાઓ સામાન્ય રીતે વૃદ્ધોને જ પોતાનો મુખ્ય શિકાર બનાવે જેમાં શહેરમાં શાસ્ત્રી મેદાન સામે ગોતમ બુદ્ધ એપાર્ટમેન્ટમાં રહેતાં ૭૫ વર્ષીય વૃધ્ધાને મુંબઈ ક્રાઈમ બ્રાંચના ની ઓળખ આપી સાયબર આતંકવાદનો ભય બતાવી એક અઠવાડીયુ એરેસ્ટ રાખી ૫૫.૫૦ લાખ પડાવી લીધા બાદ વધુ ૪૧ લાખ માંગ્યા હતાં. દંપતીએ એફડી તોડાવતા મુંબઈ રહેતી પુત્રીને શંકા જતા તેણે રાજકોટ સાયબર ક્રાઈમની કોલ કરી માહિતી આપી હતી. પોલીસે ગુનો નોંધ્યો છે. સાયબર માફિયાઓ (ઓનલાઈન ઠગો) સામાન્ય રીતે વૃદ્ધોને જ પોતાનો મુખ્ય શિકાર બનાવે છે કારણ કે તેઓ ટેકનોલોજીથી બહુ પરિચિત નથી હોતા અને સરળતાથી વિશ્વાસ કરી લે છે.વૃદ્ધોને શિકાર બનાવવાનું મુખ્ય કારણટેકનોલોજીની ઓછી સમજઃ સ્માર્ટફોન અને એપ્સના સેટિંગ્સથી અજાણ હોય ડર અને દબાણ તેમજ કાયદાકીય કાર્યવાહી કે બેંક એકાઉન્ટ બંધ થવાનો ડર બતાવવોસરળ વિશ્વાસ અજાણ્યા લોકોની વાતમાં જલ્દી આવી જવું સહિતના કારણે સાયબર માફિયાઓ માટે વૃદ્ધો સોફ્ટ ટાર્ગેટ હોય છે બનાવ અંગે રાજકોટમાં આવેલ પંચનાથ ૫ માં હોટેલ કે રોઝની સામે ગોતમ બુદ્ધ એપાર્ટમેન્ટમાં રહેતાં ગીતાબેન ભુપતરાય ભાયાણી (ઉ.વ.૭૫) એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પતિ ભુપતરાઈ સાથે રહે છે. તેઓને સંતાનમાં ચાર પુત્રીઓ છે. જે ચારેય અલગ અલગ શહેરમાં સાસરે છે. ગઈ તા.૧૮ ના તેઓને એક વોટ્સએપ કોલ આવેલ અને સાયબર માફિયાઓએ પોતે પોલીસ અધિકારી ન હોવા છતાં મુંબઈ ક્રાઈમ બ્રાંચના પોલીસ અધિકારી તરીકે પોતાની ખોટી ઓળખ આપી પૂર્વ આયોજિત કાવતરું રચી ફરીયાદીને સાયબર આતંકવાદ જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા હોવાનું જણાવી ફીઝીકલ ડિજિટલ એરેસ્ટ કર્યા હતા.ત્યારબાદ વોટ્સએપ મારફતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના નામે ખોટા દસ્તાવેજો મોકલી ફરિયાદીને વિશ્વાસમાં લઈ અલગ અલગ બેંક એકાઉન્ટમાં આરોપીઓએ ઓનલાઈન રૂ.૫૫.૫૦ લાખ ટ્રાન્સફર કરી લીધાં હતા. જે બાદ સાયબર માફિયાઓએ વધુ રૂ.૪૧ લાખ માંગ્યા હતાં. જે બાદ ફરીયાદી દંપતી પાસે પોતાની મરણ મૂડી તમામ આરોપીને આપી દિધી હોવાથી વધુ રૂપિયાની વ્યવસ્થા કરવાં પોતાની એફ.ડી. તોડવવા માટે મુંબઈ રહેતી પુત્રીને જાણ કરી એફડી તોડવી નાંખી હતી.જે બાદ તેની મુંબઈ રહેતી કંઈક અજુગતુ થઈ રહ્યાની શંકા ગઈ હતી અને તેઓએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન પર કોલ કરી તેણીએ મહારાષ્ટ્ર(મુંબઈ) ના હોય તેવુ જણાવેલ અને તેઓના માતાપીતા ઉમર લાયક હોય, તે શહેરના શાસ્ત્રીમેદાન પાસે, ગૌતમ બુધ્ધ એપાર્ટમેન્ટમા રહે છે, જેઓ છેલ્લા એક અઠવાડિયાથી ડિજિટલ એરેસ્ટ હોય અને તેઓએ ડિજીટલ એરેસ્ટમા કૂલ રૂ.૫૫.૫૦ લાખ જેટલી રકમ ડિજીટલ એરેસ્ટમા ગુમાવેલ ત્યારબાદ ભોગ બનેલ અને આ દંપતી ખુબજ ડરી ગયેલ અને જે માહિતી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે જાણ થતા ટીમે તાત્કાલીક ધોરણે આ દંપતીનો સંપર્ક કરી દંપતીને સમજાવ્યા બાદ આ અંગે તેમની ફરિયાદ લઈ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ગુનો દાખલ કર્યો છે. આ કામગીરીમાં સાયબર ક્રાઈમ પીઆઈ એસ.ડિ.ફુલતરીયા, પી.આર.ડોબરીયા અને એમ.ડી.ગઢવી અને સાયબર ક્રાઈમની ટીમ સાથે રહી હતી.

### પોલીસે દંપતીનું કાઉન્સિલિંગ કર્યું, રૂ.૪૧ લાખ ટ્રાન્સફર થતા અટક્યા

મુંબઈ સ્થિત યુવતીએ પોલીસને માતા પિતા સાયબર ફ્રોડ નો ભોગ બન્યા અંગેની જાણ કરતા સાયબર ક્રાઈમ પોલીસની ટીમ વૃધ્ધ દંપતીના ઘરે જઈને તેઓનુ કાઉન્સિલિંગ કરી અને વધુ રૂ.૪૧ લાખ ટ્રાન્સફર કરતાં અટકાવ્યા હતાં. ત્યારબાદ ડિઝીટલ એરેસ્ટની સંપુર્ણ માહિતી મેળવી કાયદેસની કાર્યવાહી કરી ગુનો નોંધ્યો હતો.

# વૃધ્ધાની લાશનો ભેદ ઉકેલાયોઃ ઘરે મૂકવાની લાલચ આપી દુષ્કર્મ આચરી હત્યા કર્યાનો ખુલાસો

## કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પાસે ભિક્ષાવૃત્તિ કરતા લીલાબેનને રીક્ષામાં બેસાડી ધોકા વડે કર્યો હુમલો, ફોરેન્સિક પીએમ રિપોર્ટથી સનસનીખેજ ખુલાસો

### સીસીટીવી અને હ્યુમન સોર્સથી વિકૃત રમેશ વૈધુકિયાની ધરપકડઃ અગાઉ ચોટીલામાં હત્યા અને થોરાળામાં ૩ વર્ષની બાળકી પર દુષ્કર્મ-હત્યાનો ગુનાહિત ઈતિહાસ ખુલ્યો

**અબતક, રાજકોટ**

શહેરના આજીડેમ ચોકડી નજીક મોગલ માના મંદિર પાસેથી ૫ દિવસ પૂર્વે મળેલી અજાણ્યા વૃદ્ધાની કોહવાયેલી લાશનો ભેદ આજીડેમ પોલીસે ઉકેલી નાખ્યો છે. વૃદ્ધાને ઘરે મૂકવાની લાલચ આપી દુષ્કર્મ બાદ હત્યા નીપજાવી હોવાનો ઘટસ્ફોટ થતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ મામલે રીક્ષા ચાલક રમેશભાઈ બચુભાઈ વૈધુકિયાની ધરપકડ કરાઈ છે.

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના આજીડેમ ચોકડી નજીક મોગલ માના મંદિર પાસેથી ગત તારીખ ૨૦ ના રોજ અજાણી વૃદ્ધાની લાશ મળતા આજીડેમ પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મોતનુ કારણ જાણવા મૃતદેહ ફોરેન્સિક પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે શહેર પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા, પૂર્વ એસીપી વી બી જાડેજા દ્વારા આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મળેલી અજાણી વૃદ્ધાની લાશ અંગે વધુ તપાસ કરવાની સૂચનાથી આજી ડેમ પોલીસ મથકના પીઆઈ એચ એન પટેલના માર્ગદર્શન હેઠળ તેમની ટીમ દ્વારા દ્વારા અજાણી વૃધ્ધાની તપાસ કરતા કુવાડવા રોડ પર સાત હનુમાન પાસે ઝુપડપટ્ટીમાં રહેતા અજયભાઈ રમેશભાઈ સોલંકી પોતાના દાદીમાં લીલાબેન ટપુભાઈ ઉર્ફે ટીંબુભાઈ સોલંકી ઉંમર વર્ષ ૭૬ વાળા ૧૯ તારીખે સવારે સાત હનુમાન મંદિરે પાસે ભિક્ષાવૃત્તિ કરવા માટે બેસાડ્યા બાદ સાંજે લેવા પરત ન ફરતા ૨૦ ના રોજ કુવાડવા પોલીસ સ્ટેશનમાં દાદીમાની ગુમનોંધ જાહેર કરવામાં આવી હતી અજાણી વૃદ્ધાની લાશમાં મૃતક લીલાબેન ટપુભાઈ સોલંકી હોવાનું સામે આવ્યું હતું બાદમાં પોલીસે સીસીટીવી મદદની આધારે વધુ તપાસ શરૂ કરી હતી તેમજ ફોરેન્સિક રિપોર્ટમાં સનસનીખેજ ખુલાસો થતા



પોલીસે પણ ચોકી હતી રિપોર્ટમાં વૃદ્ધાની ધોકા વડે માર મારી અને દુષ્કર્મ ગુજારી લાશને ફેંકી દેવામાં આવી હોવાનું ખુલ્યુ હતું આજીડેમ પોલીસ સ્ટેશનની ટીમે સીસીટીવી કેમેરા તપાસી અને હુમન સોસ મદદથી આધારે બ્રહ્માણી હોલ કોઠારીયા રોડ પર રહેતો રીક્ષા ચાલક રમેશભાઈ બચુભાઈ વેધુકિયા ની ધરપકડ કરી યુક્તિ પ્રયુક્તિ થી વધુ તપાસ કરતા આરોપી રમેશે કબલ્યુ હતું કે ૧૯ તારીખ ની સાંજે ચાર વાગ્યે આસપાસ કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પાસે

ભિક્ષાવૃતિ કરતા વૃદ્ધાને ઘરે પહોંચાડવાનું કહી બેસાડી અલગ અલગ જગ્યાએ રીક્ષા ઉભી રાખી અને ધોકા વડે મારકૂટ કરી અર્ધ બેભાન હાલતમાં આજીડેમ ચોકડી નજીક મોગલ માના મંદિર પાસે આજીડેમ કિનારે લઈ જઈ રિક્ષામાં બળજબરી પૂર્વક શરીર સબંધ બાંધી ધોકાવડે માર મારી મોત નીપજાવેલ અને બાદ પુરાવો નાશ કરવા લાશને ઈરાદે પૂર્વક આજીડેમ નદીના કિનારે ફેંકી દીધેલની કબુલાત આપી હતી આ અંગે ઊંડાણપૂર્વ તપાસમાં આરોપી રમેશ વેદુકિયા ગુનાહિત ઈતિહાસ ચેક કરતા ચોટીલા પોલીસ સ્ટેશન માં હત્યા બાદ લાશને ફેંકી દેવી, થોરાળા પોલીસ સ્ટેશનમાં ત્રણ વર્ષની બાળકીનો અપહરણ કરી દુષ્કર્મ ગુજારી હત્યા નીપજાવી લાશ ફેંકી દીધી ઘટસ્ફોટ થયો હતો આરોપી પોતે વિકૃત માનસિકતા ધરાવતો અને અવારનવાર ગુના આચરતો હોવાનું ખુલ્યુ હતું આ અંગે આજીડેમ પોલીસે હત્યારા રમેશ વેધુકિયા વિરુદ્ધ હત્યા દુષ્કર્મ નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે આ અંગે આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઈ એચ એન પટેલ પીએસઆઈ ડોડીયા એએસઆઈ રવિવાર હેડ કોન્સ્ટેબલ સંજય મિયાત્રા ભરતભાઈ જોગિયા દેવાંગભાઈ પાલા આકાશ સોલંકી સહિતના સ્ટાફે કામગીરી બજાવી હતી

# શાપરમાં રાજન ગેટ પાસે વીજળીના તૂટેલા તારથી કરંટ લગતા ૮ વર્ષીય બાળકનું મોત

## એકના એક પુત્રના મોત થી પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક, રાજકોટ**

શાપરમાં રાજન ગેટ અંદર રહેતા શ્રમિકના આઠ વર્ષીય માસુમ બાળક ગુજરાત કાસ્ટિંગ કારખાના પાસે ચાલીને પસાર થઈ રહ્યો હતો ત્યારે વાહન આવતા સાઈડમાં જતા પાણીમાં ચાલુ વીજળી નો તૂટેલ તાર હોવાથી વીજ કરંટ લાગતા તાત્કાલિક અર્થે સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. સારવાર મળે તે પહેલા જ તબીબે માસુમ બાળકને મૃત જાહેર કરતા ઘટના સ્થળે શાપર વેરાવળ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ શાપર વેરાવળમાં રાજન ગેટની અંદર એટોપ કંપનીમાં કામ કરતા શ્રમિક પરિવારનો ઋતુરાજ સુમનભાઈ રવાણી ઉંમર વર્ષ ૮ વર્ષીય માસુમ બાળક ગઈકાલે સાંજે ૬:૦૦ વાગ્યા આસપાસ ગુજરાત કાસ્ટિંગ ગેટ પાસે ચાલીને પસાર થઈ રહ્યો હતો ત્યારે સ્વાનએ ભસતા પોતે ભાગતા સાઈડ પાણી ભરેલ હોઈ જેમ ચાલુ વીજનો ચાલુ કરંટ વાળો તાર તૂટેલ હોય જેથી માસુમ બાળકને વીજ કરંટ લગતા આસપાસના લોકો દોરી ગયા હતા અને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો સારવાર મળે તે પહેલા તબીબે માસુમ બાળકનું પ્રાણ પંખેરું ઉડી ગયું હોવાનું જણાવતા ઘટના સ્થળે શાપર વેરાવળ પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકનો પરિવાર પોતે બિહારના વતની હોય અને એટોપ કંપનીમાં શ્રમિક કામ કરતા હોય તેમજ બાળક પાણીમાં વીજળીના તૂટેલા તારથી કરંટ લાગવાથી મોત થયા નો પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે મૃતક પોતે બે બેનનો એકનો એક ભાઈ ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે સાપર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# ફ્લેટ ધારકની ફરિયાદ રેરાએ મંજૂર કરીઃ ડેવલપરને ૩ મહિનામાં કામ પૂર્ણ કરી કબજો સોંપવા આદેશ

## ૧ જાન્યુઆરી ૨૦૨૪થી કબજો સોંપે ત્યાં સુધી ૯% વ્યાજ ચૂકવવા વ્યાજ ચૂકવવા હુકમ, ઘર ખરીદનારના હક્કોના રક્ષણમાં રેરાનો મહત્વનો ચુકાદો

**અબતક, રાજકોટ**

""TITAN 54" પ્રોજેક્ટમાં ફ્લેટ ખરીદનારની ફરિયાદ ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (RERA), ગુજરાત દ્વારા મંજૂર કરવામાં આવી છે. સત્તાધિકારીએ ડેવલપરને ત્રણ મહિનામાં બાકી કામ પૂર્ણ કરી કબજો સોંપવા અને વિલંબ બદલ ૯ ટકા વ્યાજ ચૂકવવા મહત્વનો આદેશ કર્યો છે.શહેરના અમીન માર્ગ પર આવેલ પ્રોજેક્ટમાં ફ્લેટ નં. C-602ના ખરીદનાર દીપેન લવજીભાઈ હેમાડિયા દ્વારા રેરામા ફરિયાદ કરવામાં આવી હતી ફ્લેટની ખરીદી માટે નિયત રકમ ચૂકવી દેવા છતાં ડેવલપર દ્વારા કામ પૂર્ણ કરવામાં આવ્યું ન હતું અને રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી કબજો સોંપાયો ન હતો. ફરિયાદીએ ચૂકવેલી રકમ પર વ્યાજ અને બાકી કામ પૂર્ણ કરી કબજો સોંપવા માંગ કરી હતી.સુનાવણી દરમિયાન ફરિયાદીના એડવોકેટ આનંદ એમ. રાણપરાની દલીલો અને રેકોર્ડ પરના દસ્તાવેજોનું અવલોકન કર્યા બાદ રેરાએ ફરિયાદ મંજૂર કરી હતી. સત્તાધિકારીએ સ્પષ્ટ આદેશ કર્યો છે કે ડેવલપરે ફરિયાદીના ફ્લેટનું બાકી રહેલું તમામ કામ ત્રણ મહિનાની અંદર પૂર્ણ કરી, રજિસ્ટર્ડ સેલ ડીડ કરી કબજો સોંપવો. સાથે જ ડેવલપરે ફરિયાદી દ્વારા ચૂકવાયેલી રકમ પર વાર્ષિક ૯ ટકા લેખે વ્યાજ ચૂકવવું પડશે. આ વ્યાજ તા.૦૧-૦૧-૨૦૨૪થી લઈને પ્રત્યક્ષ કબજો સોંપવામાં આવે તે તારીખ સુધી ગણવાનું રહેશે.રેરાના આ નિર્ણયથી રિયલ એસ્ટેટ પ્રોજેક્ટમાં ફ્લેટ ખરીદનારના હકોનું રક્ષણ થયું છે. ઘણી વખત ખરીદનાર પોતાની નાણાકીય જવાબદારી પૂર્ણ કરે છે છતાં ડેવલપર કબજો આપવામાં વિલંબ કરે છે, બાંધકામ અધૂરું રાખે છે અથવા કાનૂની દસ્તાવેજો કરતા નથી. આવા કિસ્સામાં રેરા દ્વારા કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે.ફરિયાદી પક્ષે રજૂઆત કરી હતી કે નાણા ચૂકવ્યા બાદ પણ સંપૂર્ણ અને કાયદેસર કબજો મળ્યો નથી, જેના કારણે માનસિક અને આર્થિક નુકસાન થયું છે. સત્તાધિકારીએ તે સ્વીકારી ડેવલપરને સમયમર્યાદામાં જવાબદારી પૂર્ણ કરવા ફરજ પાડી છે.આ ચુકાદો રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ઘર ખરીદનાર ગ્રાહકોના હિતોના રક્ષણ અને ડેવલપરની જવાબદારી સુનિશ્ચિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

# વિંછીયા પંથકની સગીરાના દુષ્કર્મ કેસમાં આરોપી અરવિંદ વાલાણીના જામીન રદ

## સરકારી વકીલ મુકેશ પીપળીયાએ જામીનનો ઉગ્ર વિરોધ કરી આરોપી નાસી જશે, કેસમાં વિલંબ થશે તેવી દલીલ માન્ય

**અબતક, રાજકોટ**

વિછીયા પંથકમાં ૧૬ વરસ અને નવ માસની સગીરાને લગ્નની લાલચ આપી અને પ્રેમ જાળમાં ફસાવી અપહરણ કરી દુષ્કર્મ ગુજારવાના ગુનામાં જેલ વાલે રહેલા અરવિંદ વાલાણી ની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.

વધુ વિગત મુજબ વિછીયા પંથકની વર્ષ ૧૬ વર્ષ ૯ માસ વાળી સગીરાને લાખાવાડ ગામનો અરવિંદ રણછોડભાઈ વાલાણી પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી દુષ્કર્મની ફરિયાદ વિછીયા પોલીસ મથકમાં ગત તારીખ ૫-૮-૨૦૨૬ ના રોજ પીડીતાના વાલી એ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી અરવિંદ વાલાણીની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. બાદ અરવિંદ વાલાનીએ જામીન ઉપર છૂટવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી જે જામીન અરજી રાજકોટની અદાલતમાં ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર તરફે સરકારી વકીલ હાજર રહે અને જામીન અરજી નો વિરોધ કરતા દલીલ કરી હતી. કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે અને ભોગબનનાર સગીર હોવાનું જાણવા છતાં આરોપીએ તેણીને લઈ જઈ દુષ્કર્મ આચરેલ હોય આવા ગંભીર ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહી તેમજ જો તેને જામીન આપવામાં આવશે તો તે નાસી ભાગી જશે અને મુદ્દતે કોર્ટમાં હાજર રહેશે નહીં અને કેસ ચાલવામાં વિલંબ થશે તેથી પણ તેથી જામીન અરજી રદ કરવા કાયદાકીય જોગવાઈ પ્રમાણે તર્ક બંધ માંગ કરી હતી.જે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ આઈ બી પઠાણએ આરોપી અરવિંદ રણછોડભાઈ વાલાણી ની રેગ્યુલર જામીન અરજી રદ કરી છે આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલા હતા

# શાપરના કામ કરતી વેળાએ ગ્રાઈન્ડર મશીન વાગી જતા યુવકનું મોત

## ૨૨ દિવસની લાંબી સારવારમાં સિવિલ હોસ્પિટમાં દમ તોડ્યોઃ ૩ માસ પહેલા લગ્ન થનારના મોત થી પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક રાજકોટ**

શહેરના ભાગોળે આવેલ સાપર વેરાવળમાં રહેતો ૨૫ વર્ષે યુવાનને ગ્રાઈન્ડર મશીન વાગી જતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન ગઈકાલે તેમનું મોત નીપજતા સાપર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહ ને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ સાપર વેરાવળમાં શીતળા માના મંદિર પાસે રહેતો વિશાલ પુનર્વાસી રાજભર ઉંમર વર્ષ ૨૫ વર્ષીય યુવાન ગત તા ૪ ના રોજ કારખાનામાં ખુરશી પર બેસીને ગ્રાઈન્ડર મશીનથી કામ કરતો હતો તે દરમિયાન યુવકને મશીન માથાના ભાગે લાગી જતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જેનું ૨૨ દિવસની ચાલુ સારવાર દરમિયાન ગઈકાલે મોત નીપજતા સાપર વેરાવળ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતે ઉત્તર પ્રદેશ નો વતની હોય અને મૃતક ત્રણ માસ પૂર્વે લગ્ન થયા હતા અને ત્રણ બેન નો મોટા ભાઈના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# રૂ.૫ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીની એક વર્ષની સજા યથાવતઃ સેશન્સ કોર્ટે અપીલ ફગાવી

## ટ્રાયલ કોર્ટે ૨૦૨૪માં એક વર્ષની કેદ અને રૂ.૫ લાખ વળતરનો હુકમ કર્યો હતોઃ દફસશહ હેમાંશુ પારેખની દલીલ માન્ય રાખી સજા કાયમ રખાઈ

**અબતક, રાજકોટ**

નાણાકીય વ્યવહારમાં થયેલ ચેક રિટર્ન કેસમાં આરોપીને થયેલ એક વર્ષની સજાના હુકમ સામેની અપીલ સેશન્સ કોન્ટેક ફગાવી દીધી છે. ટ્રાયલ કોર્ટ દ્વારા કરાયેલ એક વર્ષની કેદ અને વળતરનો હુકમ કાયમ રાખી આરોપીને કોર્ટ કસ્ટડીમાં લઈ જેલ હવાલે કરાયો છે.શહેરના યુનિ. રોડ પર રોયલ પાર્ક,રહેતા વણિક વેપારી અગ્રણી હિતેન શશીકાંત ટોલિયા પાસેથી રેસકોર્સ રીંગ રોડ મેયર બંગલા પાછળ, આદર્શ સોસાયટીમા રહેતા વેપારી ચૈતન્ય જયંતભાઈ વ્યાસએ ૨૦૧૯માં ધંધામાં નાણાંની જરૂરિયાત હોવાથી રૂ.૫,૦૦,૦૦૦ રોકડા લીધા હતા અને તેની પ્રોમિસરી નોટ પણ કરાવી હતી. જે રકમ ચૂકવવા આપેલો ચેક અપૂરતા ભંડોળના કારણે પરત ફર્યો હતો, જેથી ચૈતન્ય વ્યાસ સામે ફરિયાદ નોંધાવી હતી.

કેસ ચાલતા વર્ષ ૨૦૨૪માં ચીફ કોર્ટે આરોપી ચૈતન્ય વ્યાસને એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ રૂ.૫ લાખ વળતર પેટે ૬૦ દિવસમાં ફરિયાદીને ચૂકવી આપવા હુકમ કર્યો હતો. વળતર ન ચૂકવે તો વધુ ૬ માસની સાદી કેદ ભોગવવાનો પણ હુકમ કરાયો હતો. આ હુકમથી નારાજ થઈ આરોપી ચૈતન્ય વ્યાસએ સેશન્સ અદાલતમાં સજા-વળતરનો હુકમ રદ કરવા અપીલ કરી હતી.

સેશન્સ અદાલતમાં ફરિયાદી તરફે એડવોકેટ હેમાંશુ પારેખે રજૂઆત કરી હતી કે ટ્રાયલ કોર્ટે તમામ દસ્તાવેજો, પુરાવાઓ જોઈને સજા કરી છે. ફરિયાદીએ તમામ બાબતો કાયદેસર પુરવાર કરી છે, જ્યારે બચાવ પક્ષ રકમ મળી નથી કે પરત ચૂકવી દીધી છે તેવો કોઈ બચાવ કરી શક્યો નથી. પુરાવાનું યોગ્ય મૂલ્યાંકન થયું છે, જેથી સજાનો હુકમ કાયમ રાખી અપીલ રદ કરવા માંગ કરી હતી અને ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ રજૂ કર્યા હતા.

સેશન્સ અદાલતે પુરાવા, કાયદાની પરિસ્થિતિ અને ચુકાદાઓને ધ્યાને લઈ ટ્રાયલ કોર્ટનો સજા-વળતરનો હુકમ માન્ય રાખ્યો હતો અને આરોપીને તાત્કાલિક કોર્ટ કસ્ટડીમાં લઈ રાજકોટ સેન્ટ્રલ જેલ ખાતે મોકલ્યો હતો.આ કામમાં ફરિયાદી હિતેનભાઈ ટોલિયા તરફે યુવા લો એસોસિએટના કિરીટ નકુમ, હેમાંશુ પારેખ, કુલદીપ ચૌહાણ, યશપાલ ચૌહાણ, સાગરસિંહ પરમાર સહિતની ટીમ રોકાયેલી હતી.

# લાલપરી તળાવમાં ઝંપલાવી ઈલેક્ટ્રિશન યુવાનનો આપઘાત

## માર્કેટ યાર્ડ પાસે રહેતા મૃતક પોતે બે દીવસથી લાપતા બાદ આજે સવારે મૃતદેહ મળ્યોઃપરિવારમાં હૈયાફાટ રૂદનના દ્રશ્યો સર્જાયા

**અબતક, રાજકોટ**

શહેરના જૂના માર્કેટિંગ યાર્ડ પાસે રહેતા ૨૫ વર્ષીય યુવાનની બે દિવસ બાદ લાલપરી તળાવમાંથી લાશ મળતા બી ડિવિઝન પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને ફાયર બ્રિગેડની મદદથી મૃતદેહ અને બહાર કાઢી પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો આ અગે યુવાને અગમ્ય કારણોસર આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે આપઘાતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે જૂના માર્કેટિંગ યાર્ડ પાસે મનહર સોસાયટી શેરી નંબર ૯ માં રહેતા સાગર ભાઈ રાજેશભાઈ ભાગલાણી ૨૫ વર્ષે યુવાન તારીખ ૨૫ ના રોજ ઘરેથી ગુમ થયેલ હતા જેનો મૃતદેહ આજે લાલ પરી તળાવ



ખાતેથી મળતા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને ફાયર બ્રિગેડની મદદથી મૃતદેહને પાણી માંથી બહાર કાઢી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકે અગમ્ય કારણોસર આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે મૃતક પોતે ઈલેક્ટ્રિશન હોય અને ૩ ભાઈમાં વચેટ અને સંતાનમાં ૧ પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ યોગેશભાઈ મકવાણા વધુ તપાસ હાથ ધરી છે

### બી ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરીઃ કારણ અકબંધ


**CHANGE OF NAME**

I **SHITAL SANJAY SAPARIA** HEREBY DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM **SHITALBEN SANJAYKUMAR SAPARIA** TO **SHITAL SANJAY SAPARIA.** NOW ONWARDS I WOULD BE KNOWN AS **SHITAL SANJAY SAPARIA.**

**ADDRESS:** SHANIDHYA GREEN-B, FLAT-1102, AHEAD SPEEDWELL PARTY PLOT, RAJKOT, GUJARAT 360004.

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**વિવિધ સ્થળો ખાતે CCTV સર્વેલન્સ સિસ્ટમની જોગવાઈ**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ ઈએલ/ટીઆરડી/૨૬-૨૭/૧૬R૧ તારીખ : ૨૨.૦૮.૨૦૨૬

**(i) કામનું નામઃ** રાજકોટ ડિવિઝન પર TSS/SP/SSP અને ટાવર વેગન શેડ્સ ખાતે CCTV સર્વેલન્સ સિસ્ટમની જોગવાઈ. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૫૦,૮૭,૨૧૫.૦૨/- ફક્ત **(iii) અર્નેસ્ટ મનીઃ** ₹ ૧,૦૧,૮૦૦.૦૦/- **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૮-૦૯-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/TrD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત : www.ireps.gov.in** RJT-126

અમને ફોલો કરોઃ X x.com/WesternRly

તંત્રી લેખ

# હિમાલયનો ક્રોધ કે માનવસર્જિત વિનાશ?

નેપાળમાં આવેલા ભયાનક પૂરે જે વ્યાપક તબાહી મચાવી છે, તેણે સમગ્ર દક્ષિણ એશિયાને ધ્રુજાવી દીધું છે. પહાડો ધસી પડવા, નદીઓનું રૌદ્ર સ્વરૂપ અને ક્ષણવારમાં ગામડાંઓ તણાઈ ગયા છે.આ માત્ર કુદરતી આપત્તિ નથી, પરંતુ માનવીય બેદરકારી અને કુદરતની મર્યાદાઓ ઓળંગવાનું ભયાનક પરિણામ છે. પ્રકૃતિના પિતામહ ગણાતા હિમાલયનો આ પ્રકોપ વાસ્તવમાં કુદરતનો ગુસ્સો ઓછો અને માણસની અંધાધૂંધ ધાકધમકીઓનો વળતો જવાબ વધુ છે.


આપણેજેને 'કુદરતી આફત' કહીને છટકી જઈએ છીએ, તેના મૂળમાં માનવની અવિચારી પ્રવૃત્તિઓ છે. પહાડોને કોતરીને અવિચારી રીતે બનાવવામાં આવતા હાઈવે, નદીઓના નૈસર્ગિક પ્રવાહને રોકીને બાંધવામાં આવતા મોટા ડેમ, અને પ્રવાસનના નામે જંગલોનો વિનાશ-આ બધું જ હિમાલયની નાજુક પરિસ્થિતિને જોખમમાં મૂકી રહ્યું છે. જો આપણે હજી પણ એવું માનતા હોઈએ કે પ્રકૃતિ સાથેની આ દખલગીરી અવિરત ચાલશે અને કોઈ પરિણામ નહીં આવે, તો આ આપણી સૌથી મોટી ભૂલ છે. આ તો હજુ માત્ર શરૂઆત છે; જો માનવીય આક્રમણ નહીં અટકે, તો આવનારા સમયમાં આનાથી પણ ભયંકર વિધ્વંસ જોવા મળશે.

ભારત માટે આ એક મોટો ચેતવણીનો ઘંટ છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશથી લઈને ઈશાન ભારત સુધી, આપણે પણ આવી જ ભૂલો પુનરાવર્તિત કરી રહ્યા છીએ. હવે ભારતમાં પ્રકૃતિ રક્ષણ અને પર્યાવરણીય જાગૃતિ માત્ર એક વિચાર નહીં, પરંતુ અસ્તિત્વની જરૂરિયાત બની ગઈ છે. વિકાસ અને પર્યાવરણનો સમન્વયઃ પહાડી વિસ્તારોમાં કોઈપણ પ્રોજેક્ટ શરુ કરતા પહેલાં તેની પર્યાવરણીય ક્ષમતા ની યોગ્ય તપાસ થવી જોઈએ.નદી કિનારે થતાં ગેરકાયદેસર અને અનિયંત્રિત બાંધકામો પર તાત્કાલિક સંપૂર્ણ બ્રેક લગાવવી પડશે. પર્યાવરણ પ્રત્યે સામાન્ય નાગરિકોમાં જવાબદારીની ભાવના કેળવવી પડશે.

પ્રકૃતિના સંકેતો સ્પષ્ટ છે. જો આપણે સંતુલન જાળવવામાં નિષ્ફળ રહીશું, તો કુદરત આપણને સુધરવાની બીજી તક નહીં આપે. હજુ પણ સમય છે-વિનાશના આરે પહોંચીને પાછા વળવાનો.

# જીજ્ઞેશ ઉપાધ્યાયની પ્રથમ પૂણ્યતિથિ નિમિતે બોલબાલા સંસ્થા દ્વારા સંત-બ્રહ્મભોજનનું આયોજન

## ગોંડલ રોડ સ્થિત માલવિયા વાડી ખાતે યોજાનારા પ્રસંગ માટે ૧૧૦૦ પાસનું વિતરણ શરૂ: પધારનાર ભૂદેવોને ભોજન સાથે દક્ષિણા અને ભેટ અપાશે



**અબતક, રાજકોટ**

બોલબાલા સંસ્થાના પૂર્વ પ્રમુખ જિગ્નેશભાઈ ઉપાધ્યાયની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે બોલબાલા મહાદેવજી સેવા સંસ્થા દ્વારા દર વર્ષની પરંપરા મુજબ ભવ્ય સંતભોજન, બ્રહ્મભોજન તથા પૂજારીભોજનનું વિશેષ આયોજન મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી ગોંડલ રોડ પર આવેલા રમણીક કુવરબા વૃદ્ધાશ્રમ સામેની માલવિયા વાડી ખાતે યોજાશે. આ ભોજન સમારંભ માત્ર ભાઈઓ માટે જ રાખવામાં આવ્યો છે. આ ભોજન પ્રસંગમાં સહભાગી થવા માટે પાસ મેળવવો ફરજિયાત છે અને સંસ્થા દ્વારા આશરે ૧૧૦૦ પાસનું વિતરણ શરૂ કરી દેવાયું છે. પાસ મેળવવા માટે લક્ષ્મીવાડી સ્થિત બોલબાલા મંદિર, મિલપરા મેઈન રોડ પર આવેલા બોલબાલા સંકુલ તેમજ કાલાવડ રોડ પર બી. એ .પી. એસ સ્વામિનારાયણ મંદિર પાછળ આવેલ બોલબાલા સેવા સદનનો સંપર્ક કરી શકાશે. આ પવિત્ર પ્રસંગમાં પધારનાર દરેક ભૂદેવ, સંત અને પૂજારી માટે સ્નેહભર્યા ભોજન સાથે દક્ષિણા, સન્માન અને આશરે ₹૨૦૦થી ₹૩૦૦ની સુંદર ભેટ અર્પણ કરવામાં આવશે. આ આયોજનમાં જે દાતાઓ સંતો-ભૂદેવોના ભોજન, ગિફ્ટ કે દક્ષિણા સેવા (પ્રતિ વ્યક્તિ ₹૨૦૦) માં સહયોગ આપવા ઈચ્છતા હોય તેઓ સંસ્થાનો સંપર્ક કરી શકે છે. નિમંત્રક જયેશ ઉપાધ્યાય દ્વારા સંપર્કમાં આવતા દરેક જનોઈધારી બ્રાહ્મણ ભૂદેવો, સંતો અને પૂજારીઓ સુધી આ નિમંત્રણ વધુમાં વધુ પહોંચાડવા અપીલ કરાઈ છે. વધુ માહિતી માટે ૯૩૭૪૧૦૩૫૨૦, ૯૩૭૪૧૦૩૫૨૫ અથવા ૦૨૮૧-૨૨૩૭૦૦૦ / ૨૨૪૩૦૦૮ નંબર પર સંપર્ક સાધી શકાશે.

# અરવિંદભાઈ મણીઆર ટ્રસ્ટ દ્વારા અધ્યતન સુવિધાઓ સાથે 'ફરતા દવાખાના'નો પુનઃ શુભારંભ

## બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ તપાસ જેવા સાધનોથી સજ્જ ફરતા દવાખાનામાં ટોકન દરે પ્રાથમિક સારવાર તથા દવાઓ ઉપલબ્ધ કરાશે



**અબતક, રાજકોટ**

'માનવસેવા એ જ પ્રભુ સેવા'ના સંકલ્પ સાથે અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ત્રણ દાયકાથી કાર્યરત 'અરવિંદભાઈ મણીઆર ફરતા દવાખાના'નું નવી વ્યવસ્થા અને અધ્યતન તબીબી સુવિધાઓ સાથે સાંદિપની વિદ્યાલયના પટાંગણમાં પુનઃ શુભારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, ટ્રસ્ટી રાજુભાઈ ધ્રુવ, પૂર્વ મંત્રી અરવિંદભાઈ રૈયાણી, મિહિરભાઈ મણીઆર, સાંદિપની વિદ્યાલયના સંચાલક દુષ્યંતભાઈ સંપટ, પ્રભાતભાઈ ડાંગર, નિલેશભાઈ શાહ અને જહ્નવીબેન લાખાણી સહિતના અગ્રણીઓએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. આ ફરતા દવાખાનામાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ તપાસના સાધનો અને સ્ટેથોસ્કોપ સહિતના અધ્યતન સાધનો ઉમેરવામાં આવ્યા છે, જેથી છેવાડાના વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારના લોકોને સ્થળ પર જ ટોકન દરે પ્રાથમિક સારવાર અને દવાઓ મળી રહેશે. નવા વરાયેલા સંચાલક ડો. જયસુખભાઈ મકવાણાએ તબીબી સેવાઓ અંગે માહિતી આપી હતી. કાર્યક્રમમાં સાંદિપની શાળાના સ્થાપક દિવંગત મહેન્દ્રભાઈ સંપટને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

આ પ્રસંગે વોર્ડ નં. ૬ના કોર્પોરેટર અનિલભાઈ ચૌહાણ, પૂનમબેન મોરવાડિયા, ધર્મિષ્ઠાબેન પરમાર, આગેવાનો જસાભાઈ આહિર, પરાગભાઈ મહેતા તેમજ વોર્ડ નં. ૫ના કોર્પોરેટર સંજયભાઈ ચાવડા, રસીલાબેન સાકરિયા, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, ગૌતમભાઈ કાનગડ, પરેશભાઈ લીંબાસીયા, દિનેશભાઈ ડાંગર, જીલુભાઈ પ્રફુલભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નિલેશભાઈ શાહે અને આભારવિધિ પ્રભાતભાઈ ડાંગરે કરી હતી. મેનેજિંગ ટ્રસ્ટી ડો. કથીરિયાસાહેબ, હંસિકાબેન મણીઆર, શિવુભાઈ દવે અને કલ્પકભાઈ મણીઆરના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટના કાર્યકરોએ જહમત ઉઠાવી હતી.

# નિધિ સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી

## કે.જી.ના ભુલકાઓએ રાખડીના ચિત્રને રંગપૂરી શણગાર દ્વારા સુશોભિત કરાઈ



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નંબર - ૧ ના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ નિધિ સ્કૂલ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવેલ હતી, આ ઉજવણીમાં કે.જી વિભાગના વિદ્યાર્થીઓ ભાઈ બહેનો દ્વારા રક્ષાબંધન પર્વ નિમિત્તે રાખડીના ચિત્રને રંગ પૂરીને શણગાર દ્વારા સુશોભિત કરેલ હતી, તેમજ ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીની બહેનોએ આપણા રક્ષકો એવા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફને રક્ષાપોથી બાંધેલ હતી અને મો મીઠા કરાવી સાચા રક્ષકો તરીકે પોતાની ફરજ બજાવે તેવા આશીર્વાદ પાઠવેલ હતા, આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન નિધિ સ્કૂલના ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, કાજલબા ચુડાસમા, હર્ષદ રાઠોડ હેમાલી મકવાણા, દષ્ટિ ચાવડીયા સ્નેહા માકડ તેમજ સમગ્ર શિક્ષક ગણ જોડાયેલ હતો.

# ગીત ગુર્જરીમાં કાલે ગર્ભાવસ્થા વિપશ્યના ધ્યાન શિબિર

**અબતક, રાજકોટ**

ભારત ની અત્યંત પુરાની ધ્યાન પદ્ધતિ વિપશ્યના ધ્યાન - ગર્ભાવસ્થા સમયે ખૂબ ઉપયોગી થાય છે. માતા ની અંદરના બધા સંસ્કાર બાળક માં આવતા હોય છે. બાળક નું માનસ ૮૦% માતા નાં ગર્ભમાં જ તૈયાર થતું હોય છે. વિપશ્યના સાધના અંતરમન ની ગહરાઈ થી રાગ - દ્વેષ - મોહ-ભય - ઈર્ષા - ચિંતા ને સમાપ્ત કરે છે, પરિણામે ખૂબ કરુણા, ખૂબ મૈત્રી ખૂબ સમતા અને ખૂબ મુદિતા પુષ્ટ થાય છે જે નિતાંત આવશ્યક છે. આ કેમ્પ 'ભાભા કૃપા' ૩ ગીત ગુર્જરી સોસાયટી જૂનો એરપોર્ટ રોડ, સ્વામિનારાયણ મંદિર વાળી શેરી રાજકોટ ખાતે યોજાશે. સમય સાંજે ૫ થી ૬:૧૫એ શરૂ થશે.

# ધીરગુરૂદેવની નિશ્રામાં તપસ્વી રિકિશાબેન જૈનના ૩૨ ઉપવાસના પારણા કરશે



**અબતક, રાજકોટ**

ગોંડલ સંપ્રદાયના ધીરગુરુદેવની નેત્રાનંદકારી નિશ્રામાં તપસ્વી રિકિશાબેન જૈન દ્વારા ૩૨ ઉપવાસની તપશ્ચર્યા કરવામાં આવી છે. એમ્બીવેલી સિટીમાં પ્રથમ વખત ગુરુદેવની નિશ્રામાં આવી કઠોર તપશ્ચર્યાનું આયોજન થયું છે.

આ તપશ્ચર્યાના પારણા કાર્યક્રમનું આયોજન કાલે ચાતુર્માસના લાભાર્થી અમિશાબેન વોરાના નિવાસસ્થાને કરવામાં આવ્યું છે. આ પ્રસંગે એમ્બીવેલી સિટી સ્થિત વેસ્ટ લેક, ૨૦૮-જય જિનેન્દ્ર વિલા ખાતે તપસ્વીના પારણાનો ધાર્મિક કાર્યક્રમ યોજાશે, જેમાં ધર્મપ્રેમી ભાઈ-બહેનો ઉપસ્થિત રહેશે.

# કૈલાસ માનસરોવર યાત્રામાં થયેલી તારાજી અંગે ડો.યશવંત ગોસ્વામીએ શોક વ્યક્ત કર્યો



**અબતક, રાજકોટ**

સંવેદનાપ્રકૃતિના રૌદ્ર સ્વરૂપ સામે માનવી લાચાર સાબિત થયો છે. કૈલાસ માનસરોવર યાત્રા દરમિયાન સર્જાયેલી આ હોનારત અંગે દિલસોજી વ્યકત કરતા શ્રી શિવવંદના ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. યશવંત કે. ગોસ્વામીએ જણાવ્યું છે કે, આ દુર્ઘટના અત્યંત હૃદયકાંપનારી છે. બોર્ડર ક્રોસ કરે તે પહેલાં જ ૫૦૦થી વધુ કૈલાસ યાત્રિકોના મોત થયા છે અને હજારો લોકો નદીના પ્રવાહમાં વહી ગયા છે.

આ દુર્ઘટના પાછળ તિબેટ-ચાયના સરકારની ઘોર બેદરકારી સામે સવાલ ઉઠાવતા ડો. ગોસ્વામીએ ઉમેર્યુ કે, ગત વર્ષે રસુવાઘાટી પાસે નેપાળ-તિબેટને જોડતો પુલ તૂટી જતાં કોદારી બોર્ડરથી યાત્રા શરૂ કરાઈ હતી. છતાં આ વર્ષે પણ એ જ તૂટેલા પુલવાળા જોખમી રસ્તે યાત્રા યોજવામાં આવી. યાત્રિકો પાસેથી કરોડો રૂપિયા વસૂલતી ચાયના સરકારે સુરક્ષાના યોગ્ય પગલાં લેવાને બદલે આ ગંભીર સમસ્યાને હળવાશથી લીધી, જેના કારણે આ હોનારત સર્જાઈ છે.

બીજી તરફ, આ ભયાનક આફત વચ્ચે રાજકોટના ૧૨૦ યાત્રિકોનો ચમત્કારીક બચાવ થયો છે. ચાયના પરમિટ ન મળતાં આ યાત્રિકોને યાત્રાના ૪ દિવસ પહેલાં જ રીફંડ આપી પરત મોકલાયા હતા, જેથી તેઓ બોર્ડર પર પહોંચતા બચી ગયા હતા. ડો. ગોસ્વામીએ ''આપણું ધાર્યું થાય તો ઈશ્વરની કૃપા અને ધાર્યું ન થાય તો ઈશ્વરની ઈચ્છા'' સમજીને યાત્રિકોને આશ્વાસન આપ્યું છે અને દિવંગત યાત્રિકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે.

# બાલાજી મંદિરે ભવ્ય શનિવારે 'ધ્વજા રોહણ' અને 'ડ્રાયફૂટ અન્નકુટ' મહોત્સવનું દિવ્ય આયોજન

## ઢોલ-નગારાના ગગનભેદી નાદ સાથે મંદિર પરિસરમાં ધ્વજારોહણ અને મંગલમય સંધ્યા આરતી યોજાશે



**અબતક, રાજકોટ**

સજકોટઃ લાખો ભક્તોની શ્રદ્ધાના પ્રતીક અને શહેરવાસીઓના દુઃખહર્તા એવા મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજના મંગલમય સાનિધ્યમાં (કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ) આગામી તા. ૨૯-૦૮-૨૦૨૬ ને શનિવારના રોજ એક અત્યંત દિવ્ય અને ભક્તિસભર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. કષ્ટભંજન દાદાના દરબારમાં ' ધ્વજા આરોહણ ઉત્સવ અને ડ્રાયફુટ અન્નકૂટ દર્શન' ભારે હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવશે.

પવિત્ર દિવસની શરૂઆત સવારે ૬:૪૫ કલાકે દાદાની સવારની આરતી સાથે થશે. આ પાવન અવસરે બાલાજી દાદાને વિશેષ રૂપે ડ્રાયફુટનો ભવ્ય અજન્નકૂટ ધરાવવામાં આવશે. સાંજના સમયે સમગ્ર મંદિર પરિસર ભક્તિમય નાદથી ગુંજી ઉઠશે. સાંજે ૦૫:૩૦ કલાકે ઢોલ-નગારાના સથવારે અને ભારે ઉત્સાહ સાથે વાજતે-ગાજતે દાદાના મંદિરના શિખર પર પવિત્ર ધ્વજા આરોહણ કરવામાં આવશે. સાંજે ૭:૧૫ કલાકે ભવ્ય સંધ્યા આરતી ઉતારવામાં આવશે.

આ સમગ્ર મહોત્સવ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદથી અને 'બાલાજી સેવા સમિતિ' ના વિશેષ અને મુખ્ય સહયોગથી યોજાઈ રહ્યો છે. મંદિરના આયોજક મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી મુનિવત્સલદાસજી સ્વામી દ્વારા સમસ્ત રાજકોટની ધર્મપ્રેમી જનતાને આ ભવ્ય આયોજનનું ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# અલીયાબાળામાં શનિવારે નિઃશુલ્ક નેત્ર અને દંત યજ્ઞ કેમ્પ

**અબતક, રાજકોટ**

રણછોડદાસ આશ્રમ હોસ્પિટલ - રાજકોટ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા હરિઓમ વૃદ્ધાશ્રમ - અલીયાબાળા, રણુજા મંદિર સામે ૨૯-૮-૨૬ ને સવારે ૯ થી ૧૨ નેત્ર યજ્ઞ અને દંત યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પ માં આશ્રમ ના આંખ ના ડોક્ટર દ્વારા આંખ ના દર્દીઓને તપાસી મોતિયા ના ઓપરેશન માટે રણછોડદાસ આશ્રમ રાજકોટ ખાતે લઈ જવામાં આવશે દર્દીએ ફક્ત પોતાના આધાર કાર્ડ ની ઝેરોક્ષ સાથે રાખવી.તેમજ ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ ના ડો.જયસુખભાઈ મકવાણા, ડો.દિપાલી સોની, ડો.સોનલ અસોદારીયા અને જાગૃતિ ચૌહાણ. મોનિકા ભટ્ટ દ્વારા દાંત ના દર્દીઓને તપાસી સારવાર આપવામાં આવશે. જોશી બાપા અને તેમના સ્ટાફ દ્વારા તેમજ ગ્રામીણ વિસ્તાર ના બહેનો અને મહિલા મંડળ દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે.

# રાજ પ્રાથમિક શાળાના છાત્રોએ અવનવી રાખડી સ્પર્ધા બનાવી



**અબતક, રાજકોટ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ પોપટપરા-૧૧માં આવેલ રાજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા 'રાખડી સ્પર્ધા'નું આયોજન કરેલ. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. 'રાખડી સ્પર્ધા'માં પ્રથમ નંબર પર્વ અજયભાઈ મકવાણા, બીજા નંબરે રાઠોડ સના ફાતેમા જાવેદભાઈને વિજેતા જાહેર કરેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સંચાલક રાજેનભાઈ કે સિંઘવ, યુ.આર.મેનોન, પ્રશાંતભાઈ આર. સિંઘવ, હિરેનભાઈ ટંકારીયા, વિજયભાઈ ચાવડીયા, પારસભાઈ આર. સિંઘવ, રાહુલભાઈ, વિકાસભાઈ, પાર્થભાઈ, ભરતભાઈ, પ્રિયાંશુ, કરણ તેમજ શિક્ષકગણે જહેમત ઉઠાવી હતી.

## લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર

# પ્રોજેક્ટ 'લાઈફ' દ્વારા ''માતૃત્વની નવી આશા'' વિષય પર રવિવારે ફેસબુક ટોક

**અબતક, રાજકોટ**

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેક્ટ 'લાઈફ', રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ દ્વારા આયોજિત આરોગ્યલક્ષી પ્રવચન શ્રેણી 'શું કરીએ તો સદાય સાજા રહીએ' અંતર્ગત ૩૩૮માં પ્રવચનનું આગામી રવિવાર, ૩૦ ઓગસ્ટ ૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ સુધી આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડો.અજય એમ. ચરણ એમએસ ગાયનેક, ટ્રેઈન્ડ ઈન લેપ્રોસ્કોપી દ્વારા ''માતૃત્વની નવી આશાઃ લેપ્રોસ્કોપી, ફર્ટિલિટી અને ગર્ભાવસ્થા'' પર મહત્વની માહિતી આપવામાં આવશે.

ઉપરોકત બાબતમાં ઊંડાણપૂર્વક માહિતી મેળવવા માટે ડિજીટલી પ્રસારિત થનાર આ ટોક ખૂબ જ ઉપયોગી બની શકે છે. વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૮૫ ૧૧ ૩૩ ૧૧ ૩૩ / ૦૨૮૧ ૨૪૭૯૧૩૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# ગૌશાળાઓમાં કાલે ગાયોને ૧૧ મણ લાડવા ખવડાવાશે

**અબતક, રાજકોટ**

સ્વ. દોલતસિંહભાઈ ચોહાણ પ્રેરિત જય માતાજી અબોલ જીવ માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દવારા રક્ષાબંધનનાં દિવસે તારીખ ૨૮/૮/૨૬ નાં રોજ ૧૧ મણ લાડવા ગૌશાળાઓમાં ગાયો ને ખવડાવવામાં આવશે. આ ભગીરથ કાર્ય એરપોર્ટ ફાટક પાસે રાજકૃતિ એફ ૧ નાં ફળીયામાં તા. ૨૭ ઓગસ્ટ ગુરુવારનાં બપોરે ૪.૦૦ વાગ્યાથી લાડવા બનાવવાનો શ્રમયજ્ઞ આયોજીત કરેલ છે. જેઓને જોડાવવું હોય તેઓ જોડાઈ શકે છે. જે કોઈને સેવા સામગ્રી દેવી હોય તેઓ આ કાર્યમાં આપી પણ શકે છે.

સમગ્ર સેવા કાર્યને સફળ બનાવવા માટે ચંદુભાઈ ગોળવાળા, ૯૩૭૪૧૦૧૭૧૬, જયોતિબા ચોહાણ ૯૭૨૫૬૪૮૬૩૫, પ્રિયવદનભાઈ ભટ્ટ, ૯૪૦૮૦૦૩૨૬૯, મનસુખભાઈ કણસાગરા ૯૩૭૫૭૧૯૬૯૬, અલ્કાબેન ખગ્રામ, ચીરાગભાઈ ધામેચા, બહાદુરસિંહ બાપુ, મનુભાઈ પ્રજાપતી, હીનાબેન જાની, દેવિયાનીબેન રાવલ, ઉમાબેન સિંધી ગ્રુપ, તારાબેન, કંચનીબેન સીંધી ગ્રુપ, હર્ષાબેન પંડિત, જનકસિંહ બાપુ, ચંદુભા બાપુ, માંડણભાઈ ભરવાડ વગેરે જહેમત ઉઠાવી રહયા છે. અત્રે ખાસ જણાવવાનું કે દર પૂનમ તથા અમાસનાં દિવસે ગોમાતાઓને લાડવા અર્પણ કરવામાં આવી રહયા છે. સાથોસાથ દરરોજ શ્વાનોને ભાવતો ખોરાક દૂધ રોટલી અલગ અલગ ૨૨ જગ્યાએ અર્પણ પણ કરવામાં આવી રહયો છે.

## દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ દ્વારા

# વહાલુડીના વિવાહ-૯ લગ્નોત્સવની તૈયારીનો શુભારંભ

## કરિયાવર, મંડપ મુહુર્ત-ભૂદેવોની વ્યવસ્થા સહિતનું આયોજન

**અબતક, રાજકોટ**

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ દ્વારા છેલ્લા આઠ વર્ષથી પ્રતિવર્ષ ડિસેમ્બર મહિનામાં માતા પિતા વિહોણી કે પિતા વિહોણી ૨૨ બાવીશ દીકરીઓના જાજરમાન લગ્નોત્સવ સમાજના સથવારે યોજવામાં આવે છે. આગામી વર્ષમાં પણ તારીખ ૨૦ ડિસેમ્બર ૨૦૨૬ રવિવારના રોજ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટના આંગણે વહાલુડીના વિવાહ ૯ યોજવાનું સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવેલ છે

માતા પિતા વિહોણી કે પિતા વિહોણી દીકરીઓનો લગ્નોત્સવ યાદગાર શાનદાર દિવ્ય ભવ્ય બની રહે તે માટે સંસ્થાની પ્રથમ કોર કમીટીની મીટીંગ સંસ્થાના વરિષ્ઠ ટ્રસ્ટી શિવલાલભાઈ આદરોજાના અધ્યક્ષસ્થાને યોજાયેલ જેમાં કોર કમીટીના સભ્યોએ ઉપસ્થિત રહ્યા.

વહાલુડીના વિવાહના સમગ્ર આયોજનની માહિતી આપતા જણાવેલ કે એક મહિના સુધી દીકરીઓના ફોર્મ ભરાશે, ફોર્મ ભરાયા બાદ ફોર્મની ચકાસણી,તપાસ, દીકરીઓની પસંદગી, કરિયાવર, બ્યુટીપાર્લરની વ્યવસ્થા, મહેંદી રસમ, મંડપ મુહુર્ત, ફોટોગ્રાફી, પાર્ટી પ્લોટ, કન્યાદાન, માટે નામ, ભૂદેવોની વ્યવસ્થા સહિતની તૈયારીની માહિતી આપેલ છે.

સંસ્થાના કિરીટભાઈ આદરોજાએ એક અનાથ દિકરીના લગ્ન કરાવવાથી એક અશ્વમેઘ યગ્નનું પુણ્ય મળે છે તેવુ કહેવાયુ છે. ટીવી, ફ્રીઝ, વોશિંગ મશીન, સહિતની કરિયાવરમાં દાતાઓના સહયોગથી નાની મોટી ૨૫૦ જેટલી વસ્તુઓ અને છ મહિના સુધી ચાલે એટલી ઘંઉ, ખાંડ, ચોખા તેલ, દાળ, ચા સહિતની જીવન જરૂરિયાતની કીટ પણ આપવાનું છે. દીકરાનું ઘર વૃદ્ધાશ્રમની કોર કમિટી મિટિંગમાં શિવલાલભાઈ આદરોજા, પ્રતાપભાઈ પટેલ, ધીરુભાઈ રોકડ, વસંતભાઈ ગાદેશા સહિતના ઉપસ્થિત રહેલ.

મીટીંગના પ્રારંભે સંસ્થાના અનુપમ દોશીએ સૌનું સ્વાગત કરેલ. સુનિલ વોરાએ વહાલુડીના વિવાહ ૯ની પ્રારંભીક માહિતી આપેલ નલિન તન્નાએ આભારવિધિ કરેલ.

# સિક્સ-લેન ગ્રીનફીલ્ડ બાયપાસ સામે ગઢકા ગામના ખેડૂતો મેદાને, કલેકટરને રજૂઆત

## જમીનની યોગ્ય ગણતરી અને ન્યાયી વળતર વિના નિર્ણય લેવામાં આવશે તો ઉગ્ર આંદોલન હાથ ધરવાની ખેડૂતોની ચીમકી

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ગઢકા ગામના ખેડૂતો અને ગ્રામ પંચાયત દ્વારા ગ્રીનફિલ્ડ ૬-લેન રોડ પ્રોજેક્ટ સામે સ્થાનિક ખેડૂતોમાં ભારે અસંતોષ ફેલાયો છે. આજરોજ ગઢકા ગામના ખેડૂતો અને આગેવાનો મોટી સંખ્યામાં એકઠા થઈને રાજકોટકલેકટરને આવેદન પાઠવ્યું હતું. ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા હેઠળ નેશનલ હાઈવે-૨૭ (રાજકોટ બાયપાસ) ના કિ.મી. ૦ થી કિ.મી. ૪૩.૯૧૬ સુધીના રસ્તાના નિર્માણ, જાળવણી અને સંચાલન માટે ગઢકા ગામની ફળદ્રુપ જમીનો સંપાદિત કરવાની



પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, જેની સામે સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ અને ચિંતા વ્યાપી ગયા છે.ખેડૂતોએ નેશનલ હાઈવે એક્ટ, ૧૯૫૬ ની કલમ ૩(સી)(૧) હેઠળ ૨૧ દિવસની નિર્ધારિત સમયમર્યાદામાં પોતાની લેખિત વાંધા અરજી રજૂ કરીને રસ્તાનું એલાઈનમેન્ટ બદલવા તેમજ યોગ્ય વળતર આપવા સહિતની માંગણીઓ કરી છે.ખેડૂતોની માંગ છે કે, સરકારી અને ખરાબાની જમીનનો ઉપયોગ કરી રી-એલાઈનમેન્ટ કરવું, જંત્રીના જૂના દરોનો વિરોધ અને બજારકિંમત મુજબ વળતર આપવું, જમીન ઉપરના તમામ વાવેતર અને બાંધકામનું અલગથી મૂલ્યાંકન કરવું, ટુકડાઓમાં વિભાજિત થતી જમીનનું સંપૂર્ણ સંપાદન અને રસ્તાની સુવિધા આપવી તેમજ અરજીના અંતે ગઢકા ગ્રામ પંચાયત અને અસરગ્રસ્ત ખેડૂતોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ રાષ્ટ્રના વિકાસ અને પ્રોજેક્ટની સામે નથી, પરંતુ વિકાસની સાથે ખેડૂતોના આજીવિકાના મૂળભૂત અધિકારોનું રક્ષણ થાય અને તેમને યોગ્ય ન્યાય મળે તે અત્યંત જરૂરી છે.

જો યોગ્ય ગણતરી અને ન્યાયી વળતર વિના નિર્ણય લેવામાં આવશે તો ઉગ્ર આંદોલન હાથ ધરવાની ચીમકી પણ આપી હતી.

# “મારું શહેર, મારો હક” કોંગ્રેસના યુવા કાર્યકરો શેરી ગલીઓમાં ફરી પ્રશ્નો હલ કરવાની બાહેંધરી આપશે

## યુવા કોંગ્રેસ દ્વારા બેટર સિટી અભિયાનનું લોન્ચિંગ

**અબતક રાજકોટ**

ભારતીય રાષ્ટ્રીય યુવા કોંગ્રેસ દ્વારા ‘‘બેટર સીટી‘‘ અભિયાન સમગ્ર ભારતના વિવિધ શહેરોમાં લોન્ચ કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના પાંચ શહેરો રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા, મોરબી નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત ‘‘મારું શહેર, મારો હક‘‘ માં રાજકોટ શહેર જિલ્લા યુવા કોંગ્રેસના તમામ હોદ્દેદારો નેતાઓ કાર્યકરો રાજકોટ શહેરના ૧૮ વોર્ડ માં ફરીને પ્રજાને મળીને પ્રજાની સમસ્યા હલ કરવાની બાહેધરી લેવામાં આવશે. સમસ્યાઓ જેવી કે સ્ટ્રીટ લાઈટ હોય રોડ રસ્તા સફાઈ ગંદકી ની સમસ્યાઓ હોય પબ્લિક ટ્રાન્સપોર્ટ પાર્કિંગમાં થતી સમસ્યાઓ સરકારી સ્કૂલ સરકારી આરોગ્ય કેન્દ્રમાં જે થતી સામાન્ય માણસ ને પડતી મુશ્કેલીઓ પીવાના પાણીની




સમસ્યા અને બીજી આમાં કોઈ જે જનતાની માંગ હશે તે અમારા સાથે મળીને તેમનો નિરાકરણ લાવવામાં આવશે તે એકત્રિત કરીને અધિકારીઓને રજૂઆત કરીને હલ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

હા લોન્ચિંગ કાર્યક્રમમાં રાજકોટ જિલ્લા યુવા કોંગ્રેસના પ્રમુખ દીપ ભંડેરી, રાજકોટ શહેર યુવા કોંગ્રેસના પ્રમુખ ભાગ્યરાજસિંહ વાળા, તેમજ હોદ્દેદારો જયદીપ મયાત્રા, યજ્ઞેશભાઈ દવે, હિરલબા રાઠોડ, નરેન્દ્ર પટેલ, અક્ષાંશ ગોસ્વામી, મન ખાચરિયા ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના

# આવાસના વ્યાજમાં ૧૦૦ ટકા રાહતની યોજના ૩૧ જાન્યુઆરી સુધી લંબાવાઈ

## પ્રથમ તબક્કામાં કુલ ૨,૯૮૮ લાભાર્થીઓએ મુદલની રકમ પેટે રૂ. ૧૦.૫૭ કરોડની ચૂકવણી કરી

**અબતક રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની ભાડા-ખરીદ પદ્ધતિથી નિર્મિત વિવિધ આવાસ યોજનાઓના લાભાર્થીઓ માટે મૂળ હપ્તાની બાકી રકમ પર ચડેલા દંડનીય વ્યાજમાં ૧૦૦ ટકા માફી આપવાની યોજના મંજૂર કરવામાં આવી હતી.

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર આ યોજનાના પ્રથમ તબક્કા અંતર્ગત જિલ્લા કક્ષાએ કુલ ૨૨ વસૂલાત કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પોના માધ્યમથી કુલ ૨,૯૮૮ લાભાર્થીઓએ મુદલની રકમ પેટે રૂ. ૧૦.૫૭ કરોડની ચૂકવણી કરી છે. આ લાભાર્થીઓને કુલ રૂ. ૩૯.૫૧ કરોડ જેટલી માતબર રકમની દંડનીય વ્યાજમાફીનો લાભ મળ્યો છે અને તમામ લાભાર્થીઓને લોનમુક્તિ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા છે.

નાગરિકો અને લાભાર્થીઓની સગવડને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકાર દ્વારા દંડનીય વ્યાજમાફી આપવાની આ યોજનાની મુદત આગામી તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૭ સુધી લંબાવી આપવામાં આવી છે જેનો મહત્તમ લાભ લેવા સંબંધિત લાભાર્થીઓને બોર્ડ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ફાળવણીમાં ગેરરીતિની આશંકા

# આવાસ યોજનામાં એક જ પરિવારને બબ્બે આવાસની ફાળવણી ? તપાસના આદેશ

### એક આવાસ મવડી સ્થિત ટાઉનશીપ અને બીજું ક્વાર્ટર લાઈટ હાઉસમાં

### આવાસમાં ભાડાનું દુષણો રોકવા પ્રથમવાર પકડાય તો રૂ.૨૫૦૦૦ બીજીવાર રૂ.૫૦૦૦૦ દંડ ત્યારે બાદ ફાળવણી રદ કરવાની વિચારણા

**અબતક રાજકોટ**

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જરૂરિયાતમંદ પરિવારોને આવાસ ફાળવવાની કામગીરી વચ્ચે રાજકોટમાં એક જ પરિવારને બે-બે આવાસ ફાળવાયા હોવાના મામલાએ ચર્ચા જગાવી છે. આ અંગે રજૂઆત સામે આવ્યા બાદ રાજકોટ મહાનગરપાલિકાના આવાસ વિભાગના ચેરમેન દ્વારા સમગ્ર મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.એક આવાસ મવડી સ્થિત ટાઉનશીપ અને બીજી આવાસ લાઈટ હાઉસમાં છે.હવે આકરા નિયમો બનાવવામાં આવશે.જેમાં આવાસમાં ભાડાનું દુષણો રોકવા

પ્રથમવાર પકડાય તો રૂ.૨૫૦૦૦બીજીવાર રૂ.૫૦૦૦૦ દંડ ત્યારે બાદ ફાળવણી રદ કરાશે.

પ્રધાનમંત્રી આવાસ યોજનાનો મુખ્ય હેતુ પાત્ર અને જરૂરિયાતમંદ પરિવારોને પોતાનું ઘર ઉપલબ્ધ કરાવવાનો છે. ત્યારે એક જ પરિવારના સભ્યોને એકથી વધુ આવાસ ફાળવવામાં આવ્યા હોવાની ફરિયાદ સાચી હોય તો યોજનાની ફાળવણી પ્રક્રિયા અને લાભાર્થીઓની ચકાસણી સામે પણ સવાલ ઊભા થઈ શકે છે.

આ મામલો ધ્યાન પર આવતા આવાસ વિભાગના ચેરમેને સંબંધિત અધિકારીઓને લાભાર્થીઓના રેકોર્ડ, અરજીમાં દર્શાવેલી વિગતો, પરિવારની માહિતી તેમજ આવાસ ફાળવણી સંબંધિત દસ્તાવેજોની ચકાસણી કરવા સૂચના આપી હોવાનું સામે આવ્યું છે.

તપાસમાં ખરેખર એક જ પરિવારને આવાસ ફાળવાયા છે કે કેમ, ફાળવણી ક્યા આધારે કરવામાં આવી હતી અને નિયમોનું કોઈ ઉલ્લંઘન થયું છે કે નહીં તે સહિતના મુદ્દાઓની ખરાઈ કરવામાં આવશે. તપાસ પૂર્ણ થયા બાદ સમગ્ર મામલાની હકીકત સ્પષ્ટ થવાની સંભાવના છે.

આ પ્રકરણને પગલે પીએમ આવાસ યોજનાના લાભાર્થીઓની પસંદગી અને ફાળવણીમાં પારદર્શિતા જળવાય તથા યોજનાનો લાભ માત્ર વાસ્તવિક પાત્ર પરિવારો સુધી પહોંચે તે માટે અસરકારક ચકાસણીની માંગ પણ ઉઠી રહી છે.

# યુવા ભાજપ દ્વારા ‘વંદે માતરમ યુવા ઉદ્દેષ અભિયાન’ અંગે કાર્યશાળા યોજાઈ

## યુવાનોમાં રાષ્ટ્રભાવના જગાડવા શાળા-કોલેજોમાં ‘વંદે માતરમ’નું પુર્ણ ગાન અને જાગૃત્તિ કાર્યક્રમો યોજાશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સુચના અને માર્ગદર્શન અનુસાર સમગ્ર દેશમાં યુવાનોમાં વંદે માતરમ્ ગીતના સંપૂર્ણ ગાન, તેના ઐતિહાસિક મહત્વ તથા રાષ્ટ્રભાવના અંગે જાગૃતિ કેળવાય અને સ્વૈચ્છિક રીતે મહત્તમ યુવાનો, બાળકો અને નાગરિકો વંદે માતરમ્ યુવા ઉદ્ઘોષ અભિયાનમાં જોડાય તે માટે વિવિધ સ્તરે આયોજનો અને કાર્યક્રમો થઈ રહ્યા છે. જેમાં ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદિશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરજી અને પ્રદેશ યુવા મોરચા અધ્યક્ષ ડો. હેમાંગભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતમાં તમામ મહાનગર અને જીલ્લા કક્ષાએ વંદે માતરમ્ યુવા ઉદ્ઘોષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ તકે રાજકોટ મહાનગર ના સંગઠન પ્રભારી




અને પ્રદેશ મહામંત્રી અનિરૂધ્ધભાઈ દવે, રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે,મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા,પ્રદેશ ભાજપ યુવા મોરચા પ્રભારી પ્રતાપભાઈ પીંડારીયા, પ્રદેશ ભાજપ યુવા મોરચા મહામંત્રી દેવાંગીબેન મૈયડ, મંત્રી જયભાઈ શાહના નેતૃત્વમાં સમગ્ર સૌરાષ્ટ્ર ઝોન યુવા મોરચાના આગામી કાર્યક્રમ અંગે ડેલીગેટસ અને ઝેન-જી ની એક કાર્યશાળા રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે યોજાઈ હતી.

આ તકે રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવેએ જણાવ્યું હતું કે, આ અભિયાન એક મહિના કરતાં વધુ સમય માટે ચલાવવાનું રહેશે. જેમાં પૂર્ણ ’વંદે માતરમ્’ નું ગાન કંઠસ્થ કરવું. શાળા અને કોલેજ સંપર્ક અભિયાન, જાહેર તથા સામાજીક સ્થળોએ કાર્યક્રમો, ઐતિહાસિક અને આઈકોનિક સ્થળોએ વિશેષ કાર્યક્રમો કરવા,ડિજિટલ અને સોશિયલ મીડિયા અભિયાન ચલાવવું સહિતના કાર્યક્રમો કરવામાં આવશે આ કાર્યક્રમો સમગ્ર અભિયાનને માત્ર કાર્યક્રમ તરીકે નહીં પરંતુ ગુજરાતના યુવાનોને ’વંદે માતરમ’, ભારતીયતા અને રાષ્ટ્ભાવના સાથે જોડતું એક સંગઠનાત્મક અભિયાન તરીકે આપણે સૌ એ સફળ બનાવવાનું છે. આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરના યશસ્વી અધ્યક્ષ ડો. માધવભાઈ દવે, પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી ડો. દેવાંગીબેન મૈયડ, પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષઓ, મંત્રીઓ પ્રદેશ યુવા મોરચાના તમામ શ્રેણીના હોદ્દેદારઓ, મહાનગર તથા જીલ્લામાંથી પધારેલ યુવા મોરચાના ઉપસ્થિત તમામ પ્રમુખઓ તથા પ્રભારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા રાજકોટ શહેર યુવા મોરચા પ્રમુખ મીલનભાઈ લીંબાસીયા, મહામંત્રી જયકિશનભાઈ ઝાલા, હિંમાશુંભાઈ રાજયગુરૂએ જહેમત ઉઠાવી હતી.

## ઈસ્કોન સમૂહની વિનંતી પર માનવીય અને ઉદાર અભિગમ દાખવી


# ગૃહ મંત્રી અમિત શાહે ૪ સપ્ટેમ્બરે ગાંધીનગર ખાતેનો કાર્યક્રમ રદ કર્યો

## અમિતભાઈએ પ્રાથમિકતાથી આપેલ આ પ્રતિસાદ બદલ આભાર સહ આનંદની લાગણી વ્યક્ત કરતા ઈસ્કોન સમૂહના ભાવિક ભક્તો અને નાગરિકો

**અબતક રાજકોટ**

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહે ઈસ્કોન સમૂહની વિનંતી પર માનવીય અને ઉદાર અભિગમ દાખવી પોતાનો ૪ સપ્ટેમ્બરે આયોજિત થનાર પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ રદ કર્યો હતો.

અત્રે નોંધનીય છે કે ગાંધીનગર સંસદીય ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહનો ૪ સપ્ટેમબરના રોજ સેકટર ૧૭ ટાઉનહોલ ગાંધીનગર ખાતે પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ આયોજિત થવાનો હતો. પરંતુ આ જ દિવસે ઈસ્કોન સમૂહ



દ્વારા પણ આ જ સ્થળે જન્માષ્ટમી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાબત ઈસ્કોન સમૂહ દ્વારા અમિતભાઈ શાહને ધ્યાને મૂકવામાં આવી હતી. અમિત શાહે આ વિષયમાં માનવીય, સરળ અને ઉદાર વલણ દાખવી હજારો ભક્તો અને નાગરિકોની લાગણીને માન આપી, ત્વરિત નિર્ણય લઈને પોતાનો નિર્ધારિત કાર્યક્રમ રદ કરી ઈસ્કોન સમૂહ દ્વારા આયોજિત થનાર જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી સુચારૂ રૂપે થાય તે સુનિશ્ચિત કર્યું હતું.

અમિત શાહે પ્રાથમિકતાથી આપેલ આ પ્રતિસાદ બદલ ઈસ્કોન સમૂહના ભાવિક ભક્તો અને નાગરિકોએ તેમના પ્રત્યે આભાર સહ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

# ઘેલા સોમનાથ મહાદેવ મંદિરે ‘શ્રાવણ ઉત્સવ’નું મંત્રી કુંવરજી બાવળીયાના હસ્તે કરાયો શુભારંભ

## સખી મંડળની ૨૦૦ જેટલી બહેનોએ મંત્રી તથા મહાનુભાવોને રાખડી બાંધીને રક્ષાબંધન પર્વની કરી ઉજવણી

**અબતક રાજકોટ,**

ગ્રામ્ય અર્થતંત્રને વેગ આપવા, ગ્રામ્ય કારીગરો તથા સ્વસહાય જૂથોના મહિલાઓ દ્વારા ઉત્પાદિત પરંપરાગત હસ્તકલા અને સ્થાનિક ઉત્પાદનોને વિશાળ બજાર ઉપલબ્ધ કરાવવા ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા રાજકોટના વિંછીયા સ્થિત ઘેલા સોમનાથ મંદિર નજીક ’શ્રાવણ ઉત્સવ-૨૦૨૬’નું આયોજન કરાયું છે. ત્યારે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના વરદ હસ્તે આ મહોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો હતો, આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ સંજયભાઈ પીપળીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં.

આ તકે કેબિનેટ મંત્રી



કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિકાસ અને આજીવિકા સાથે સાંકળીને ‘શ્રાવણ ઉત્સવ’નું આયોજન કરવામાં આવ્યું છે. એક તરફ શ્રાવણ માસની પરંપરા અને આસ્થાની ઉજવણી થશે, તો બીજી તરફ ગ્રામ્ય કારીગરો અને સ્વસહાય જૂથોને તેમના ઉત્પાદનોના પ્રદર્શન અને વેચાણ માટે મંચ મળશે. સાથે સાથે શહેરના નાગરિકોને પણ સીધા ગ્રામ્ય ઉત્પાદકો પાસેથી ગુણવત્તાયુક્ત અને પરંપરાગત ઉત્પાદનો ખરીદવાની તક પ્રાપ્ત થાય છે.રાજકોટ તથા આસપાસના વિસ્તારના નાગરિકોને આ ‘શ્રાવણ ઉત્સવ-૨૦૨૬’ની મુલાકાત લઈ ગ્રામ્ય કારીગરો, મહિલા સ્વસહાય જૂથો અને સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન આપવા માટે મંત્રીએ અનુરોધ કર્યો હતો.

આ તકે મહાનુભાવોના હસ્તે દિનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવીકા મિશન અંતર્ગત કમળાપુરના દેવી પર્યાવરણ મહિલા વિકાસ મંડળને પાંચ લાખની કેશ ક્રેડિટ તથા પારેવાળા એન.આર.એલ.એમ પ્રોડ્યુસર ગૃપને રૂ. બે લાખની સહાય ચુકવવામાં આવી હતી, તેમજ સખી મંડળની ૨૦૦ જેટલી બહેનોએ મંત્રી તથા મહાનુભાવોને રાખડી બાંધી હતી.આ પ્રસંગે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીના મેનેજર વી.બી.બસીયાએ જણાવ્યું હતું કે, શ્રાવણ ઉત્સવ- ૨૦૨૬ અંતર્ગત રાજકોટ, ઘેલા સોમનાથ, પોરબંદર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, ભાવનગર, નીલકંઠધામ પોઈચા સહિતના મેળાઓમાં ૨૦૦ સ્ટોલની વ્યવસ્થા કરીને ગ્રામીણ મહિલાઓને સ્વરોજગારીની તક પુરી પાડવામાં આવી છે.


આ મેળામાં સખી મંડળો દ્વારા ઉત્પાદિત વિવિધ ખાદ્ય ઉત્પાદનો, હેન્ડીક્રાફ્ટ, હેન્ડલૂમ, પરંપરાગત વસ્ત્રો, પૂજન સામગ્રી, ઘર સજાવટની વસ્તુઓ, પરંપરાગત હસ્તકલા, આભૂષણો, રંગબેરંગી કાપડ, મુખવાસ, સરબતનો મસાલો, ચાકડા-ટોડલીયા તથા વિવિધ કલાત્મક ઉત્પાદનો લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

આ પ્રસંગે પ્રાંત અધિકારી રાહુલ ખાંભરા , ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીનના અધિકારીઓ કર્મચારીઓ અને સખીમંડળની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આજી નદીના કાંઠે ૩૩ વર્ષ જુનું અત્રેશ્વર મહાદેવ મંદિર

**અબતક, રાજકોટ**

હાલ આજી નદીના કાંઠે જીલ્લા ગાર્ડનની અંદર ૩૩ વર્ષ જૂનું અત્રેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. અહીં શ્રાવણ મહિનાના દર સોમવારે મહાદેવજીનો શણગાર થાય છે. દરરોજ અહિ અભિષેક રૂદ્રી તથા દરેક પ્રકારની ધાર્મિક વિધિ કરવા લોકો આવે છે. આખો વર્ષ



દરમિયાન લોકો ધાર્મિક વિધિ કરવા અહીં આવે છે. અહિના મહાદેવજીને શિવલિંગ નર્મદા નદીના પથ્થરમાંથી બનાવેલ છે. આથી પુજાનું મહત્વ વધી જાય છે.

જ્યારે અહિ જ નાગેશ્વર મહાદેવનું મંદિર તથા નાગદાદાની રાફડો પણ છે. નાગ પાંચમની પુજા થાય છે.

# કે.ડી. પરવાડીયા હોસ્પિટલમાં કાલે ઓપીડી સેવા બંધ : ઈમરજન્સી સેવાઓ યથાવત રહેશે

**અબતક રાજકોટ**

આટકોટ સ્થિત કે. ડી. પરવાડીયા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ દ્વારા રક્ષાબંધનના પાવન પર્વને દયાનમાં રાખીને કાલે હોસ્પિટલમાં બહારથી આવતા દર્દીઓ માટેની ઓપીડી સેવાઓ બંધ રહેશે.

સાથે જ દર્દીઓની સુવિધા માટે ઈમરજન્સી સેવાઓ તેમજ હોસ્પિટલમાં દાખલ દર્દીઓ માટેની સારવાર અવિરતપણે કાર્યરત રહેશે

# નાધુના ગામે રાજકોટ રેન્જનો સપાટો: પુલ નીચે જુગાર રમતા ૭ શખ્સ ઝડપાયા

## રેન્જ નિર્લિપ્ત રાયની સૂચના બાદ અપૂર્વ પટેલની ટીમનું પેટ્રોલિંગ: રોકડા રૂ.૧.૯૧ લાખ, ૭ મોબાઈલ અને ૪ બાઈક કબજે



**અબતક, રાજકોટ**

જામનગર જિલ્લાના નાધુના ગામ અંધારાવાળા છોલાના પુલની નીચે રાજકોટ રેન્જ ટીમે દરોડો પાડી જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને રોકડા રૂ.૧,૯૧,૦૦૦, મોબાઈલ ફોન અને મોટરસાયકલ સહિત કુલ રૂ.૪,૬૧,૦૦૦-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. વધુ વિગત મુજબ તહેવારો પૂર્વે દારૂ અને જુગારની બદી ડામી દેવા રાજકોટ રેન્જના વડા નિર્લિપ્ત રાયએ કડક કાર્યવાહી કરવા આપેલી સૂચનાને પગલે રાજકોટ રેન્જના પોલીસ ઈન્સપેક્ટર .અપૂર્વ પટેલ, પો.સ.ઈ. પી.એન.મોરી, બી.સી.મીયાત્રા, સી.એમ.કાંટેલીયા અને સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે

જામનગર જિલ્લાના નાધુના ગામ અંધારાવાળા છોલાના પુલની નીચે જાહેરમાં જુગાર રમતો હોવાની મળેલી બાતમીના આધારે પો.સ.ઈ. એ.વાય.ઉધાસ, સંદિપસિંહ ઝાલા, કાસમભાઈ બ્લોચ, વનરાજભાઈ મકવાણા, મીતેશભાઈ પટેલ, કમલેશભાઈ રબારી, વિપુલભાઈ મોરી, નવલદાન ગઢવી, પરેશભાઈ સાંજવા તથા ડ્રા. ધર્મેન્દ્રસિહ જાડેજા સહિતના સ્ટાફે દરોડોપાડ્યો હતો. દરોડા દરમિયાન જુગાર રમતા હસમુખભાઈ હેમંતભાઈ હીરજીભાઈ અકબરી (૨) ગોતમભાઈ મનસુખભાઈ લાખાભાઈ વેકરીયા ભાવેશ ચનાભાઈ માવજીભાઈ પ્રાગડા (૪) જલક નંદલાલ ગોકળભાઈ મોરડ (૫) જસ્મીનભાઈ અમૃતભાઈ ચનાભાઈ સોરઠીયા (૬) રાજેશ અરજણભાઈ કમાભાઈ અકબરી (૭) ચીરાગ કેશુભાઈ ગોકુળભાઈ વાડોદરીયા ધરપકડ કરી. રોકડ રૂ.૧,૯૧,૦૦૦/- તથા મોબાઈલ ફોન ૭, મોટરસાયકલ ૪ મળી કુલ રૂ.૪,૬૧,૦૦૦/- ના મુદ્દામાલ કબજે કરી. જામનગર જિલ્લાના પંચકોષી બી ડિવીઝન પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સ્નેહ અને સુરક્ષાના પ્રતિક સમાન રક્ષાબંધન પર્વની કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલયમાં ઉજવણી



**અબતક, રાજકોટ**

વલ્લભ કન્યા કેળવણી મંડળ રાજકોટ સંચાલિત કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલયમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે એનએસએસના સ્વયંસેવકો દ્વારા રક્ષાબંધન પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત એનએસએસના સ્વયંસેવકો દ્વારા શાળાના નિયામક આચાર્ય, શિક્ષકો તથા સ્ટાફગણને રાખડી બાંધીને સંસ્થાના મંગલમય અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષક દિનેશભાઈ પીઠિયાના માર્ગદર્શન નીચે વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# કોઠારીયા રોડ પર પરસાણાનગરમાં યુવકનો અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત

## કાલે પત્ની અને બાળકોને ફરવા લઈ ગયા બાદ ઘરે પરત ફરીને અંતિમ પગલુ ભર્યું: કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર પરસાણા નગરમાં રહેતા યુવકે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા બાદ પત્ની રૂમ માં આવીને જોઈ જતા બૂમાબૂમ કરતા આસપાસના લોકો એકઠા થયા હતા અને ૧૦૮ને જાણ કરતા તબીબે ઘટના સ્થળ પર જ યુવકને મૃત જાહેર કરતા ભક્તિનગર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થ ખસેડવામાં આવ્યો હતો આ અંગે આપઘાતનું કારણ અકબંધ છે

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના કોઠારીયા રોડ પર પરસાણાનગરમાં રહેતા જીત્તુબીંદ ચેક્તુબીંદ ઉંમર વર્ષ ૩૧ વર્ષે યુવાને ગઈકાલે પોતાના ઘરે હતો ત્યારે અગમ્ય કારણોસર ચુંદડી વડે ગળેફાંસો ખાઈ લેતા પત્ની રૂમ માં આવતા પતિને લટકતો જોઈ બૂમો પાડતા આસપાસના લોકો એકત્રિત થયા હતા અને ૧૦૮ ને જાણ કરતા તબીબે ઘટના સ્થળે પર યુવકને મૃત જાહેર કરતા ભક્તિનગર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોરી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતે કારખાનામાં કામ કરતો અને ગઈકાલે રજા હોવાથી પોતાની પત્ની અને બાળકોને ફરવા લઈ ગયા બાદ ઘરે પરત ફરીને આપઘાત કર્યો હતો અને આપઘાતનું કારણ અકબંધ છે મૃતક ને સંતાનમાં બે પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં આક્રંદ છ્વાયો હતો આ અંગે ભક્તિનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વિકૃત શખ્સનું કાંડ: બે સિનિયર સિટીઝનના નંબર ટેલિગ્રામ પર કોલ ગર્લ તરીકે વાયરલ: ફ્રી સર્વિસનો મેસેજથી અશ્લીલ ફોનનો મારો

## સાયબર ક્રાઈમમાં ગુનો નોંધાયો: પીઆઇ એમ.ડી. ગઢવીની ટીમે ટેકનિકલ તપાસ હાથ ધરી, મુખ્ય સૂત્રધાર દેવેન પંત હોવાનું ખુલ્યું

### ફ્લિપકાર્ટ પર નંબર અને સરનામું નાખ્યું: પાર્સલથી વૃદ્ધોને ત્રાસ આપ્યો

**સિનિયર સિટીઝનોને બદનામ કરવામાં કઈ કસર ન રાખ્યા બાદ આ બંને વૃદ્ધોને આર્થિક અને માનસિક રીતે પરેશાન કરવા માટે ઈ-કોમર્સ વેબસાઈટ ફલિપકાર્ટ પર પણ બંનેના નંબર અને તેમના ઘરના સરનામા સહિતની વિગતોનો ઉપયોગ કરી ફલિપકાર્ટ પરથી અલગ અલગ વસ્તુઓના ઓર્ડર બુક કરાવવાનું શરૂ કરી દીધું હતું. આ તમામ ઓર્ડર કેસ ઓન ડિલિવરી મોડ પર રાખવામાં આવ્યા હતા. જેના લીધે બંને સિનિયર સિટીઝનના ઘરે રોજબરોજ ડીલેવરી બોયઝ સામાન લઈને ઘરે પહોંચવા લાગ્યા હતા.**


**અબતક, રાજકોટ**

શહેરના બે સિનિયર સિનિઝનના મોબાઈલ નંબર અને સરનામાનો મેળવી ટેલિગ્રામ પર કોલ ગર્લ તરીકે મૂકી તમામ સર્વિસ તદ્દન ફ્રી માં મળશે તેવો મેસેજ પણ મૂક્યો હતો. છેલ્લા બે મહિનામાં સિનિયર સિટીઝનને ઈન્કવાયરીના ફોનથી ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતા. જેથી કંટાળી જઈ અંતે સિનિયર સિટીઝનોએ પોલીસનો સંપર્ક સાધતા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો મુજબ, શહેરમાં રહેતા બે વૃદ્ધ નાગરિકો ભારે માનસિક યાતનાનો ભોગ બન્યા છે. કોઈ વિકૃત શખસે બંને સિનિયર સિટીઝનના મોબાઈલ નંબરો ટેલિગ્રામ એપ પર એક ગ્રુપમાં ખોટી ઓળખ સાથે નંબરોની નીચે આ નંબર કોલ ગર્લના છે અને તેના પર સંપર્ક કરવાથી તમામ સર્વિસ તદ્દન ફ્રીમાં મળશે તેઓ મેસેજ સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધો હતો. ત્યારબાદથી આ બંને સિનિયર સિટીઝનને અજાણ્યા નંબરો પરથી ફોનનો મારો શરૂ થયો હતો. અશ્લીલ અને અભદ્ર ફોન કોલના લીધે બંને સિનિયર સિટીઝનો શોભજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતા.છેલ્લા બે મહિનાથી સતત આવી રહેલા આવા ફોનના લીધે બંને સિનિયર સિટીઝન કલ્પી ન શકાય તેવી માનસિક યાતનામાંથી પસાર થયા હતા અને અત્યંત મૂંઝવણભરી સ્થિતિમાં મુકાઈ ગયા હતા. લાંબા સમય સુધી આ માનસિક ત્રાસ સહન કર્યા બાદ આખરે બંને સિનિયર સિટીઝને હિંમત એકત્ર કરી રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. પોલીસે મામલાની ગંભીરતાને ધ્યાને લઈ તાકીદે પીઆઈ એમ.ડી.ગઢવીના માર્ગદર્શન હેઠળ ટીમે ટેકનિકલ સોર્સિસ અને સાયબર સેલની મદદથી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસે મુખ્ય સૂત્રધારની ઓળખ પણ મેળવી લીધી છે અને આ વિકૃત હરકત કરનાર શખસનુ નામ દેવેન પંત હોવાનું સામે આવ્યું છે. હાલ સાયબર ક્રાઈમ ની ટીમ દ્વારા દેવેન પંત વિરુદ્ધ ગુનો દાખલ કરી તેને ઝડપી લેવા પર તપાસ કેન્દ્રિત કરી છે.

# સોમનાથ મહાદેવનો અદ્ભૂત રંગબેરંગી વસ્ત્ર દર્શન શૃંગાર

## રંગીન પીતાંબર સુગંધિત પુષ્પો તથા સુખડ અને ચંદન દિવ્ય દ્રવ્યોથી સુશોભિત કરાયા



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

પવિત્ર શ્રાવણ માસની સુદ ચતુર્દશીના પાવન અવસરે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને ભાવિક ભક્તો માટે અલૌકિક અને મનોહર ‘રંગબેરંગી વસ્ત્ર દર્શન શૃંગાર’ અર્પણ કરવામાં આવ્યો હતો. આ વિશેષ શૃંગાર અંતર્ગત દેવાધિદેવ મહાદેવને વિવિધ રંગીન પીતાંબર, સુગંધિત પુષ્પો તથા સુખડ-ચંદન સહિતના દિવ્ય દ્રવ્યોથી સુશોભિત કરવામાં આવ્યા હતા.

માનવ જીવન હંમેશાં પરિવર્તનશીલ રહ્યું છે. જીવનમાં ક્યારેક કેસરી વસંત જેવો ઉત્સાહ અને આનંદ હોય છે, તો ક્યારેક સંઘર્ષ કે વિષમ પરિસ્થિતિઓનો સામનો પણ કરવો પડે છે. જે રીતે અલગ-અલગ રંગો મહાદેવના શૃંગારની દિવ્યતા અને સુંદરતામાં વૃદ્ધિ કરે છે, તે જ રીતે જીવનમાં આવતી સુખ-દુ:ખની વિવિધ પરિસ્થિતિઓ મનુષ્યને પરિપકવ અને જીવનને અર્થપૂર્ણ બનાવે છે.

(પહેલા પાનાનું ચાલું)

**નેપાળ...**

અચાનક આવેલા આ પૂરમાં હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ, પાકા પુલ, રોડ-રસ્તા અને આસપાસની વસાહતો સંપૂર્ણપણે તણાઈ ગયાં છે.લ્હેન્દે ખોલા નદીના ઉપરના ભાગમાં હજુ પણ કાટમાળ જમા થયેલો હોવાથી ફરીથી પૂર આવવાનું જોખમ તોળાઈ રહ્યું છે.કાટમાળના થર અને તૂટેલા રસ્તાઓને કારણે સેના અને રેસ્ક્યુ ટીમોને અસરગ્રસ્ત અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.

**મેદસ્વિતા...**

પર મર્યાદા કે દંડ નક્કી કરવામાં આવ્યો છે. ભારતમાં ખાદ્ય પદાર્થોના નિયમનકારો પર ફૂડ ઈન્ડસ્ટ્રીઝનું દબાણ રહે છે, જેના કારણે પેકેજિંગ અને હેલ્થ વોર્નિંગ સંબંધિત કડક નિયમો લાગુ કરવામાં વાર લાગે છે અથવા છૂટછાટ મળી જાય છે. આ જ કારણ છે કે કંપનીઓ ભારતમાં વધુ ખાંડવાળા ઉત્પાદનો વેચી શકે છે.

**ખાંડ...**

નો ઘટાડો નોંધાયો છે. બુધવારે કોલ્હાપુરમાં એક્સ-મિલ ભાવ ઘટીને ૪૮ રૂપિયા પ્રતિ કિલો અને ઉત્તર પ્રદેશમાં ૫૩ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો હતો. અધિકારીઓએ જણાવ્યું કે થોડા દિવસો પહેલા ૪૮ રૂપિયાથી ભાવ વધીને ૫૮ થી ૬૦ રૂપિયા થઈ ગયા હતા, જે ખાંડની કોઈ અછત ન હોવા છતાં માત્ર સટ્ટાખોરી અને સંગ્રહખોરીનું જ પરિણામ હતું.

ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિએશનના ડિરેક્ટર જનરલ દીપક બલ્લાનીએ જણાવ્યું હતુ કે ખાંડના ભાવને નિયંત્રિત કરવાના સરકારના પગલાંની સકારાત્મક અસર દેખાવા લાગી છે. છેલ્લા થોડા દિવસોમાં એક્સ-મિલ ભાવમાં ૨૦% નો ઘટાડો થયો છે અને ટૂંક સમયમાં જ તેની અસર છૂટક ભાવમાં પણ જોવા મળશે. આગામી તહેવારોની સિઝનમાં ગ્રાહકોને વ્યાજબી ભાવે ખાંડ મળી રહેશે અને દેશમાં ખાંડનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ઉલ્લેખનીય છે કે બુધવારે ખાંડનો સરેરાશ છૂટક ભાવ ૬૫ રૂપિયા પ્રતિ કિલો નોંધાયો હતો.

**ગ્રીન એનર્જી...**

સલાહકાર જયદીપ માલવીયા એ પણ જણાવ્યું હતુ કે ખર્ચમાં ઘટાડો થવાથી વધુ ઉદ્યોગો રિન્યુએબલ એનર્જી અપનાવવા પ્રોત્સાહિત થશે. જોકે, તેમણે ભવિષ્યમાં પાવર ઈવેક્યુએશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા પર પણ ભાર મૂક્યો હતો.

જોકે, આ ફાયદો ગ્રાહક કેટલી વધારાની વીજળીનો ઉપયોગ કરે છે તેના પર નિર્ભર રહેશે. જીઈઆરસી ગ્રાહકના માસિક વીજ વપરાશના વધુમાં વધુ ૩૦% સુધી જ ક્યુમ્યુલેટિવ બેન્કિંગની મંજૂરી આપે છે અને આ મર્યાદાથી વધુની વીજળી લેપ્સ થઈ જાય છે. ઉપરાંત, ઑફ-પીક કલાકો દરમિયાન ઉત્પન્ન થયેલ વધારાની વીજળીનો ઉપયોગ પીક કલાકોમાં કરી શકાતો નથી, પરંતુ પીક કલાકોમાં બેન્ક કરાયેલ વીજળી બંને સમયગાળામાં વાપરી શકાય છે. આથી, જે ગ્રાહકો તેમની વીજ માંગ અને રિન્યુએબલ પાવર જનરેશનને યોગ્ય રીતે મેચ કરી શકશે તેમને જ આ નિર્ણયનો મહત્તમ લાભ મળશે.

**ઊંઝા...**

સર્જાઈ રહી છે. આ વિક્ષેપને કારણે ઉદ્યોગની ૨૫૦ કરોડ રૂપિયાની વર્કિંગ કેપિટલ બ્લોક થઈ ગઈ છે, અને આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સપ્લાય ચેઈન પર ખતરો મંડરાઈ રહ્યો છે.

આ લાંબા સમયથી ચાલી રહેલા બંધથી ખેડૂતોને પણ મોટો ફટકો પડ્યો છે. ગુજરાત અને રાજસ્થાનના અંદાજિત ૬૦,૦૦૦ થી ૭૦,૦૦૦ ખેડૂતો ઈસબગુલના પાક પર નિર્ભર છે. માર્કેટ બંધ હોવાથી ખેડૂતો પોતાનો પાક વેચી શકતા નથી અને તેમને પાક ગોડાઉનમાં રાખવો પડી રહ્યો છે, જેનાથી વધારાનો સંગ્રહ ખર્ચ થઈ રહ્યો છે. આઈપીએના સેક્રેટરી રાકેશ પટેલના જણાવ્યા મુજબ, જો ખેડૂતો મંડીમાં પોતાનો પાક નહીં વેચી શકે, તો આગામી સિઝનમાં તેઓ ઈસબગુલનું વાવેતર કરવા અંગે ફેરવિચારણા કરશે. આ પરિસ્થિતિ ખેડૂતો અને ભવિષ્યના ઉત્પાદન માટે ચિંતાજનક સાબિત થઈ શકે છે.

આ સમગ્ર સમસ્યાનું મૂળ ગુજરાત અને રાજસ્થાન વચ્ચેનો જીએસટી વિવાદ છે. ૧ જૂનથી ગુજરાત ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ દ્વારા ઈસબગુલ સીડના ટ્રેડિંગ પર ૦ ટકા જીએસટી લાગુ કરવામાં આવ્યો હતો. પરંતુ, રાજસ્થાનમાં આનાથી વિપરીત નિર્ણય લેવામાં આવ્યો, જેના કારણે વેપારીઓને ભવિષ્યમાં ટેક્સની જવાબદારીનો ડર સતાવી રહ્યો છે. આઈપીએ ના ટ્રેઝરર અમિત પટેલે જણાવ્યું હતું કે સરકારે આ મુદ્દાનો તાત્કાલિક ઉકેલ લાવવો જોઈએ. ઈસબગુલ ઉદ્યોગમાં વાર્ષિક ૭ ટકાના દરે માંગ વધી રહી છે, ત્યારે લાંબા સમય સુધી માર્કેટ બંધ રહેવાથી કાચા માલની અછત સર્જાઈ શકે છે. ઉદ્યોગની તાત્કાલિક માંગ છે કે બંને રાજ્યોમાં ઈસબગુલ સીડ માટે સમાન જીએસટી નીતિ લાગુ કરવામાં આવે.

**કેન્સરની વેકિસન...**

પદ્ધતિ વધુ અઘરી છે કારણ કે કેન્સર શરીરના પોતાના જ કોષોમાંથી જન્મે છે અને બચવાના રસ્તા શોધી લે છે.

આ ટેકનોલોજી માત્ર ત્વચાના કેન્સર પૂરતી સીમિત નથી. કંપનીઓ હાલમાં ફેફસાં, મૂત્રાશય અને કિલડનીના કેન્સર પર પણ આ થેરાપીના પરીક્ષણો કરી રહી છે. તબીબી નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આ સફળતા સમગ્ર કેન્સર સારવાર ક્ષેત્ર માટે વળાંકરૂપ છે. ખાસ કરીને ભારત જેવા દેશ માટે, જ્યાં ફેફસાં અને ગળા-મોઢાના કેન્સરનું પ્રમાણ વધુ છે, ત્યાં આ પદ્ધતિ ભવિષ્યમાં ખૂબ ઉપયોગી થઈ શકે છે.

જોકે, આ રસી કેન્સર થતું અટકાવતી નથી કે તેનો કાયમી ઈલાજ કરવાનો દાવો કરતી નથી, પરંતુ કેન્સરને પાછું આવતું રોકે છે. હાલ આ સારવારને સરકારી મંજૂરી મળવાની બાકી છે. દરેક દર્દી માટે અલગથી દવા બનાવવાની પ્રક્રિયા ખૂબ જ જટિલ અને ખર્ચાળ હોવાથી, ભારત જેવા દેશોમાં સામાન્ય દર્દીઓ સુધી આ સારવાર પહોંચાડવી અને તેની કિંમત વ્યાજબી રાખવી એ આગામી સમયનો સૌથી મોટો પડકાર રહેશે.

(ત્રીજા પાનાનું ચાલું)

**પૂજારા...**

માત્ર રૂ.૪૯થી શરૂ થતી ‘લૂંટ લો સેલ’નું પણ આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ વિવિધ મોબાઈલ એસેસરીઝ અને આકર્ષક ઊખઈ ઓફરનો લાભ પણ ગ્રાહકો મેળવી શકશે. ખાસ કરીને લોન્ચિંગના પ્રથમ દિવસે પ્રથમ ૨૦ ગ્રાહકો માટે રૂ.૧૨,૦૦૦ સુધીની ફ્રી ગિફ્ટની વિશેષ ઓફર રાખવામાં આવી છે.ટેલિકોમ દ્વારા તમામ ગ્રાહકમિત્રોને રિ-લોન્ચિંગ પ્રસંગે સ્ટોરની મુલાકાત લઈ નવી પ્રોડક્ટ્સ અને ખાસ લોન્ચિંગ ઓફરનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

**રાખડી...**

પેંગ્યાતર, ટ્રસ્ટના સેક્રેટરી પ્રવિણાબેન ચોવટીયા, ટ્રસ્ટી રસીલાબેન રામાણી, સુનિલ સોલંકી (કેમ્પસ ડાયરેક્ટર) વગેરે બાળકોને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ આ રાખડી બનાવવા શાળાના શિક્ષક શ્રુતભાઈ જોશી, અનિલાબેન, નીરૂબેન, અલકનંદાબેન તથા વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક પ્રણવ શુક્લએ કર્યું હતું.

(છેલ્લા પાનાનું ચાલુ)

**રા.લો. સંઘ...**

ગણતરી ૯-સપ્ટેમ્બરના રોજ હાથ ધરવામાં આવશે. હવે નજર એ વાત પર ટકેલી છે કે પાંચ બેઠકો માટે જે ૧૦ ઉમેદવારો વચ્ચે જંગ જામશે તેમાં મતદારોને કોને મત આપવા માટે પક્ષ દ્વારા વ્હીપ આપવામાં આવે તે જોવાનું રહે છે. હાલ ભારે ઉત્તેજનાનો માહોલ છવાઈ ગયો છે. ભૂગર્ભ ઉતરી ગયેલા બે બેઠકોના ઉમેદવારોનો સંપર્ક થઈ શકતો ન હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે અલ્પેશ ઢોલરીયા રા.લો. સંઘની ચૂંટણીમાં તદ્દન નિષ્ફળ પૂરવાર થયા છે.

પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણીનો ઘડો લાડવો કરવા ભાજપના જ બે ધારાસભ્યોએ હાથ મિલાવી દીધા હોવાનું ચર્ચાય રહ્યું છે. સમાધાન અને ડેમેજ કન્ટ્રોલ કરવા બુધવારે રાજકોટ દોડી આવેલા પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂધ્ધ દવે પણ નિષ્ફળ રહ્યા છે. તેઓ કંટાળીને નિકળી ગયા છે. સવારથી મોટી મથામણ ચાલી રહી છે. પરંતુ ત્રણ બેઠકો પર સમાધાનનો સેતુ સધાતો નથી. સંઘના ૬૧ મતદારો પૈકી ૫૯ મતદારો ભાજપ સમર્પિત હોવા છતા હાલ ભાજપ સામે ભાજપ જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

રાજકોટ લોધિકા સહકારી ખરીદ વેંચાણ સંઘની મંડળી ગત મત જૂથની ૧૫ બેઠકો અને વ્યક્તિગત જૂથની ૧ બેઠક માટે આગામી આઠ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી યોજાવાની છે. એવું માનવામાં આવતું હતું કે રા.લો. સંઘની તમામ બેઠકો બિનહરિફ થશે કારણ કે ૬૧ પૈકી ૫૯ મંડળીઓ ભાજપ સમર્પિત છે. ભાજપે અગાઉ ઉમેદવારોને મેન્ડેટ આપવાની જાહેરાત કરી હતી. પરંતુ ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસ સુધી સમાધાન ન થતા પ્રદેશમાંથી એવી સૂચના આપવામાં આવી હતી કે જે વ્યક્તિને ઉમેદવારી ફોર્મ ભરવા હોય તે ભરી શકે છે. મેન્ડેટ આપવાનો નિર્ણય પક્ષ દ્વારા પછી લેવામાં આવશે. ૧૫ બેઠકો માટે ૩૫ ફોર્મ ભરાયા હતા. જે પૈકી નરેન્દ્રસિંહ જાડેજા અને નીતિન ઢાંકેચા બિનહરિફ ચૂંટાઈ આવ્યા હતા. હાલ ૧૩ બેઠકો માટે ૩૩ ઉમેદવારો મેદાનમાં છે.

૧૩ બેઠકો બિનહરિફ થાય તે માટે પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂધ્ધ દવે ગઈકાલે રાજકોટ ખાતે દોડી આવ્યા હતા અને બંને જૂથો સાથે બેઠક યોજી હતી. પરંતુ સમાધાન થયું ન હતું. ૧૩ પૈકી ૧૦ બેઠકો બિનહરિફ થાય તે માટે સહમત બની હતી. પરંતુ ખોખડદળ, રૈયા અને કુવાડવા મંડળીની બેઠકોની ચૂંટણી યોજાઈ તેવું લાગી રહ્યું છે. ખોખડદળ બેઠક પર બાપૂ નસીત અને ધીરૂભાઈ રોકડે ફોર્મ ભર્યો છે. રૈયા બેઠક પરથી વિજયભાઈ સખીયા અને પૃથ્વીસિંહ જાડેજાએ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે કુવાડવા બેઠક પર પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી અને નીતિન ચોવટીયાએ દાવેદારી કરી છે. કુવાડવા બેઠકના ચાર મતદારો પૈકી ત્રણ મતદારો ભુગર્ભમાં ઉતરી ગયા છે. નીતિન ચોવટીયાએ ગઈકાલે એવો દાવો કર્યો હતો કે અરવિંદ રૈયાણી તેને ફોર્મ પરત ખેંચી લેવા દબાવી રહ્યા છે.

**અમરેલી...**

ઉમાં ટ્રોયકા ફાર્માસ્યુટીકલ લીમીટેડ આયોજીત આરવી ફાર્માઈનોવા એવોર્ડ-૨૦૨૬માં હાજરી આપશે. આજના દિવસના અંતિમ કાર્યક્રમમાં તેઓ બોપલ વિસ્તારમાં બોપલ પંચાયત રોડ સ્થિત બીકેએમ સ્કુલ ખાતે ઘાટલોડિયા વિધાનસભાના લોક દરબારમાં ઉપસ્થિત છે. આ બેઠક મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો મત વિસ્તાર છે.

રાત્રિ દરમિયાન તેઓ સરકાર અને સંગઠનના વડાઓ સાથે બેઠક યોજે તેવી શક્યતા દેખાય રહી છે. ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી નજીકના ભવિષ્યમાં યોજાવાની છે ત્યારે આવતીકાલે ગુજરાત પ્રવાસના બીજા દિવસે અમિત શાહ ગાંધીનગર ખાતે સંગઠનના હોદ્દેદારો અને ગાંધીનગર મહાપાલિકાના પદાધિકારીઓ સાથે બેઠક યોજશે.

**ડાયાલીસીસ પ્રોગ્રામ...**

કરી નાખનારમાં કોઈ બીજા ની ભાગીદારી હતી? વર્ષ ૨૦૧૬ - ૨૦૧૭ થી ૨૦૨૫- ૨૦૨૬ ના દશ વર્ષ દરમિયાન કોઈ પણ અધિકારી સામે ૮૨.૫૭ કરોડની ગેરરીતિ સામે ના આવી ? અત્યાર સુધી આ ૮૨.૫૭ કરોડના ભ્રષ્ટાચાર ને કોણ છાવરતું હતું? શું આ કર્મચારીઓ ને માત્ર છૂટા કરવા કે રાજીનામા લેવા થી ૮૨.૫૭ કરોડનો ભ્રષ્ટાચાર ઢંકાઈ જશે? કેગ ના રિપોર્ટમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે ખરીદી ના હિસાબો, ફાઈલો ના રેકોર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા નથી. શું આ પ્રકારના ભ્રષ્ટાચાર માટે ફોજદારી ફરિયાદ થવી ના જોઈએ? કિરણ પરીખ વર્ષ ૨૦૧૪માં ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામના ટેક્નિકલ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી હતી ત્યાર વર્ષ ૨૦૧૮ માં પ્રોજેક્ટ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. કિરણ પરીખ અને પરિવાર દ્વારા ૮૨.૫૭ કરોડ રૂપિયા ના કોન્ટ્રાક્ટો મેળવવા પાછળ કોણ જવાબદાર છે, ગેરરીતિ ના મળતિયાઓ ની માહિતી સરકાર દ્વારા ખુલ્લી પાડવામાં આવે.

કેગ ના અહેવાલમાં સ્ટેરાઈલ કન્ટેનરના ખરીદીના ઉદાહરણ મૂકવામાં આવ્યું છે, જેમાં ૫,૯૨,૩૭૫.૬૭ રૂપિયા ના ૪૦ યુનિટ ની ખરીદી કરવામાં આવી હતી. કુલ ૨,૩૬,૯૫,૦૨૬.૮૦ રૂપિયા નો કોન્ટ્રાક્ટ સિંગલ બિડર તરીકે બાયો ટ્રસ્ટ મેડિકલ ડીવાઈસીસ નામ ની કંપની ને આપી દેવામાં આવ્યો હતો. બિડિંગ સમય મૂળ ૨૧ દિવસ ની જગ્યા એ માત્ર ૧૧ દિવસમાં જ કિરણ પરીખ ના પરિવારને આપી દેવામાં આવ્યો હતો. કંપની ને સોલિટેરી ઓફર થી કોન્ટ્રાક્ટ ના ચોંકાવનારો ખુલાસો કેગ અહેવાલ માં બહાર આવ્યો છે.માર્કેટ સર્વે ના નામે એઈમ્સ નાગપુર દ્વારા ખરીદી નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો છતાં એક પણ સપોર્ટિંગ ડોક્યુમેન્ટ્સ મૂકવા માં આવ્યા નહોતા. નબળા ડોક્યુમેન્ટેશન આધારે કેગ રિપોર્ટ ઉલ્લેખ કરે છે કે ખરીદી માં ક્ષતિઓ જોવા મળે છે.

સરકાર ના આરોગ્ય વિભાગના નાક નીચે આ પ્રકારના ભ્રષ્ટાચાર ઉપર ઉદાસીન છે, શું આરોગ્ય વિભાગ ઉદાહરણ રૂપ પગલા લેશે કે પછી ભ્રષ્ટાચારીઓ ને છાવરવાંના કામ કરશે તે સૌથી મોટો સવાલ છે?

**રૂ.૧૦ અને ૨૦ની નોટ...**

તેવી સ્થિતિ સર્જાઈ જવા પામી છે. એક નોટ પણ પાછી આવી શકાય તેવી સ્થિતિમાં નથી.

બજારમાં નાની નોટોની અછત હોવાની વાત છેલ્લા ઘણા મહિનાથી ચર્ચાય રહી છે પરંતુ કોઈ કારણોસર બેન્કો તેના પર ધ્યાન કેન્દ્રીત કરતી નથી. અછત શા માટે ઘેરી બની રહી છે અથવા બનાવવામાં આવી રહી છે. તેનું સચોટ કારણ બહાર આવતું નથી.

એક સંભાવના એવી પણ છે કે આગામી દિવસોમાં આરબીઆઈ દ્વારા પ્લાસ્ટીકની કરન્સી એટલે કે રૂ.૧૦ અને રૂ.૨૦ની પ્લાસ્ટીકની નોટ બજારમાં મૂકવાની તૈયારી કરી રહ્યું છે. જેના કારણે જૂની નોટ બજારમાં મૂકવામાં આવતી નથી. આવી સ્થિતિના કારણે હાલ નાની નોટની તિવ્ર તંગી જોવા મળી રહી છે. તહેવાર સમયે જ બજારમાં ચલણી નોટની અછતથી ભારે દેકારો બોલી ગયો છે. ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે રોજબરોજની માથાકૂટ સર્જાય છે.

**મુખ્યમંત્રી...**

નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન,ઉદ્યોગ અને ખાણ વિભાગનાં અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર તેમજ મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે ઉપરાંત રાજ્યના ઉદ્યોગ વેપાર જગતનું પ્રતિનિધિ મંડળ પણ મુખ્યમંત્રીની સાથે આ વિદેશ પ્રવાસમાં સહભાગી બન્યું હતું.

મુખ્યમંત્રી તથા મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથેનું આ પ્રતિનિધિ મંડળ વિદેશ પ્રવાસ સફળતા પૂર્વક પૂરો કરીને ગુજરાત પરત આવ્યુ ત્યારે તેને આવકારવા માટે અમદાવાદ એરપોર્ટ પર ઈન્ડેક્સ-બીના મેનેજિંગ ડિરેક્ટર કે.સી. સંપત, અધિક ઉદ્યોગ કમિશનર અમિત પ્રકાશ યાદવ, અમદાવાદ શહેરના પોલીસ કમિશનર અનુપસિંહ ગહલોત, અમદાવાદ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા સહિતના અધિકારીઓએ ઉપસ્થિત રહીને આવકાર્યા હતા અને સફળ પ્રવાસ બદલ શુભકામનાઓ પાઠવી હતી.

**હેલ્પલાઈન નંબર જાહેર...**

૧૦૭૭ અથવા ૦૨૮૧-૨૪૭૧૫૭૩ પર તાત્કાલિક સંપર્ક કરવો.

આ ઉપરાંત, નેપાળમાં પૂરની પરિસ્થિતિથી અસરગ્રસ્ત ભારતીય નાગરિકોને સહાય અને માહિતી મળી રહે તે માટે નેપાળના ઈમરજન્સી સંપર્ક નંબરો +૯૭૭ ૯૮૫ ૧૩૧ ૬૮૦૭ અને +૯૭૭ ૯૭૦ ૯૧૦ ૭૫૦૦ પર પણ સંપર્ક કરી શકાય છે. આ નંબરો પર વોટ્સએપ મારફતે પણ જાણ કરી શકાશે, તેમ જિલ્લા કલેક્ટર ડો.ઓમ પ્રકાશની યાદીમાં જણાવાયું છે.

## દુ:ખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**જામજોધપુર:** હરીશ કુમાર નારણદાસ લુક્કા (ઉ.વ.૬૯) તે વસનભાઈ, મનોજભાઈ તથા ધીરજભાઈ તેમજ રંજનબેનના ભાઈનું તા. ૨૫ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૭ ના રોજ સાંજે ૪ થી ૪:૩૦ કલાક દરમિયાન સન્યાસ આશ્રમ જામજોધપુર રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પ.રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેના હસ્તે ગુડ્સ શેડનું લોકાર્પણ

## રાજકોટ અને દ્વારકા સ્ટેશનના વિકાસ કાર્યોની સમીક્ષા કરી વિવિધ સુવિધાઓનું નિરિક્ષણ કરાયું

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેએ રાજકોટ અને દ્વારકા સ્ટેશનોનું નિરીક્ષણ કરીને મુસાફર સુવિધાઓ, સ્વચ્છતા, સુરક્ષા અને સંચાલન વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. આ દરમિયાન તેમણે રાજકોટમાં રૂ.૨૮.૭૧ કરોડના ખર્ચે પુનઃવિકસિત રાજકોટ ગુડ્સ શેડના કાર્યોનું લોકાર્પણ પણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના, સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીના, સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (કો-ઓર્ડિનેશન) નરેન્દ્રસિંહ સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ રેલવે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.






રાજકોટ ગુડ્સ શેડમાં આધુનિક આરસીસી પ્લેટફોર્મ અને રોડ કનેક્ટિવિટી સુવિધા, નવું બે માળનું ગુડ્સ ઓફિસ બિલ્ડિંગ, મજબૂત સુરક્ષા અને લાઈટિંગ સિસ્ટમ, સારી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, લોડિંગ-અનલોડિંગની સરળતા તેમજ ત્રણ રેલ ટ્રેકને પૂર્ણ રેક લંબાઈ સુધી લંબાવવા જેવી અદ્યતન સુવિધાઓ વિકસાવવામાં આવી છે. આ સુવિધાઓથી ગુડ્સ શેડની કામગીરી અને માલ સંચાલન ક્ષમતામાં વધારો થશે તેમજ વેપાર અને ઉદ્યોગ જગતને વધુ સારી અને સરળ લોજિસ્ટિક્સ સુવિધાઓ મળશે.

જનરલ મેનેજરે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રાજકોટ સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસ કાર્યોનું વિગતવાર નિરીક્ષણ કર્યું હતું. તેમણે રુખડિયા કોલોની તરફ નિર્માણાધીન સ્ટેશનના બીજા એન્ટ્રી ગેટ, તમામ પ્લેટફોર્મ, કેટરિંગ સ્ટોલ, એસી અને સ્લીપર ક્લાસ વેઈટિંગ રૂમ, બુકિંગ ઓફિસ, ક્રૂ લોબી, પાર્સલ ઓફિસ અને દિવ્યાંગજનો માટે ઉપલબ્ધ સુવિધાઓની સમીક્ષા કરી હતી.તેમણે સ્ટેશન પર પ્રસ્તાવિત ૧૨ મીટર પહોળા નવા ફૂટ ઓવર બ્રિજ સહિત અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ચાલી રહેલા તમામ વિકાસ કાર્યોને નિર્ધારિત ગુણવત્તા અને ધોરણો અનુસાર ઝડપથી પૂર્ણ કરવાના નિર્દેશ આપ્યા હતા. તેમણે મુસાફરોની સુવિધા, બહેતર સ્ટેશન મેનેજમેન્ટ અને સુચારૂ રેલ સંચાલન સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો.જનરલ મેનેજર પાંડેએ દ્વારકા સ્ટેશનનું પણ નિરીક્ષણ કર્યું હતું અને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી. તેમણે ફૂટ ઓવર બ્રિજ, લિફ્ટ, પ્લેટફોર્મ, વેઈટિંગ રૂમ, કેટરિંગ સ્ટોલ, એક્ઝિક્યુટિવ લાઉન્જ અને સર્ક્યુલેટિંગ એરિયાનું નિરીક્ષણ કરીને ઉપલબ્ધ મુસાફર સુવિધાઓ અને વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી.તેમણે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ચાલી રહેલા કાર્યોને નિર્ધારિત ગુણવત્તા અને ધોરણો અનુસાર સમયમર્યાદામાં પૂર્ણ કરવા નિર્દેશ આપ્યા હતા.

# જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા 'રથયાત્રા સ્વાગત સમિતિ'ની નિમણૂકઃ સોમવારે યોજાશે ભવ્ય લોકડાયરો

## માતૃશક્તિ અને કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ: કૃષ્ણભક્તો તેમજ વિવિધ મંડળોનું કંકુ-ચોખાથી સન્માન કરાશે

**અબતક, રાજકોટ**

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા આગામી ભવ્ય જન્માષ્ટમી શોભાયાત્રાને લઈને તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. શોભાયાત્રામાં પધારેલા મહાનુભાવો અને કૃષ્ણભક્તોના ભવ્ય સ્વાગત-સન્માનની વ્યવસ્થા માટે સમિતિના ધર્માધ્યક્ષ ભકિત પ્રકાશદાસ મહારાજના આશીર્વાદ તેમજ માર્ગદર્શક સમિતિના સભ્યો, સમિતિના અધ્યક્ષ રાજાભાઈ (વાવડી), ધર્મયાત્રા અધ્યક્ષ ધર્મેન્દ્રસિંહ વાળા, કાર્યકારી અધ્યક્ષ તીર્થરાજસિંહ ગોહિલ અને ઈનચાર્જ પરેશભાઈ રૂપારેલિયા દ્વારા 'રથયાત્રા સ્વાગત સમિતિ'ની નિમણૂક કરવામાં આવી છે.

સ્વાગત સમિતિની રચના થતાં જ માતૃશક્તિ અને દુર્ગાવહિનીના બહેનો સહિત કાર્યકર્તાઓમાં અનેરો આનંદ જોવા મળ્યો છે. સ્વાગત સમિતિના સંયોજિકા ડો. મનિષાબેન પંડ્યા તથા સોનલબેન ચારણીયાના જણાવ્યા મુજબ, શહેરના વિવિધ મંડળો જેવા કે ધૂન મંડળો, સેવા મંડળો, ગરબી મંડળો, શેરી મંડળો તેમજ ધાર્મિક-સામાજિક સંસ્થાઓનો સંપર્ક કરી તમામને શોભાયાત્રામાં જોડવામાં આવશે. શોભાયાત્રામાં જોડાનારા ભક્તોનું કંકુ-ચોખાથી સ્વાગત કરી, મંડળોના આગેવાનોને ખેસ અને ફુલહારથી સન્માનિત કરી સમરસ હિન્દુ સમાજના નિર્માણ માટે પ્રાર્થના કરાશે તેમ સમિતિના સભ્યો ટીનાબેન પંચાસરા, વૈશાલીબેન ડોબરીયા, જ્યોતિબેન વ્યાસ, શીતલબેન ધામેલીયા, અંજુબેન પટેલ, ધર્મિષ્ઠાબેન સાકરીયા અને મનિષાબેન કુંડલીયાએ જણાવ્યું હતું. સ્વાગત સમિતિના બહેનો દ્વારા ધર્મસભા સ્ટેજ, ફ્લોટ તેમજ મુખ્ય રથના સુશોભનની કામગીરી સમયસર પૂર્ણ કરાશે તેમ દેવાંશોબા વાઢેર, ભૂમિબેન મહેતા અને કવિતાબેન બડગુજરે ઉમેર્યું હતું. આ આયોજનમાં જ્યોતિબેન પંડ્યા, ભાવનાબેન કલોલા, હંસાબેન સાપરિયા, જયશ્રીબેન વ્યાસ, સાક્ષીબેન ધામેલીયા, વંદનાબેન સેજપાલ, સપનાબેન પારવાણી, તેજલબેન ત્રિવેદી, પૂજાબેન દાવડા, ભાવનાબેન લીડીયા, ચાર્મીબા પરમાર, પૂજાબેન રાવલ, રાણીબેન ચૌહાણ, હંસાબેન ગોંડલીયા, તૃપ્તિબેન શુક્લા, શોભાબેન આશરા, ખુશાલીબેન કુબાવત, મિસ્ટીબેન સામાણી, પલ્લવીબેન, વિશ્વાબેન પાબારી, નીતાબા ઝાલા અને નયનાબેન રાવલ સહિતના બહેનો પણ ઉત્સાહપૂર્વક સંપર્ક અને આયોજનમાં કાર્યરત છે.

જન્માષ્ટમી મહોત્સવ સમિતિના અધ્યક્ષ રાજાભાઈના જણાવ્યા અનુસાર આ શોભાયાત્રા સમગ્ર રાજકોટની આસ્થાનું ભવ્ય પ્રતીક બનશે. ઉપરાંત, જન્માષ્ટમી મહોત્સવ સમિતિના ઈનચાર્જ પરેશભાઈ રૂપારેલિયા અને સહ ઈનચાર્જ વિનય કારીયા દ્વારા સોમવારના રોજ રાત્રે ૯:૦૦ કલાકે યોજાનાર ભવ્ય લોક ડાયરા ''કાઠીયાવાડી રંગત''માં પધારવા રાજકોટની ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જી.ટી.યુ. સેમેસ્ટર -૪ના પરિણામમાં વી.વી.પી. ઈજનેરી કોલેજે સૌરાષ્ટ્રમાં પ્રથમ સ્થાન મેળવ્યું

## ૬૧.૫૪ ટકા પરિણામ સાથે જી.ટી.યુ.માં ડંકો વાગ્યોઃ ટોપ-૧૦માં સ્થાન મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો પર અભિનંદન વર્ષા

**અબતક,રાજકોટ**

તાજેતરમાં જાહેર થયેલા જી.ટી.યુ. દ્વારા સેમેસ્ટર ચારના પરિણામોનું એનાલીસીસ કરતાં કુલ ૬૯ ઈજનેરી કોલેજોમાંથી વી.વી.પી. ઈજનેરી કોલેજે સમગ્ર સૌરાષ્ટ્રમાં ઈન્સ્ટિટ્યૂટ અને એસ.પી.આઈ. મુજબ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને પરિણામોમાં પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. સૌરાષ્ટ્ર ઝોનમાં વી.વી.પી. કોલેજના ૫૫૯ વિદ્યાર્થીઓમાંથી ૩૪૪ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતાં ૬૧.૫૪ ટકા પરિણામ મેળવ્યું છે, જેમાં કુલ ૧૮૮૯૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.સમગ્ર ગુજરાતમાં જી.ટી.યુ.માં બ્રાન્ચવાઈઝ અને સી.પી.આઈ. મુજબ ટોપટેનમાં સ્વાતી બીરબહાદુર વર્મા (આઈ.ટી.) ૧૦માંથી ૯.૪૯ મેળવી પાંચમો રેન્ક, પ્રિત ધીરજભાઈ




રોજમાલા (મિકેનિકલ) ૧૦માંથી ૯.૪૫ મેળવી સાતમો રેન્ક, કનીશા જયેશભાઈ પોપટાણી (ઈ.સી.) ૧૦માંથી ૯.૨૫ મેળવી સાતમો રેન્ક તેમજ ખાદીજા મુસ્તફાભાઈ ઝાંખી (કોમ્પ્યુટર) ૧૦માંથી ૯.૫૮ મેળવી નવમો રેન્ક પ્રાપ્ત કર્યો છે.આ ભવ્ય પરિણામ મેળવી સૌરાષ્ટ્રમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુક્લ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવે, ડો. નવીનભાઈ શેઠ તથા પ્રિન્સિપાલ ડો. પિયુષભાઈ વણઝારાએ તમામ તેજસ્વી વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોને અભિનંદન પાઠવ્યા છે.


સાવલિયા હોસ્પિટલમાં

# 'ઓરિલ ફારોસ' સર્જિકલ સિસ્ટમનો બાળ કલાકાર કાવ્યા રામાણીના હસ્તે શુભારંભ

## ફારોસ સિસ્ટમથી મોતિયા સર્જરી, રેટિના તથા વિટ્રેક્રોની સર્જરી સહિતની સુવિધા મજબુત બનશે

**અબતક, રાજકોટ**

આંખની સારવારમાં સતત અદ્યતન ટેક્નોલોજી અપનાવતી આંખની મલ્ટી સ્પેસિયાલીટી **સાવલિયા આઈ હોસ્પિટલ એન્ડ લેસર સેન્ટર, રાજકોટ ખાતે આધુનિક Oertli FAROS Eye Surgery Systemનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ નવી સુવિધાનું લોકાર્પણ રાજકોટની યુવા પ્રતિભા, બેસ્ટસેલિંગ લેખિકા અને બાળ કલાકાર કાવ્યા રામાણીના હસ્તે કરવામાં આવ્યું.



રાજકોટથી પોતાની સફર શરૂ કરીને ન્યૂયોર્ક સુધી પહોંચેલી કાવ્યા રામાણી બેસ્ટસેલિંગ ઑથર, બોલિવૂડ એક્ટ્રેસ, ગ્લોબલ પોડકાસ્ટ હોસ્ટ તેમજ યંગ સક્સેસ અને મેનિફેસ્ટેશન કોચ તરીકે ઓળખ ધરાવે છે. માત્ર ૧૧ વર્ષની ઉંમરે તેમની પ્રથમ બુક બેસ્ટસેલિંગ બની હતી અને આજે તેઓ પોડકાસ્ટિંગ, પબ્લિક સ્પીકિંગ તથા યુવા સશક્તિકરણના ક્ષેત્રે પણ સક્રિય છે ફારોસ સિસ્ટમના ઉમેરાથી હોસ્પિટલમાં અદ્યતન ફેકો મોતિયા સર્જરી, જટિલ મોતિયાની સર્જરી, રેટિના તથા વિટ્રેક્ટોમિ સર્જરી સહિત આંખના આગળના અને પાછળના ભાગની વિવિધ અદ્યતન સર્જરીની સુવિધા વધુ મજબૂત બનશે.


સાવલિયા આઈ હોસ્પિટલ માટે ફારોસનું આગમન માત્ર નવી મશીનરીનો ઉમેરો નથી, પરંતુ છેલ્લા ૨૧ વર્ષથી દર્દીઓના વિશ્વાસ, આધુનિક ટેક્નોલોજી અને ગુણવત્તાસભર આંખની સારવાર સાથે આગળ વધતી સફરનું વધુ એક મહત્વપૂર્ણ સોપાન છે.

# સનાતન કાવડ યાત્રાના મુખ્ય કાર્યાલયનું શનિવારે ઉદ્દ્ઘાટન

## ધર્મ પ્રેમી જનતાઓને જોડાવવા ભકિતભીનું આમંત્રણ

**અબતક, રાજકોટ**

રાજકોટ :- શ્રદ્ધા, સેવા અને સનાતન સંસ્કૃતિના પવિત્ર ભાવને સમાજના જનમાનસ સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે આયોજિત સનાતન કાવડ યાત્રા-૨૦૨૬ના મુખ્ય કાર્યાલયનું ભવ્ય ઉદ્ઘાટન તા.૨૯/૦૮/૨૦૨૬, શનિવારના રોજ સાંજે ૬:૦૦ કલાકે નાગર બોર્ડિંગ, વિરાણી ચોક, રાજકોટ ખાતે યોજાનાર છે. સનાતન કાવડ યાત્રા સમિતિ-૨૦૨૬ દ્વારા તથા વિશ્વ હિન્દુ પરિષદ-ધર્મ પ્રસારની પ્રેરણાથી આયોજિત આ પાવન યાત્રા શ્રદ્ધા, સેવા, સંસ્કૃતિ અને સામાજિક એકતાનો સંગમ બનીને રાજકોટના જનમાનસને એકત્રિત કરવાનો સંકલ્પ ધરાવે છે.



પત્રિકામાં કાવડ યાત્રાને ભગવાન શિવની કૃપા પ્રાપ્ત કરવા સાથે સર્વ સમાજની એકતા, સેવા અને સંસ્કૃતિનો સંદેશ આપતી પવિત્ર યાત્રા તરીકે અભિવ્યક્ત કરવામાં આવી છે.કાવડ યાત્રા માત્ર એક ધાર્મિક યાત્રા નથી, પરંતુ ભગવાન શિવ પ્રત્યેની અખંડ શ્રદ્ધા, તપ, કષ્ટસહન, સંયમ અને સમર્પણની જીવંત અભિવ્યક્તિ છે. પવિત્ર જળને કાવડમાં ધારણ કરી ભક્તિભાવપૂર્વક મહાદેવને અર્પણ કરવાની આ પરંપરા સનાતન સંસ્કૃતિની ગૌરવશાળી ધાર્મિક પરંપરાનું પ્રતીક છે.

આ જ ભાવનાને આધુનિક સામાજિક પરિપ્રેક્ષ્ય સાથે જોડીને સનાતન કાવડ યાત્રા-૨૦૨૬ દ્વારા સમાજની એકતા, સેવા, સંસ્કૃતિ અને યુવા શકિતને એકત્રિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ખાસ કરીને યુવા પેઢીને સનાતન સંસ્કૃતિ, ભારતીય પરંપરા અને સામાજિક એકતાના ભાવ સાથે જોડવાનો આ પ્રયાસ આ આયોજનની વિશેષ વિશેષતા બની રહ્યો છે. આગામી સનાતન કાવડ યાત્રામાં નાયબ મુખ્યમંત્રી, રાજકીય તથા સામાજિક ક્ષેત્રના આગેવાનો, રાજકોટના નગરજનો અને મોટી સંખ્યામાં યુવા તથા કોલેજીયન વિદ્યાર્થીઓ જોડાવાના છે. આ વ્યાપક જનભાગીદારીની શરૂઆતરૂપે યોજાનાર કાર્યાલય ઉદ્ઘાટન પ્રસંગને પણ સમાજના વિવિધ વર્ગોની સહભાગિતાથી ભવ્ય અને યાદગાર બનાવવાનો આયોજકોનો સંકલ્પ છે.

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસીએશન દ્વારા

# જૂનિયર બોયઝ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ફુટબોલ ટુર્નામેન્ટમાં ૨૧ જિલ્લાઓની ટીમ વચ્ચે રોમાંચક મુકાબલો



**અબતક, રાજકોટ**

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત જૂનિયર બોય્જ ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટ-૨૦૨૬ નું આયોજન ગાંધીનગર ખાતે તારીખ ૨૫.૦૮.૨૦૨૬ થી ૦૨.૦૯.૨૦૨૬ દરમિયાન કરવામાં આવેલ છે.

આ ટુર્નામેન્ટ માં રાજકોટ જીલ્લા સહીતની ગુજરાત ના ૨૧ જીલ્લા ની ટીમો સબ-જૂનિયર બોયઝ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટ માં ભાગ લઈ રહેલ છે. બધી ટીમો ને ૭ ગ્રુપ માં વહેચવામાં આવેલ છે. ગ્રૂપ એફમાં મોરબી, રાજકોટ અને જામનગર ની ટીમો છે. ગ્રુપ સ્ટેજ ના મેચ આજ રોજ થી ચાલુ થયેલ છે રાજકોટ ની ટીમ ૨૮.૦૮.૨૦૨૬ ના રોજ પ્રથમ મેચ મોરબી સામે, બીજો મેચ તારીખ ૨૯.૦૮.૨૦૨૬ ના જામનગર જિલ્લા ની ટીમ સામે રમશે.જિલ્લા ની ટીમ માં રેહાંસ ભુટાની, ધાર્મિત શાહ, ધૈર્ય ભટ્ટ, વિહાન રૂઘાની, જક્ષ બરંડા, અયાન કાશવાની, પ્રાંશું પધાડીયા, માનવીરસિંહ જાડેજા, આરવ અંકોલા, કૃષ્ણરાજસિંહ જાડેજા, જિનય મેહતા, હેનિલ કનેરિયા, વિયાન ઉપાધ્યાય, અર્ણવ શર્મા, મયંક નાયક, અંશ ગીરી, વિરભદ્ર ત્રિવેદી, પ્રેમકુમાર અરમૂરગન, આરવ પરમાર અને રુદ્રારાજસિંહ ગોહિલ છે. ટીમ ની સાથે મેનેજર જયકિશન કાચા અને કોચ સંજય પંડ્યા ને નિયુકત કરવામાં આવેલ છે.રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન ના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, બી. કે. જાડેજા, સેક્રેટરી રોહિત સહિત ના એસોસિએશન ના સભ્યો દ્વારા ટીમ ને સુભેચ્છા પાઠવવામા આવેલ છે.

# વોર્ડ નં.૧માં ગંદકીના ગંજ : મચ્છરોનો ઉપદ્રવ વધતા સ્થાનિકો પરેશાન

## ડ્રોન દ્વારા જંતુ નાશક દવાનો છંટકાવ અને ગંદકી દૂર કરવા સ્થાનિકોની માંગ

**અબતક, રાજકોટ**

રાજકોટના વોર્ડ નંબર-૧માં મચ્છરોના વધતા ઉપદ્રવને કારણે સ્થાનિક રહીશોની મુશ્કેલી વધી રહી છે. જામનગર રોડ પર નવી કોર્ટ પાછળ આવેલા અરિહંતનગર વિસ્તાર તેમજ એફસીઆઈ ગોડાઉન નજીકના રસ્તા પાસેની ખુલ્લી પડતર જમીનમાં ગંદકી અને દૂષિત પાણીના ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ વધ્યો હોવાની ફરિયાદો સામે આવી છે.પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા નહીં હોવાથી લાંબા સમયથી પાણી ભરાઈ રહેતું હોવાના કારણે આ



સ્થળ મચ્છરો માટેના ઉદગમસ્થાનમાં ફેરવાયું છે. આસપાસના રહીશોને મચ્છરોના ત્રાસનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરમાં ડેંગ્યુ, મેલેરિયા સહિતના મચ્છરજન્ય રોગોના કેસો સામે આવી રહ્યા હોવાથી સ્થાનિકોમાં આરોગ્યને લઈને પણ ચિંતા જોવા મળી રહી છે.મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં મચ્છર નિયંત્રણ માટે ડ્રોન મારફતે દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. ત્યારે વોર્ડ નંબર-૧ના આ વિસ્તારમાં પણ ડ્રોન સહિતની જરૂરી વ્યવસ્થા દ્વારા તાત્કાલિક જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવે અને ગંદકી દૂર કરવામાં આવે તેવી માંગ સ્થાનિકોમાંથી ઉઠી છે.

# એફ.પી.એ.આઈ. દ્વારા સોમથી શુરૂ નિઃશુલ્ક આરોગ્ય સેવા

**અબતક, રાજકોટ**

ફેમીલી પ્લાનિંગ એશોસીએશન ઓફ ઈન્ડીયા રાજકોટ બ્રાંચ કુટુંબ નિયોજનના સાધનોનું વિતરણ, સલાહ તથા માર્ગદર્શન, ગર્ભાવસ્થા દરમ્યાન મહિલાઓની તપાસ, લોહતત્વની ગોળીઓનું વિતરણ, પ્રસુતિ પછી મહિલાઓની સારવાર તથા સલાહ, સ્ત્રી નસબંધી તથા પુરુષ નશબંધી વિષે સલાહ, તંદુરસ્ત બાળકના જન્મ માટે મહિલાને રૂબેલા રસીકરણ, ગર્ભાશય અને સ્તન કેન્સર જેવા રોગોનો સામનો કરવા કાઉન્સેલિંગ, રસીકરણ, અટકાયત અને નિયંત્રણ, તરુણાવસ્થામાં ઉપસ્થિત થતા પ્રશ્નોનું નિવારણ, લૈંગિક ભેદભાવ, સ્ત્રી સશક્તિકરણ બાબતે સલાહ અને માર્ગદર્શન, જાતીય અને પ્રજનન સ્વાસ્થ્યની જાળવણી અને તેના અધિકારો અંગેની સલાહ, કારકિર્દી માર્ગદર્શનનો લાભ લેવા માટે ફેમિલી પ્લાનીંગ એસોસીએશન ઓફ ઈન્ડિયા રાજકોટ બ્રાંચ ૧-રામનગર (બંધ શેરી) ઈન્ડિયન ઓવરસીઝ બેન્કની પાછલ, ગોંડલ રોડ ખાતે સવારે ૧૦ થી ૬ સુધી આરોગ્ય કેમ્પ શરૂ રહેશે. વધુ વિગત માટે મો. નં. ૯૬૮૭૮ ૨૮૮૮૨ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

# ડીવાઈન ચેરી.ટ્રસ્ટ દ્વારા સોમનાથ ખાતે દંત યજ્ઞ અને બત્રીસી કેમ્પનું મંગળવારે આયોજન

**અબતક,રાજકોટ**

સોમનાથ ખાતે દર મહિનાની ૧ લી તારીખે યોજાતા કેમ્પ નો લાભ લેવા સોમનાથ ટ્રસ્ટ ના અગ્રણીઓ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ના અગ્રણીઓએ અપીલ કરતા જણાવે છે કે સવારે ૯ થી ૧ ''દંત યજ્ઞ અને દાંતની બત્રીસી ના કેમ્પ '' નું આયોજન ટુરિસ્ટ ફેસેલીટી સેન્ટર લીલાવતી ગેસ્ટ હાઉસ પાર્કિંગ સામે,મુ.સોમનાથ (પાટણ) ખાતે કરવામાં આવેલ છે. જેમાં દાંત ના દર્દીઓને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ડો.જયસુખ મકવાણા અને તેમની ટીમ, ડો દિપાલી સોની, ડો.સંજય અગ્રાવત,ડો.સોનલ આસોદરીયા, મોનિકા ભટ્ટ,જાગૃતિ ચૌહાણ, રાજુભાઈ વરિયા દ્વારા તપાસી ૫૦ વૃદ્ધ વ્યક્તિઓને વિના મુલ્યે બત્રીસી નું માપ લેવાની વ્યવસ્થા કરેલ છે. જેમને બત્રીસી બનાવવી હોય તેમને આધાર કાર્ડ ની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે. કેસ સવારે ૯ વાગે લખવામાં આવશે. વધુ વિગત માટે ચૌહાણ જાગૃતિ ૭૦૯૬૨૪૨૭૩૬ નો સંપર્ક કરવાનો રહેશે.

# પ્રાઈમરી માર્કેટમાં આઈપીઓનું વાવાઝોડુઃ રોકાણકારો તરબતર થશે

## અનેક કંપનીઓ આઈપીઓ લાવી મૂડી એકત્ર કરવા આતુરઃ સેકન્ડરી માર્કેટ કરતા પ્રાઈમરી માર્કેટ તરફ વળતા રોકાણકારો

**અબતક, રાજકોટ**

પ્રાઈમરી માર્કેટમાં આઈપીઓનું વાવાઝોડું આવી રહ્યું છે. બલ્કે વાવાઝોડું ચાલી રહ્યું છે તેમ કહી શકાય.દિવસે ને દિવસે નવી નવી કંપનીઓ આઈપીઓ લાવી રહી છે.દિન-પ્રતિદિન આ સંખ્યા વધતી જઈ રહી છે.મુખ્ય વાત તો એ છે કે આ વખતે મેઈન બોર્ડના આઈપીઓ વધુ આવી રહ્યા છે.તેના કરતાં પણ સૌથી અગત્યની વાત તો એ છે કે આ બધા જ આઈપીઓ એટલે કે અપવાદરૂપ એક કે બે ને બાદ કરતા અનેક ગણાં ઓવર સબસ્ક્રાઈબ થઈ રહ્યા છે. રસપદ વાત તો એ છે કે જે કંપની નુકસાન કરતી હોય તેવી કંપનીના શેરો ના આઈપીઓ પણ અનેક ગણા ભરાઈ રહ્યા છે, તેવી કંપનીમાં પણ રોકાણ કરવા માટે રોકાણકારોની જાણે ભીડ લાગી છે. ખાસ આવી પરિસ્થિતિનું કારણ એ છે કે હવે સેકન્ડરી માર્કેટમાં છેલ્લા કેટલાક સમયથી ખાસ કોઈ મોટી તેજી થઈ નથી એટલે રોકાણકારોને સેકન્ડરી માર્કેટ માંથી વિશ્વાસ ઉઠતો જાય છે.ભરોસો તૂટતો જાય છે.હકીકત એ છે કે સેકન્ડરી માર્કેટમાં પણ હવે એફ આઈ આઈ ની આક્રમક વેચવાલી રહી નથી એટલે સમય સેકન્ડરી માર્કેટનો પણ ચાલવાનો પાકી ગયો છે.આવા સમયે સેકન્ડરી માર્કેટમાં જે જુના રોકાણકારો છે તેઓ હજી શેરોમાં વેચવાલી કરતા નથી અને સારા સમયની રાહ જોઈ રહ્યા છે. બીજી બાજુ ડોમેસ્ટિક ફંડો સતત એફ.આઈ.આઈ ને હફાવી રહ્યા છે અને જેટલી રકમના શેરો એફ.આઈ.આઈ વેચી રહી છે તેનાથી પણ વધુ રકમના શેરો રોજ સ્થાનિક નાણાકીય સંસ્થાઓ ખરીદી રહી છે.



પ્રાઈમરી માર્કેટમાં આવનારા સમયમાં મેગા આઈપીઓ આવી રહ્યા છે.પ્રાઈમરી માર્કેટનું વાતાવરણ અત્યારે ખૂબ જ પોઝિટિવ છે અને આવા માહોલનો લાભ લેવા અનેક પ્રમોટરો હોડ લગાવી,પોતાના આઈપીઓની મંજૂરી સેબી માંથી મેળવી રહ્યા છે.એક અંદાજ પ્રમાણે આશરે ૧૨૦ થી વધુ કંપનીઓ અને રુપીયા બે લાખ કરોડથી વધુ રકમના આઈપીઓ આવવાની ધારણા નિષ્ણાતો આ વર્ષના અંત સુધીમાં જોઈ રહ્યા છે

રાજકોટ શહેર હવે આઈપીઓ માટેનું ખાસ હબ બની રહ્યું છે.બીજા શહેરોના પ્રમાણમાં રાજકોટમાં ઘણો મોટો વર્ગ આઈપીઓ માં શેરો મેળવવા અરજીઓ કરી રહ્યો છે ખાસ વાત તો એ છે કે રાજકોટના કુલ રોકાણકારો માંથી ૫૦% થી વધુ લોકો લિસ્ટિંગ ના દિવસે જ શેરો વેચી અને મૂડી છૂટી કરી બીજા આવનારા આઈપીઓ માં રોકાણ કરતા હોય છે. પ્રાઈમરી માર્કેટમાં રોકાણકારો ફક્ત ટૂંકા ગાળા માટે જ રોકાણ કરતા હોય છે.જ્યારે સેકન્ડરી માર્કેટમાં આ સ્થિતિ વિપરીત હોય છે. સેકન્ડરી માર્કેટમાં લોકો લાંબા ગાળા માટે રોકાણ કરતા હોય છે

નેશનલ સ્ટોક એક્સચેન્જ એટલે કે એન એસ ઈ પણ ટૂંક સમયમાં પોતાનો આઈપીઓ લાવે તેવી શક્યતા પ્રબળ છે. એન એસ ઈ નો આઈપીઓ મેગા આઈપીઓ જ હશે. પ્રાઈમરી માર્કેટ માટે ઐતિહાસિક રકમનો આઈપીઓ હોવાની ધારણા છે. રોકાણકારો પણ એન એસ ઈ ના આઈપીઓ ની રાહ જોઈ રહ્યા છે. આવનારા સમયમાં જો એન એસ ઈનો આઈપીઓ આવી જાય અને ખૂબ જ સારો પ્રતિસાદ મળે તો પ્રાઈમરી માર્કેટમાં ખૂબ જ મોટી તેજી આવવાની શક્યતા છે જોકે નેશનલ સ્ટોક એક્સચેન્જ વિશ્વાસનીય કંપની છે અને એના આઈપીઓ ને ખૂબ જ સારો પ્રતિસાદ મળવાની પૂરેપૂરી શક્યતા રોકાણકારો જોઈ રહ્યા છે.રોકાણકારો એનએસઈ ના આઈપીઓ ની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. રિલાયન્સ ગ્રુપ તરફથી પણ એક મેગા આઈપીઓ ની શક્યતા જોવાઈ રહી છે અને રિલાયન્સ ગ્રુપના આઈપીઓ ની પણ રોકાણકારો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. રિલાયન્સ ગ્રુપ અને એન એસ ઈ ના આઈપીઓ જો આ વર્ષનો અંત સુધીમાં આવશે તો પ્રાઈમરી માર્કેટમાં જોરદાર એક્ટિવિટી જોવા મળશે.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણી ના જણાવ્યા અનુસાર આવનારા દિવસો પ્રાઈમરી માર્કેટના તો હશે જ પરંતુ જે રીતે એફ.આઈ.આઈ ની વેચવાલી સેકન્ડરી માર્કેટમાં ઘટી ગઈ છે. તેવા સંજોગોમાં દિવાળી સુધીમાં શેર બજારમાં ખાસ કરીને સેકન્ડરી માર્કેટમાં પણ સુધારો જોવા મળશે પ્રાઈમરી માર્કેટમાં તો આઈપીઓ ની વણઝાર છે. આવનારા દિવસો પ્રાઈમરી માર્કેટ માટે સીમા ચિન્હરૂપ સાબિત થશે અને ગમે તેવા મોટા મેગા આઈપીઓ આવે રોકાણકારો પાસે ફંડ છે જ અને ગમે તેટલી રકમના આઈપીઓ ને આસાનીથી રોકાણકારો છલકાવી દેશે, એમાં કોઈ શંકા નથી.

# રૂપિયાના ધોવાણ અને આકરા નિયમોથી વિદેશી સંપતિ જાહેર કરવાની સ્કીમથી કરદાતાઓ લાભથી વંચિત

## ડોલર સામે રૂપિયો ઘસાતાં રકમ વધી ગઈ : ખરીદ કિંમત કે વર્તમાન બજારભાવ જે વધુ હોય તે ગણવાના કડક નિયમથી કરદાતાઓ મૂંઝવણમાં

**અબતક, રાજકોટ**

વિદેશમાં રહેલી અઘોષિત મિલકત, શેર્સ કે બેંક ડિપોઝિટ જાહેર કરીને દંડ સાથે કાયદેસર થવા માટે કેન્દ્ર સરકારે શરૂ કરેલી વન-ટાઈમ સ્કીમ સામે રૂપિયાનું અવમૂલ્યન અને વેલ્યુએશનના જટિલ નિયમો મોટી અડચણ બની રહ્યા છે. આ કારણોસર સ્કીમનો લાભ લેવા માંગતા અનેક કરદાતાઓ સ્કીમની મર્યાદા બહાર થઈ ગયા છે.

સરકારે અઘોષિત વિદેશી સંપત્તિ નિયમિત કરવા ₹૧ કરોડ સુધીની અને કાયદેસર રીતે મોકલેલા નાણાંથી લીધેલી સંપત્તિ માટે ₹૫ કરોડ સુધીની લિમિટ નક્કી કરી છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં મોટો ઘટાડો થયો હોવાથી, સંપત્તિનું રૂપિયામાં મૂલ્યાંકન કરતી વખતે તેની રકમ આપોઆપ ₹૧ કરોડ કે ₹૫ કરોડની લિમિટ વટાવી જાય છે.

આ ઉપરાંત, મૂલ્યાંકન (વેલ્યુએશન)ના વિચિત્ર નિયમે પણ કરદાતાઓની મુશ્કેલી વધારી છે. નિયમ મુજબ ખરીદ કિંમત અથવા હાલની બજાર કિંમત-બેમાંથી જે વધુ હોય તે ધ્યાને લેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિએ અગાઉ ₹૫.૨૫ કરોડમાં સંપત્તિ લીધી હોય અને આજે ભાવ ઘટીને ₹૩ કરોડ થઈ ગયો હોય, તો પણ તેનું મૂલ્યાંકન ₹૫.૨૫ કરોડ ગણાશે. આથી તે વ્યક્તિ ₹૫ કરોડની લિમિટ બહાર થઈ જતાં સ્કીમનો લાભ મેળવી શકતી નથી.ટેક્સ નિષ્ણાતોના મતે, આ જટિલતાઓને કારણે અનેક બોર્ડરલાઈન કેસો મુશ્કેલીમાં મુકાયા છે. કરદાતાઓમાં પેનલ્ટી અને કાનૂની કાર્યવાહીનો ડર ઊભો ન થાય તે માટે સરકારે આ સ્કીમના નિયમોમાં વહેલી તકે સ્પષ્ટતા અને રાહત આપવી જરૂરી બની ગઈ છે.

# શા માટે ઓરમાય દીકરી માતાને સંતાનોનો કબજો નથી સોંપતી?

## આગામી ૮ સપ્ટેમ્બરે હાઈકોર્ટમાં પ્રતિવાદીઓનો જવાબ આવ્યા બાદ માને વધુ સ્પષ્ટ દિશા મળશે

**અબતક, અમદાવાદ**

ગુજરાતમાં પારિવારિક સંબંધો, વિશ્વાસ અને કાયદાકીય લડાઈનો એક હૃદયદ્રાવક અને ચર્ચાસ્પદ મામલો સામે આવ્યો છે. કચ્છના મુન્દ્રા તાલુકાના ધ્રાબ ગામમાંથી એક ૩૮ વર્ષીય વિધવા માતાએ પોતાના જ છ સગીર સંતાનોનો કબ્જો મેળવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે.

વર્ષ ૨૦૨૩માં મોટી પુત્રી પોતાના પ્રેમી સાથે લગ્ન કરીને અલગ રહેવા લાગી હતી, જેના કારણે પરિવારમાં વિવાદ થયો હતો. ૬ જૂન ૨૦૨૫ના રોજ મહિલાના બીજા પતિનું અવસાન થયા બાદ પુત્રીએ માતાને પોતાની સાથે રહેવા આમંત્રણ આપ્યું હતું, પરંતુ થોડા જ મહિનામાં સંબંધો ફરી બગડ્યા. માતાની માનસિક સ્થિતિ અને દુઃખનો લાભ લઈને પુત્રીએ બેંક ખાતામાંથી કોઈની પણ જાણ કે સંમતિ વગર આશરે ૧૫ લાખ



ઉપાડી લીધા હોવાનો આક્ષેપ છે.

ડિસેમ્બર ૨૦૨૫માં મુન્દ્રાની જેએમએફસીકોર્ટમાં સર્ચ વોરંટ અને કબ્જા માટે અરજી કરાઈ હતી, જે જાન્યુઆરીમાં ફગાવી દેવાઈ હતી કારણ કે બાળકોએ પોતાની ઈચ્છાથી બહેન સાથે રહેવાનું જણાવ્યું હતું.વકીલ એ.એ. ઝાબુવાલા મારફતે કરાયેલી અરજીમાં સૌથી નાની ૩ વર્ષની બાળકીની સગીરતા અને સંમતિ આપવાની અક્ષમતાને મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે, જેને પગલે હાઈકોર્ટે કડક નોટિસ જારી કરી છે. આગામી ૮ સપ્ટેમ્બરે હાઈકોર્ટમાં પ્રતિવાદીઓનો જવાબ આવ્યા બાદ આ માને વધુ સ્પષ્ટ દિશા મળશે.

# જૈનમ નવરાત્રી મહોત્સવ-૨૦૨૬: ૧૧માં વર્ષે 'ઉત્તમથી સર્વોત્તમ' તરફ ભવ્ય આગેકૂચ, તૈયારીઓનો ધમધમાટ

## મુંબઈના ૧૯ સાજીંદાઓ, અવનવા સિંગર્સ, લાખેણા ઈનામો અને શુદ્ધ જૈન વ્યંજનો બનશે ખેલૈયાઓ માટે મુખ્ય આકર્ષણ

**અબતક, રાજકોટ**

આગામી નવરાત્રી મહોત્સવને લઈને આયોજકો દ્વારા પૂર્વ તૈયારીઓનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. રાજકોટમાં સતત ૧૧મા વર્ષે માત્ર જૈન સમાજના ખેલૈયાઓ માટે યોજાનારા 'જૈનમ-મુકેશભાઈ દોશી (મોડર્ન) નવરાત્રી મહોત્સવ-૨૦૨૬'ના આયોજન માટે તાજેતરમાં કમિટીની મહત્વની બેઠક યોજાઈ હતી. નવકાર મંત્રના પઠન સાથે શરૂ થયેલી આ બેઠકમાં ગત વર્ષની સફળતાની ઝલક રજૂ કરાઈ હતી અને આ વર્ષે મહોત્સવને 'ઉત્તમથી સર્વોત્તમ' બનાવવા વિવિધ કમિટીઓની રચના કરવામાં આવી હતી. આ વર્ષે પણ જૈન તીર્થંકરોના નામ પરથી કમિટીઓ બનાવીને વિશેષ મંદિર નિર્માણનું આયોજન સુજીતભાઈ ઉદાણી, સેજલભાઈ કોઠારી અને જયેશભાઈ વસા દ્વારા જાહેર કરાયું છે.

આ વર્ષે નવરાત્રી મહોત્સવ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા ચંદ્રકાંતભાઈ શેઠના પારીજાત પાર્ટી પ્લોટ ખાતે યોજાશે. ખેલૈયાઓ માટે ખાસ મુંબઈથી ૧૯ સાજીંદાઓની ઓરકેસ્ટ્રા ટીમ અને નામાંકિત સિંગરો રાસની રમઝટ બોલાવશે. ઉપરાંત, રોજેરોજ પ્યોર જૈન વ્યંજનો, ડે થીમ, લાખેણા ઈનામો, સંપૂર્ણ નેટ કાર્પેટિંગ ગ્રાઉન્ડ, અદ્યતન સાઉન્ડ-લાઈટીંગ, સેલ્ફી ઝોન તેમજ ફ્રી મહેંદી, ટેટૂ અને નેઈલ આર્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. ધર્મભકિત સાથે ભારતમાતાની આરાધનાના સમન્વય સાથે સુરક્ષા અને મેડિકલ ઈમરજન્સી યુનિટની પણ પૂરતી વ્યવસ્થા રખાશે



મધ્યસ્થ કાર્યાલયનો શુભારંભ અને સિઝન પાસ તથા વિદ્યાર્થીઓ માટેના વિશેષ ડિસ્કાઉન્ટની વિગતો ટૂંક સમયમાં જાહેર કરાશે. સમગ્ર બેઠકનું સંચાલન જયેશભાઈ મહેતા અને ચિરાગભાઈ દોશી દ્વારા કરાયું હતું. આ સમગ્ર કાર્યક્રમની માહિતી આપવા માટે જીતુભાઈ કોઠારી, શૈલેષભાઈ માંઉ, ચંદ્રેશભાઈ મહેતા, હીતેશભાઈ શાહ, કૌશીકભાઈ કોઠારી, ચિરાગભાઈ સંઘવી, અમીતભાઈ લાખાણી અને ધર્મેશભાઈ બખાઈ સહિતના જૈન શ્રેષ્ઠીઓએ અબતકની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# "કોર્ટ મેં ગોલી મારેંગે" યુટ્યુબર અંકિતને સરાજાહેર ગોળીઓથી વીંધી નખાયો


## સીસીટીવીના આધારે આરોપીઓની શોધખોળ શરુ; જૂની દુશ્મનાવટ કે રાજકીય હુમલાની શંકા

**અબતક, રાજકોટ**

ઉત્તર પ્રદેશના શામલી જિલ્લામાં જાણીતા હરિયાણવી ગાયક અને યુટ્યુબર અંકિત બાલિયાનની સરાજાહેર ગોળીબાર કરીને નિર્મમ હત્યા કરવામાં આવી છે. અંકિત બાલિયાન શામલીના બંતીખેડા ગામના નિવાસી હતા અને સોશિયલ મીડિયા પર લાખો સમર્થકો ધરાવતા હતા.

બુધવારની સાંજે આર્યપુરી વિસ્તારમાં આવેલા જીમમાંથી બહાર નીકળીને તેઓ પોતાની ગાડી તરફ જઈ રહ્યા હતા, ત્યારે આ ઘાતક હુમલો થયો હતો. બે મોટરસાઈકલ પર આવેલા ચાર અજાણ્યા હુમલાખોરો જીમ બહાર અગાઉથી જ ઘાત લગાવીને બેઠા હતા. અંકિત પોતાની ગાડી પાસે પહોંચ્યા કે તુરંત જ હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. હુમલાખોરોએ આશરે અઢાર ગોળીઓ ચલાવી હતી. ગાડીની એક તરફ દીવાલ





હોવાથી અંકિતે બીજી તરફ જઈને પોતાનો જીવ બચાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, પરંતુ હુમલાખોરોએ દરવાજો ખોલીને સાવ નજીકથી ગોળીઓ બાર કરી દીધી હતી. માથા અને પેટના ભાગે પાંચ ગોળીઓ વાગવાને કારણે તેઓ ગંભીર રીતે ઘવાયા હતા, જ્યાં હોસ્પિટલમાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ ઘટનાના સમાચાર વાયુવેગે ફેલાતા જ સમગ્ર વિસ્તારમાં ભારે સન્નાટો અને તંગદિલી ફેલાઈ ગઈ હતી. ગાયકના પરિવારજનો, સ્થાનિક લોકો અને સમર્થકોએ મુખ્ય માર્ગ પર મૃતદેહ રાખીને ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આરોપીઓને વહેલી તકે પકડવાની માંગ કરી હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન ગાયકની માતાનો આક્રંદ જોઈને ત્યાં હાજર તમામ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી.

હત્યાના આ હાઈપ્રોફાઈલ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસે કસરતશાળા અને તેની આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ કબજે કરીને હુમલાખોરોની ઓળખ મેળવવાની કામગીરી હાથ ધરી છે. આ ઉપરાંત, જૂની રાજકીય વૈમનસ્ય કે હરિયાણા સાથે જોડાયેલા તારની દિશામાં પણ ઊંડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી રહી છે, જોકે મોડી રાત સુધી આ મામલે કોઈની ધરપકડ થઈ શકી નહોતી.

# ૧૪ મહિલા ધારાસભ્યોને મુખ્યમંત્રીની રક્ષાબંધન ભેટઃ રૂ.૨૮ કરોડની વિશેષ ગ્રાન્ટ ફાળવાશે

## વિશેષ ગ્રાન્ટનો ઉપયોગ મત વિસ્તારની રોડ રસ્તાની માળખાકીય સુવિધાઓની પ્રાથમિક જરૂરિયાતોને અનુરૂપ વિકાસલક્ષી કામો માટે થશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહિલા ધારાસભ્યોને રક્ષાબંધન પર્વની એક મહત્વપૂર્ણ ભેટ રૂપે વિકાસલક્ષી કામો માટે કુલ ૨૮ કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય વિધાનસભામાં જનપ્રતિનિધિત્વ કરતાં શહેરી ક્ષેત્રના નવ અને ગ્રામ્ય વિસ્તારના પાંચ મળી કુલ ૧૪ મહિલા ધારાસભ્યોને પ્રત્યેકને રૂપિયા ૨ કરોડની વિકાસલક્ષી ગ્રાન્ટ તેમના મતવિસ્તારોમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિવિધ વિકાસ કામો હાથ ધરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણય અનુસાર ફાળવવામાં આવશે.

મહિલા ધારાસભ્યોને ફાળવવામાં આવનારી આ વિશેષ ગ્રાન્ટનો ઉપયોગ પોતાના મત વિસ્તારની રોડ રસ્તાની માળખાકીય સુવિધાઓની પ્રાથમિક જરૂરિયાતોને અનુરૂપ વિકાસલક્ષી કામો માટે થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ જનહિતલક્ષી અભિગમના પરિણામે સંબંધિત મહિલા ધારાસભ્યોના મત ક્ષેત્રોમાં કનેક્ટિવિટી વધુ સરળ બનશે.

## હિન્દી-ચીની ભાઈ-ભાઈ

# ચીન અને ભારતે સ્થાનિક કરન્સીમાં રોકાણ કરવા માટે તત્પરતા બતાવી

## શી જિનપિંગની મુલાકાત પહેલાં વ્યાપારી સંબંધોમાં સુધારો લાવવાની કવાયત તેજ

**અબતક, નવી દિલ્હી**

ભારત અને ચીન દેશમાં બિઝનેસ-ટુ-બિઝનેસ એક્સચેન્જ અને ચીની રોકાણને વેગ આપવા માટે સક્રિયપણે નવા માળખાની શોધ કરી રહ્યા છે. રાજદ્વારી સંબંધોમાં સુધારાની વચ્ચે, આ સંભવિત કરારનો ઉદ્દેશ્ય મૂડી પ્રવાહને વેગ આપવાનો અને બંને દેશો વચ્ચેના વ્યાપારી સંબંધોને પુનર્જીવિત કરવાનો છે. નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અજિત ડોભાલની તાજેતરની બેઈજિંગ મુલાકાત દરમિયાન આ વિકાસ માટેનો પાયો નાખવામાં આવ્યો હતો. ૬ વર્ષના સ્થગિત સમયગાળા પછી મતભેદોને દૂર કરવાના પ્રયાસરૂપે બંને પક્ષો હાલમાં એવા પગલાંની તપાસ કરી રહ્યા છે જેની ટૂંક સમયમાં જાહેરાત થઈ શકે છે.

૧૨-૧૩ સપ્ટેમ્બરના રોજ બ્રિક્સ સમિટ માટે રાષ્ટ્રપતિ શી જિનપિંગની નવી દિલ્હીની આગામી મુલાકાત દરમિયાન, બેઈજિંગ ભારત માટે ચોક્કસ રોકાણ પેકેજનું અનાવરણ કરી શકે છે. આ પેકેજમાં દરિયાઈ માર્ગોની સરળ ઍક્સેસ સાથે સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની રચના તેમજ ત્રીજા દેશની નિકાસના ઉદ્દેશ્ય સાથે સૂચિત એક્સપોર્ટ પ્રોસેસિંગ ઝોન માટે ચીનનું ભંડોળ સામેલ હોઈ શકે છે. વધુમાં, બેઈજિંગ ભારતીય બજારમાં તેના ઈલેક્ટ્રિક વાહનો, ખાસ કરીને અગ્રણી ઉત્પાદક બીવાયડી તરફથી, પ્રવેશ માટે દબાણ કરે તેવી અપેક્ષા છે.

આ રોકાણોની સુવિધા માટે, બિન-વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ચીની



મૂડી માટેની મંજૂરી પ્રક્રિયાઓને વધુ સરળ બનાવવાના પ્રયાસો ચાલુ છે. જોકે, સંરક્ષણ અને લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) પરના પ્રોજેક્ટ્સ સહિત સંવેદનશીલ વિસ્તારોમાં ચીની રોકાણો પર કડક નિયંત્રણો ચાલુ રહેશે. દરમિયાન, નવી દિલ્હી મોટી વેપાર ખાધ ઘટાડવા માટે ચીનમાં પોતાની નિકાસ વધારવાનો આગ્રહ કરી રહી છે, જેમાં એપ્રિલ અને જુલાઈ વચ્ચે ચીનમાં ભારતીય માલસામાનની નિકાસમાં પહેલેથી જ ૩૬% નો વધારો જોવા મળ્યો છે જે ૭.૮ બિલિયન ડોલર સુધી પહોંચી છે. ભારત ચીનની ટેકનોલોજી અને મહત્વપૂર્ણ કાચા માલના પુરવઠાની સરળ ઍક્સેસની પણ માંગ કરી રહ્યું છે.સકારાત્મક ગતિવિધિ હોવા છતાં, નિષ્ણાતો આ સૂચિત જાહેરાતોના વાસ્તવિક અમલીકરણ વિશે સાવચેતી રાખવાનું સૂચન કરે છે. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના પ્રોફેસર શ્રીકાંત કોંડાપલ્લીએ ચીનના ખરાબ ટ્રેક રેકોર્ડ તરફ ધ્યાન દોર્યું છે, અને નોંધ્યું છે કે શીની ૨૦૧૪ ની મુલાકાત દરમિયાન જાહેર કરાયેલ ૨૦ બિલિયન ડોલરના રોકાણમાંથી છેલ્લા ૧૨ વર્ષમાં માત્ર ૨ બિલિયન ડોલર જ સાકાર થયા હતા. વધુમાં, ભારતમાં કાર્યરત ચીની કંપનીઓની સંખ્યા, જે કોવિડ-૧૯ રોગચાળા અને ગલવાન વેલી અથડામણ પહેલા લગભગ ૧૦૦૦ હતી, તેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે સૂચવે છે કે મુલાકાત પછીનું કોઈપણ પુનરુત્થાન ધીમું હોઈ શકે છે.

## ડિજિટલ સેવાઓ તરફ મુસાફરોનો વધ્યો વિશ્વાસ

# જીએસઆરટીસી મોબાઈલ એપ દ્વારા એક જ દિવસમાં ૮૮,૬૨૬ ટિકિટોનું ઐતિહાસિક એડવાન્સ બુકિંગ

## 'બુક સ્માર્ટ, ટ્રાવેલ ઈઝી' મંત્ર સાથે નાગરિકો ડિજિટલ પ્લેટફોર્મ તરફ વળ્યાં

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મુસાફરોની સુવિધા માટે શરૂ કરવામાં આવેલી ડિજિટલ સેવાઓ અને મોબાઈલ એપ્લિકેશનને રાજ્યના નાગરિકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. જીએસઆરટીસી મોબાઈલ એપ દ્વારા એક જ દિવસમાં સૌથી વધુ ૮૮,૬૨૬ મુસાફરોએ એડવાન્સ બુકિંગ કરી નવો રેકોર્ડ સ્થપાયો છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં સ્વચ્છ, સુરક્ષિત અને સલામત મુસાફરી પૂરી પાડવાની રાજ્ય સરકારની કટિબદ્ધતાના પરિણામે લાખો મુસાફરો હવે સ્માર્ટફોન થકી સરળતાથી બુકિંગ કરી રહ્યા છે.

ગઈકાલે તા. ૨૬ ઓગસ્ટના રોજ જીએસઆરટીસી મોબાઈલ એપ દ્વારા સમગ્ર દિવસ દરમિયાન કુલ ૮૮,૬૨૬ મુસાફરોએ પોતાની મુસાફરી માટે એડવાન્સ ટિકિટ બુક કરાવી છે. નિગમના ઈતિહાસમાં મોબાઈલ એપ્લિકેશન થકી એક જ દિવસમાં થયેલું આ અત્યાર સુધીનું સર્વોચ્ચ બુકિંગ છે.

આ ઐતિહાસિક આંકડા સાથે અગાઉ નોંધાયેલા રેકોર્ડ ની વાત કરીએ તો તા. ૪ નવેમ્બર ૨૦૨૪ એ ૮૫,૨૪૭ ટિકિટ બુકિંગ અને તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૫ એ ૮૫,૨૦૫ ટિકિટ બુકિંગ નોંધાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે જીએસઆરટીસી દ્વારા મુસાફરોને બસ સ્ટેન્ડ પર લાંબી લાઈનોમાં ઊભા રહેવામાંથી મુક્તિ મળે તે હેતુથી જીએસઆરટીસી ટિકિટ બુકિંગ અને બસના ચોક્કસ સમય-લોકેશનની માહિતી માટે 'જીએસઆરટીસી ટ્રેક લાઈવ' જેવી આધુનિક મોબાઈલ એપ્સ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# ગુંદાવાડીમાં બિલની રકઝકમાં વેપારીનો શિક્ષિકા અને તેના પતિ પર હુમલો

## આસોપાલવ દુકાનમાં બે પેરના રૂ.૧૩૫૦ના ભાવ કહ્યા બાદ રૂ.૩૦૦૦નું બિલ બનાવતા વિવાદ: ‘‘લુખ્ખીના ઘરે રહેતા હોય તો કપડા લેવા ન અવાય‘‘ કહી સ્ટીલના પાઈપ સાથે દોડ્યો

**અબતક,રાજકોટ**

શહેરની ગુંદાવાડી બજારમાં આસોપાલવ નામની દુકાનમાં બિલની રકઝક બાબતે વેપારી બંધુ અને મહિલા કર્મચારી સહિતનાએ શિક્ષિકા તેના પતિ અને પરિવારજનો સાથે મારમારી કરી હતી. ઝઘડમાં સાત વર્ષના બાળકને લાફો મારી દીધો હતો. આ અંગે ભકિતનગર પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી. વધુ વિગત મુજબ શહેરના નવા થોરાળા શેરી નંબર ૪ માં રહેતા કાજલબેન મેહુલભાઈ ચૌહાણ નામની ખાનગી સ્કૂલમાં શિક્ષકે ભકિતનગર પોલીસ મથકમાં ગુંદાવાડી મેઈન રોડ પર શુભ રેસીડેન્સીમાં રહેતા અને આસોપાલવ નામની દુકાનના વેપારી પ્રશાંત મનસુખાઈ દેસાઈ, ભાઈ આશિષભાઈ દેસાઈ અને પ્રશાંતભાઈની દુકાનમાં કામ કરતી મહિલા સહિતના શખ્સોએ કપડાના ની ખરીદીના બિલ બાબતે ઝઘડો કરી માર મારી ધમકી આપ્યા અંગેની ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે

ગઈ તા.૨૩/૦૮/૨૦૨૬ ના રોજ તે તથા તેના પતિ મેહુલભાઈ,પુત્ર ધ્વનીત (ઉ.વ.૭) બહેન મનિષાબેન (ઉ.વ.૨૭), મનિષાબેનની દિકરી વેદિકા (ઉ.વ.૦૩) બધા ગુંદાવાડી શેરી નંબર ૧૭ માં આવેલી આસોપાલવ નામની દુકાનમાં કપડાની ખરીદી કરવા ગયા હતા. જે કપડાની પેર ગમતી હતી તે પેરના ભાવ પુછતા કપડા બતાવનાર મહિલા સ્ટાફે એક પેરના રૂ. ૧૩૫૦ કહ્યા હતાં. જેથી મારી પસંદગીની કપડાની બે પેર લઈને બિલ માટે કાઉન્ટરે ગયા હતાં. બિલ જોતા ૩૦૦૦ રૂપિયાનું બિલ બનાવેલ હોય જેથી ફરિયાદીએ કાઉન્ટરે હાજર વેપારીને કહ્યું હતું કે, મને કપડા બતાવનાર મહિલા સ્ટાફે એક પેરના ૧૩૫૦ રૂપિયા કહ્યા છે. જેથી બે પેરના રૂપિયા ૨૭૦૦ થાય, તમે તો ૩૦૦૦ રૂપિયાનું બિલ બનાવ્યું છે. જેથી મારે કપડા નથી લેવા તેમ કહી દુકાનમાંથી નીકળી ગયા હતાં. દરમિયાન વેપારીએ શિક્ષિકાને કહ્યું હતું કે તમને શું પ્રોબ્લેમ છે. તે વાત કરતા મહિલાએ વેપારીને કહ્યું હતું કે તમે બિલમાં વધારે ભાવ લગાડ્યો છે જેથી મારે કપડા નથી લેવા. તેમ વાત કરતા કાઉન્ટરે હાજર વેપારીએ કહ્યું હતું કે, તમને શરમ નથી આવતી, અમારો એક કલાકનો સમય બગાડ્યો.જેથી મહિલાના પતિએ વેપારીને કહ્યું હતું કે, તમે ગ્રાહક સાથે આવી રીતે વાત ન કરી શકો.બાદમાં અહીંથી નીકળી ગયા હતાં. જેથી વેપારીએ કહ્યું હતું કે, લુખ્ખીના ઘરેજ રહેતા હોય તો તમારે કપડા લેવા અવાય જ નહીં તેમ કહ્યા બાદ વેપારી સ્ટીલનો પાઈપ લઈને મારવા દોડયો હતો. મહિલાના પતિએ પણ સ્વબચાવમાં શેરીમાં પડેલ ઈંટનો કટકો હાથમાં ઉપાડતા વેપારી પાસેથી તેમના સ્ટાફે પાઈપ લઈ લેતા વેપારીએ અહીં આવી મહિલાના પતિ સાથે મારામારી કરવા લાગ્યો હતો. મહિલા વચ્ચે પડતા વેપારીએ તેમને ધક્કો મારતા હાથના અંગુઠામાં તથા બન્ને પગમાં ઈજા થઈ હતી. દરમિયાન દુકાનમાં કામ કરનાર મહિલા પણ આવી ઝઘડો કરવા લાગી હતી. વેપારીએ ફોન કરી તેમના ભાઈને બોલાવતા થોડીવારમાં તેનો ભાઈ આવી ગયો હતો. મહિલાના પતિ સાથે મારામારી કરવા લાગ્યો હતો. વેપારીના ભાઈએ રાહુલભાઈ તથા પાયલબેન સાથે પણ મારામારી કરી પાયલબેનનો કાંઠલો પડકી લીધો હતો. દરમિયાન મહિલાનો સાત વર્ષનો પુત્ર ધ્વનીત વચ્ચે પડતા વેપારીના ભાઈએ તેને લાફો મારી દીધો હતો. અને કહેવા લાગેલ કે તમને બધાને તો જોઈ લેવા છે.દરમિયાન ૧૧૨ આવી જતા ફરિયાદી તથા વેપારી તથા તેમના ભાઈને ભક્તિનગર પોલીસ સ્ટેશન લઈ ગયા હતાં. બાદમાં મહિલાએ આ ફરિયાદ નોંધાવી છે.

# સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટને ઝટકો: દુકાનનો ખાલી કબજો મેળવવા કરેલો દાવો ફગાવાયો

## જેતપુરના સારણ કાંઠા વિસ્તારમાં ભાડાની રકમ વધારવાના ઠરાવ સામે ભાડૂઆતોએ રેન્ટની તકરાર ઉઠાવી : ૮ ભાડૂતોએ ૨૦૨૩માં દાવા રદ કરવા અરજી કરી હતી

**અબતક,રાજકોટ**

જેતપુર સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટની માલિકીની દુકાનોનો ખાલી કબજો મેળવવા અંગે ટ્રસ્ટ દ્વારા કરાયેલો રેન્ટ એક્ટ હેઠળનો દાવો જેતપુર સિવિલ કોર્ટે રદ કર્યો છે.કેસની વિગત મુજબ જેતપુર સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટની સારણ કાંઠા વિસ્તારમાં માલિકીની દુકાનો ભાડાથી આપવામાં આવી હતી. ત્યારબાદ ટ્રસ્ટ દ્વારા ભાડાની રકમમાં વધારો કરતો ઠરાવ પસાર કરી તમામ ભાડૂતોને નોટિસ આપી હતી. જેની સામે ભાડૂઆતોએ રેન્ટની તકરાર ઉઠાવી જેતપુર સિવિલ કોર્ટમાં જુદી જુદી પિટિશનો ફાઈલ કરી હતી. સિવિલ કોર્ટે તે પિટિશનો નામંજૂર કરતા ભાડૂઆતોએ એડિશનલ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી, જે અપીલો પણ રદ થઈ હતી. આથી નારાજ થઈ તમામ ભાડૂઆતોએ હાઈકોર્ટમાં સેકન્ડ અપીલો દાખલ કરી હતી, જે સુનાવણીના અંતે હાઈકોર્ટે કોમન જજમેન્ટ આપી અપીલ નામંજૂર કરી હતી.

આ દરમિયાન સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી તરફથી સિવિલ કોર્ટમાં રેન્ટ એક્ટ હેઠળ દુકાનનો ખાલી કબજો મેળવવા અને ભાડાની રકમ વસૂલવા અંગે ભાડૂઆતો સામે દાવા કરાયા હતા. જેમાં ભાડૂઆત પૈકી ગિરીશભાઈ મનજીભાઈ સાવલીયા સહિત ૮ ભાડૂતએ તા.૭-૮-૨૦૨૩ ના રોજ ટ્રસ્ટની દાવા અરજી રદ કરવા અરજી કરી હતી.સુનાવણીના અંતે સિવિલ કોર્ટે હાઈકોર્ટે અગાઉ સેકન્ડ અપીલોમાં આપેલા કોમન જજમેન્ટમાં પ્રસ્થાપિત સિદ્ધાંત કે સને ૨૦૦૧ પછી ભાડે અપાયેલ મિલકતને રેન્ટ એક્ટ લાગુ પડે નહીં તે તારણને આધારે ભાડૂઆતો સામેના દાવાઓ નામંજૂર કરવાનો હુકમ કર્યો છે. આ કામમાં ભાડૂઆતો તરફથી જેતપુરના એડવોકેટ ડી.એમ. પટેલ, મયુર આર. વશા અને ડી.જે. ખુમાણ રોકાયા હતા.

# ભગવતીપરા, રામનગર અને સનાતન પાર્કમાં જુગારના દરોડા

## ૫૨ હજારની રોકડ સાથે ચાર મહિલા સહિત ૧૮ શખ્સની ધરપકડ

**અબતક, રાજકોટ**

સાતમ - આઠમના તહેવારો નજીક આવતા શહેરમાં ઠેર ઠેર જુગારના પાટલા મંડાયા છે ત્યારે શહેર પોલીસ સક્રિય બની જુગારીઓ પર તૂટી પડી છે. જેમાં ભગવતી પરામાં મકાનમાં, થોરાળા વિસ્તારના રામનગરમાં અને આજીડેમ નજીક આવેલા સનાતન પાર્કમાં જુગારના દરોડા પાડી જુગાર રમતી ચાર મહિલા સહિત ૧૮ પતા પ્રેમીને બાવન હજારની રોકડ સાથે ઝડપી લીધા છે.શહેરમાં દારૂ અને જુગાર સહિતની પ્રવૃત્તિઓને અંકુશમાં રાખવા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ આપેલી સૂચનાના પગલે શહેર પોલીસની ટીમે ત્રણ સ્થળે જુગારના દરોડા પાડ્યા છે. જેમાં બી ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, ભગવતી પરા શેરી નંબર ૨૨ માં રહેતો અલ્પેશ હરિભાઈ પરમાર નામનો શખ્સ તેના મકાનમાં જુગાર નો અખાડો ચલાવી રહ્યો છે. બી ડિવિઝન પોલીસની ટીમે દરોડો પાડી, જુગાર રમતો અલ્પેશ પરમાર સહિત જગદીશ કેશવજીભાઈ રાઠોડ, ઉમેશ દેવજીભાઈ મકવાણા, રમેશ મેઘજીભાઈ સોલંકી, પ્રવીણ ગોપાલભાઈ ચુડાસમા, વિજય મનસુખભાઈ શુકલ અને ભરત બચુભાઈ પરમાર નામના પતા પ્રેમી હોય ઝડપી લઈ , જુગારના પટમાંથી ૨૬ હજારની રોકડ કબ્જે કરી છે.જુગાર નો બીજો દરડો થોરાળા પોલીસની ટીમે રામનગર શેરી નંબર ૦૧ માં પાડી જાહેરમાં જુગાર રમતા આશિષ સુનીલભાઈ સોલંકી, નિલેશ મનસુખભાઈ સોલંકી, પ્રફુલ કિશનભાઈ સોલંકી અને મુકેશ અમરશીભાઈ ગોરસવા નામના શખ્સોને રૂ.૧૧ હજારની રોકડ સાથે ઝડપી લીધા છે. જુગારનો ત્રીજો દરોડો આજીડેમ પોલીસે સનાતન પાર્ક શેરી નંબર ૦૫, પીરવાડી પાસે પાડી , જાહેરમાં જુગાર રમતો વિશાલ ગોવિંદભાઈ ગોવિંદભાઈ કેસુર, નિલેશ વિનુભાઈ કડિયા, વિવેક ભગવાનજીભાઈ સોલંકી, સોનલબેન રાજુભાઈ કલેયા, કોમલબેન ધવલભાઈ રાદડિયા કિરણબેન મુકેશભાઈ સંચાણિયા અને અલકાબેન હસમુખભાઈ ટાંક ના પતા પ્રેમીઓને ઝડપી લઈ સુગરના પટમાંથી , પંદર હજારની રોકડ કબ્જે કરી છે.

### ભાવનગર લઠ્ઠાકાંડની શાહી સુકાઈ નથી ત્યાં

# જૂનાગઢ: નશામાં રહેલા યુવાનનું બેભાન હાલતમાં મોત

## દોઢ દિવસની સારવારમાં યુવકે દમ તોડ્યો: નશીલા પદાર્થના સેવનથી મૃત્યુ નિપજ્યાનું મૃતકના ભાઈનો આક્ષેપ સાથે તપાશની માંગ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢ શહેરનાં કડીયાવાડ વિસ્તારમાં રહેતા યુવાન છેલ્લા દોઢ દિવસ બેભાન હતો અને તેનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. મૃતક યુવાનનાં ભાઈએ નશાનાં કારણે યુવાનનું મૃત્યું થયાનો આક્ષેપ કરી તપાસની માંગણી કરી છે. આ સમગ્ર મુદે પોલીસે આકસ્મીક મોતનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ, જૂનાગઢનાં કડીયાવાડ વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષનાં આદિત્યનું મૃત્યું થયુ છે. આ મૃત્યુનાં બનાવ અંગે મૃતકનાં ભાઈનું કહેવું છે કે નશાનાં કારણે તેના ભાઈનું મૃત્યું થયુ છે. મૃતક યુવાન છેલ્લા પાંચ વર્ષથી ગાંજો, શીરપ સહિતનાં નશીલા પદાર્થોનું સેવન કરવાની ટેવ ધરાવતો હતો. પોલીસનાં નિવેદન અનુસાર મૃતક યુવાન વારંવાર ચીલમ, ગાંજો અને શીરપનો નશો કરતો હોવાની વિગતો સામે આવી છે. મૃતક યુવાન આદિત્યનું સીવીલ હોસ્પીટલમાં પીએમ કરવામાં આવ્યું છે. અને તબીબો દ્વારા રીપોર્ટ ફોરેન્સીક માટે મોકલવામાં આવ્યો છે. જેથી સ્પષ્ટ થઈ શકે યુવકે કયા પદાર્થનો નશો કર્યો હતો. આ સ્પષ્ટ થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળે છે.

દરમિયાન મૃતકનાં ભાઈ સાગર પરમારે જણાવ્યું હતુ કે, છેલ્લા દોઢ દિવસથી સતત નશાની હાલતમાં આદિત્ય બેભાન જેવો હતો. અને અચાનક તેની તબીયત વધુ લથડી હતી અને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી હતી. જેથી તેને તાત્કાલીક સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મૃત્યું થયુ હતું.

આ બનાવનાં અનુસંધાને પરિવારજનો દ્વારા આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, બજારમાં ખુલેઆમ ગાંજો અને અન્ય નશાકારક પદાર્થો વેચવામાં આવી રહયા છે. અને તેની સામે કડક કાર્યવાહી કરી અને સજજડ બંધ થવા જોઈએ. તેમજ પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ કરવાની માંગણી કરવામાં આવી છે.

ભાવનગરનાં લઠ્ઠાકાંડની ઘટના હજુ થોડા દિવસ પહેલા જ બની છે, ત્યારે જૂનાગઢમાં નશાના કારણે થયેલ એક યુવાનના મોતથી પોલીસ દ્વારા ઝીણવટ ભરી તપાસ હાથ ધરવામાં આવી છે.

# રેલનગરમાં ‘‘તું મને પોલીસમાં કેમ પકડાવે છે’’ કહી વેપારી પર ત્રણ શખસોએ કર્યો હુમલો

## મોબાઈલ એસેસરીઝના ધંધાર્થી જયેશ મેઠાણીને વિશાલ પૂજારાએ ફોન કરી નીચે બોલાવ્યો, બે મહિલા સાથે વાત કરતો હતો ત્યારે શાહરૂખ જુણેજા અને મોહિત તનીયા એક્સેસ પર આવી તૂટી પડ્યા

**અબતક, રાજકોટ**

શહેરમાં ખાખીનો ખોફ ઓસરીઓ હોય તેમ નાની નાની બાબતમાં મારામારીના બનાવો શેર બજારના સેન્સેક્સ ના ગ્રાફની જેમ વધી રહ્યો છે.રેલનગરમાં રહેતા વેપારી યુવાનને પોલીસને બાતમી આપ્યાની શંકા રાખી ત્રણ શખસોએ ધોકા-પાઈપ વડે બેરહેમીથી માર માર્યો હતો. આ અંગે યુવાને પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે શહેરના રેલ નગર વિસ્તારમાં આવેલ શિવાલય ચોક પાસે સંકલ્પ સિધ્ધ એપાર્ટમેન્ટમાં રહેતા જયેશભાઈ ઉર્ફે જેકી જગદીશભાઈ મેઠાણી નામના મોબાઈલ એસેસરીઝનો વેપારીને શાહરૂખ સીરાજભાઈ જુણેજા (રહે. રેલનગર બાલાજી પાર્ક), મોહિત તનીયાએ પોલીસમાં બાતમી આપીયાની શંકાએ માર માર્યા હોવાની પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ ગઈ તા.૨૪/૦૮/૨૦૨૬ના રોજ રાત્રે સાડા અગિયાર વાગ્યાની આસપાસ તે ઘરે હતો ત્યારે વિશાલ પૂજારાનો ફોન આવ્યો હતો. વિશાલે કહ્યું હતું કે, તું તારા ઘર નીચે આવ, આપણે મળ્યા નથી તો ઘર પાસે મળીએ. જેથી યુવાન ફ્લેટની નીચે ગયો હતો. બે-પાંચ મિનિટમાં વિશાલ ઘર પાસે આવી ગયો હતો અને તેની સાથે કોઈ મહિલાઓ હતી. એપાર્ટમેન્ટની નીચે ઉભા રહીને તેઓ વાતચીત કરતા હતા.દરમિયાન થોડીવારમાં એક્સેસમાં શાહરૂખ સીરાજભાઈ જુણેજા તથા મોહિત તનીયા બંને આવ્યા હતા. શાહરૂખ અને મોહિતે યુવાનને ગાળો આપી હતી. શાહરૂખે કહ્યું હતું કે, તું મને પોલીસમાં કેમ પકડાવે છે, તેમ કહી ધોકા વડે શરીરે અને માથામાં માર મારવા લાગ્યો હતો. તેની સાથે રહેલ મોહિતે પણ પાઈપથી માર માર્યો હતો. વિશાલે યુવાનને પકડી રાખ્યો હતો અને શાહરૂખ તથા મોહિત આડેધડ મારતા હતા. શાહરૂખે યુવાનને પ્રાઈવેટ પાર્ટમાં પણ પાટા માર્યા હતા.બૂમાબૂમ થતા યુવાનની પત્ની ક્રિષ્ના ફ્લેટમાંથી નીચે દોડી આવી હતી. ત્યારે શાહરૂખે કહ્યું હતું કે, અત્યારે તારા ઘરના આવી ગયા એટલે તું બચી ગયો, હવે તું ગમે ત્યાં રસ્તામાં ભેગો થઈશ ત્યારે હું તને મારી જ નાખીશ તેવી ધમકી આપી નાસી ગયા હતા.હુમલામાં યુવાનને માથા, શરીર અને ગુપ્ત ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર લીધી હતી. બાદમાં પ્રદ્યુમનનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપીઓ સામે મારામારી, ગાળાગાળી અને ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ત્રણેયની શોધખોળ હાથ ધરી છે. રેલનગર વિસ્તારમાં અગાઉ પણ આવા ગુનાહિત તત્વોના ત્રાસની ફરિયાદો ઉઠી છે ત્યારે પોલીસ પેટ્રોલિંગ વધારવા સ્થાનિકોએ માંગ કરી છે.

# થોરાળાની સગીરાને પ્રેમજાળમાં ફસાવી નરાધમે ઓફિસમાં દુષ્કર્મ આચર્યું

## ભોમેશ્વરના અમૃત ઉર્ફે સની બેલમ સાથે પરિચય થયો, ‘‘કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ‘‘ કહી ધમકી આપી હવસ નો શિકાર બનાવી

**અબતક, રાજકોટ**

શહેરમાં વધુ એક સગીરા સાથે દુષ્કર્મની ચકચારી ઘટના પ્રકાશમાં આવી છે. માતા સાથે કેટરર્સમાં કામ કરતી ૧૫ વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી નરાધમે જ્યુબિલી ચોક પાસે આવેલી ઓફિસમાં લઈ જઈ ચાર વખત દુષ્કર્મ આચર્યાની માતાએ ફરિયાદ નોંધાવતા થોરાળા પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના થોરાળા વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષીય સગીરા પોતાની માતા સાથે કેટરર્સમાં કામ કરવા જતી હોય છે. તે દરમિયાન સાથે કામ કરતા ભોમેશ્વર મહાદેવ મંદિર વાળી શેરીમાં રહેતા અમૃત ઉર્ફે સની જયંતીભાઈ બેલમ સાથે તેનો પરિચય થયો હતો. કામ દરમિયાન થયેલા પરિચય બાદ બંને વચ્ચે મોબાઈલ નંબરની આપ-લે થઈ હતી અને બંને ફોન પર વાતો કરતા થયા હતા.

આરોપીએ સગીરાની ઉંમર નાની હોવાનું જાણવા છતાં તેને પ્રેમજાળમાં ફસાવી હતી. બાદમાં અલગ-અલગ બહાને તેને પોતાના વાહનમાં બેસાડી જ્યુબિલી ચોક પાસે આવેલ બિલ્ડિંગમાં આવેલી પોતાની ઓફિસમાં લઈ જતો હતો. ઓફિસમાં એકાંતનો લાભ લઈ આરોપીએ સગીરા સાથે ચાર વખત દુષ્કર્મ આચર્યું હતું.દુષ્કર્મ બાદ આરોપી અમૃત ઉર્ફે સનીએ સગીરાને ધમકી આપી હતી કે જો આ વાત કોઈને કહીશ તો તને જાનથી મારી નાખીશ. આ ધમકીથી ગભરાયેલી સગીરા ડરી ગઈ હતી અને કોઈને વાત કરી શકી ન હતી. જોકે, સતત ડરમાં રહેતી દીકરીની હાલત જોઈ માતાએ પૂછપરછ કરતા સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટ્યો હતોપરિવારને જાણ થતા સગીરાની માતાએ તાત્કાલિક થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે થોરાળા પોલીસે આરોપી અમૃત ઉર્ફે સની બેલમ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની દુષ્કર્મની કલમો અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ સોંઢા દ્વારા આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે સગીરાને મેડિકલ તપાસ માટે સિવિલ હોસ્પિટલ ખસેડી છે અને આરોપીની ઓફિસ સહિતના સ્થળોનું પંચનામું કરવાની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ પણ પોલીસે શરૂ કરી છે.

# થોરાળામાં અગમ્ય કારણોસર વૃદ્ધાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું

## પોલીસે વધુ તપાસ હાથ ધરી : આપઘાતનું કારણ અકબંધ, પરિવાર માં ગમગીની છવાઈ

**અબતક, રાજકોટ**

શહેરના નવા થોરાળા વિનોદનગરમાં રહેતા વૃદ્ધાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ ને જાણ કરતા તબીબે ઘટના સ્થળ પર વૃદ્ધા ને મૃત જાહેર કરતા થોરાળા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે આ અંગે મળતી માહિતી મુજબ શહેરના નવા થોરાળા વિસ્તારમાં વિનોદ નગર ફઈવાળો ચોકમાં રહેતા જીવુબેન ઘેલાભાઈ મહાલીયા ઉંમર વર્ષ ૭૯ વર્ષીય વૃદ્ધાએ ગઈ કાલે પોતાના ઘરે હતા ત્યારે અગમ્ય કારણોસર ઘરે ફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ ને જાણ કરતા તબીબે ઘટના સ્થળ પર જ વૃદ્ધાને મૃત જાહેર કરતા થોરાળા પોલીસ સ્ટેશન નો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ મળશે ખસેડવામાં આવ્યો હતો આ અંગે વૃદ્ધાના આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે વૃદ્ધાના મોત થી પરિવારમાં ગમગીની છવાઈ હતી થોરાળા પોલીસ મથકના એ.એસ.આઈ કરમશીભાઈ પાલળીયા વધુ તપાસ હાથ ધરી.

# જિલ્લામાં જુગારના ૬ દરોડામાં ૯ મહિલા સહિત ૫૧ શખ્સોની ધરપકડ

## ભાયાવદર, ધોરાજી, જસદણ, જેતપુર, પાટણવાવ અને શાપરમાં જુગારની મહેફીલમાં ભંગ પાડતી પોલીસ : ૩.૯૪ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ઠેર ઠેર જુગારના પટ્ટ મંડાયા છે. જેના પર પોલીસે દરોડા પાડી ૬ સ્થળોએ જુગાર રમતા ૯ મહિલા સહિત ૫૧ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં ભાયાવદર, ધોરાજી, જસદણ, જેતપુર, પાટણવાવ અને શાપરમાં જુગારની મહેફીલમાં ભંગ પાડી ૩.૯૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.



વધુ વિગત મુજબ સાતમ-આઠમના પર્વ પૂર્વે જિલ્લામાં ઠેર ઠેર જુગાર રમાતો હોવાની રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરને ધ્યાને આવતા આ બદીને કડક હાથે ડામી દેવા આપેલી સુચનાને પગલે પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે શાપર-વેરાવળ વિસ્તારમાં આવેલ જુગાર રમાતો હોવાની બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા રાજેશ કિશોર પ્રતાપ, રાજેશ કુમાર શંકર યાદવ, રોહિત ધર્મેન્દ્ર શાહુ, સુરજ કમલ કિશોર શર્મા, અજય શિવકુમાર શાહુ, બીરજુ પ્રસાદ, અમરજીત પંડીતની ધરપકડ કરી જુગારના પટ્ટમાંથી ૧૩,૨૬૦ રોકડા કબ્જે કર્યા છે. જ્યારે ભાયાવદર ખિજડા શેરીમાં જાહેરમાં જુગારરમતો મુકેશ બાબુ પરસાણીયા, મેહુલ વિનોદ પરસાણીયા, નિર્મલાબેન પરસાણીયા, સરોજબેન માકડિયા, લલીતાબેન રાડિયા, સોભનાબેન પાનસુરિયા, અસ્મીતાબેન ફળદુ, પારસબેન પરબતભાઈ ચાવડા, સરોજબેન નટુભાઈ માકડિયા, વર્ષાબેન નવીનભાઈ પરસાણીયા અને જયાબેન પરસોત્તમભાઈ પરસાણીયાની ધરપકડ કરી ૨૧,૧૩૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જ્યારે ધોરાજી રામ પરા સાપાધાર પાસે જાહેરમાં જુગાર રમતા વિપુલ જાદવ વરુ, મનોજ જીણા ડાભી, જયેશ બાબુ મેણિયા, સંજય જીણા ડાભી, ભલા કાના કોડિયા અને ઘોઘા બોદા ટોળિયાની ધરપકડ કરી જુગારના પટ્ટમાંથી ૧૫,૭૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ઉપરાંત જસદણ, વિછિયા રોડ પર આવેલ ૬૬ કેવી સપ્ટેશન પાસે જુગાર રમતા બાબુ મુળજી ચાવડા, વિશાલ ચના સિરોડિયા, રવિ મનીષ વાઘેલા, કેતન રાજેશ વિસાણી, જયરાજ છગન પરમાર, સેજાન સલીમ સૈયદ અને દિવ્યેશ ઉર્ફે દર્શન અશોક ચાવની ધરપકડ કરી રોકડ, મોબાઈલ અને વાહન મળી ૩.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જ્યારે જેતપુર તાલુકાના ખજુરી ગુંદાળા ગામે તાલુકા પોલીસે દરોડો પાડી જુગાર રમતા મુકેશ પાલા મકવાણા, કમલેશ પીઠા મકવાણા, કાળુ કાના મકવાણા, કમલેશ બાબુ મકવાણા, બાબુ ભલા મકવાણા, સુમિત જેન્તી મકવાણા, કિશન પ્રેમજી મકવાણા, જયેશ પ્રેમજી મકવાણા, શામજી પુના મકવાણા, દિલીપ ભીમજી મકવાણા, અજય પ્રેમજી મકવાણા, મેહુલ મનસુખ મકવાણા, દિનેશ છગન મકવાણા, રવજી ડાયા મકવાણા, આંબા ભલા મકવાણા અને કાળુ ભલા મકવાણાની ધરપકડ કરી જુગારના પટ્ટમાંથી ૧૫,૪૭૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ઉપરાંત પાટણવાવ જાહેરમાં જુગાર રમતા રામા મોહન રાવળ, પ્રધાનજી બબાજી ઠાકોર, ભરત વીરસીંગ ઠાકોર અને નરેશ ઠાકોરની ધરપકડ કરી ૧૧૫૦નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોટડાસાંગાણીના વડિયા ગામે બંધ મકાનમાંથી રૂ.૭.૮૨ લાખની ચોરી

## વૃદ્ધ દંપતી પુત્રના ઘરે રોકાવા જતા તસ્કરો ત્રાટક્યા, સોના-ચાંદીના ઘરેણાં, જૂના ચલણી સિક્કા અને રોકડ ઉસેડી ગયા: પોલીસ ડોગ સ્ક્વોડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાતો સાથે દોડી, તસ્કરોનું પગેરું

**અબતક,રાજકોટ**

કોટડા સાંગાણીના વડિયા ગામે રહેતા વૃદ્ધ દંપતી રાજકોટ રહેતા પુત્રના ઘરે રોકાવા ગયા બાદ પરત ઘરે આવતા ચોરી થયાનું માલુમ પડ્યું હતું. તસ્કરોએ બંધ મકાને નિશાન બનાવી અહીંથી સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ રકમ સહિત રૂ. ૭.૮૨ લાખની મત્તા ચોરી કરી ગયા હતા. કોટડા સાંગાણી પોલીસ સ્ટાફ ડોગ સ્કોડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાતો સાથે દોડી જાય તસ્કરોનું દબાવ્યું છે.

ચોરીના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, કોટડા સાંગાણી તાલુકાના વડિયા ગામે શિવ મંદિર પાસે રહેતા પ્રવિણસિંહ મંગળસિંહ જાડેજા (ઉ.વ.૭૦) નામના વૃદ્ધના બંધ મકાનમાં તાળા તોડી તસ્કરોએ રૂપિયા ૭.૮૨ લાખની માતા ચોરી કરી ગયા અંગેની કોટડા સાંગાણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે પત્ની સાથે નિવૃત્તિનું જીવન પસાર કરે છે. સંતાનમાં બે પુત્ર છે. જેમાં મોટો પુત્ર દિગ્વિજયસિંહ ગોંડલ અને નાનો પુત્ર યુવરાજસિંહ રાજકોટ રહે છે.

પ્રવિણસિંહ ગઈ તા. ૧૮-૮-૨૦૨૬ ના સાંજના સાતેક વાગ્યે આસપાસ તે તથા તેમના પત્ની રાજકોટ રહેતા નાના પુત્ર યુવરાજસિંહના ઘરે રોકાવા માટે ગયા હતા. બાદમાં તારીખ ૨૫-૮- ૨૦૨૬ ના સાંજના આઠેક વાગ્યે અને ઘરે પરત ફરતા દરવાજો ખોલવા જતા નકુચો તૂટેલો હતો અને દરવાજામાં મારેલું તાળુ પણ જોવા મળ્યું ન હતું. ત્યારબાદ ઘરમાં તપાસ કરતા સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. કબાટમાં તિજોરીનું ખાનું પણ ખુલ્લું હોય અને બધી વસ્તુઓ વેરવિખેર હાલતમાં પડી હોય ચોરી થયા અને માલુમ પડ્યું હતું.ઘરમાં તપાસ કરતા કબાટમાં તિજોરીમાંથી સોનાના ઘરેણા ૧૨.૫ તોલા કિંમત રૂપિયા ૬.૬૨ લાખ તથા ચાંદીની નાનીમોટી ચીજ વસ્તુ ૯૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૬૦,૦૦૦, જુના ચલણી સિક્કા તથા રોકડ રૂપિયા ૫૮,૦૦૦ મળી કુલ રૂપિયા ૭,૮૨,૫૦૦ ની મત્તા તસ્કરો બંધ મકાનને નિશાન બનાવી ચોરી કરી ગયા હોવાનું માલુમ પડ્યું હતું. જેથી આ અંગે ફરિયાદ નોંધાવતા કોટડા સાંગાણી પોલીસે ગુનો નોંધી બંધ મકાનને નિશાન બનાવનાર તસ્કરોનુ પગેરૂ દબાવ્યું છે .

# બીજી ટેસ્ટમાં શ્રીલંકાનો જબરજસ્ત સંઘર્ષ : ભારતના બોલરો 'વામણા' સાબિત થયા

## સોનલ દીરૂપાની આગેવાની નીચે પુછડીયાની જબરદસ્ત ઈનીંગે બીજી ટેસ્ટમાં ભારતની જીત મુશ્કેલ કરી


અબતક, રાજકોટ

કોલંબો ખાતે રમાઈ રહેલી ટેસ્ટ મેચમાં પ્રથમ ઈનિંગ્સમાં ફોલોઓન થયા બાદ શ્રીલંકાની ટીમે બીજી ઈનિંગ્સમાં અદ્ભુત પુનરાગમન કરીને ભારતીય બોલરો સામે મજબૂત વળતી લડત આપી છે. યુવા બેટ્સમેન સોનલ દિનુષાની સંયમપૂર્ણ અને શાનદાર બેટિંગના આધારે શ્રીલંકાએ પોતાની બીજી ઈનિંગ્સમાં ૧૭૦ રનથી વધુની લીડ મેળવી લીધી છે, જેના કારણે ભારત માટે આ મેચ જીતવી હવે મુશ્કેલ અને સંઘર્ષપૂર્ણ બની ગઈ છે.ભારે દબાણ વચ્ચે ક્રિઝ પર આવેલા સોનલ દિનુષાએ ભારતીય



સ્પિનરોનો અત્યંત સજાગતાથી સામનો કર્યો. તેણે એક છેડો સાચવી રાખીને મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી અને શ્રીલંકાને હારના મુખમાંથી બહાર કાઢવામાં મુખ્ય ભૂમિકા ભજવી.પ્રથમ ઈનિંગ્સમાં શાનદાર પ્રદર્શન કરનાર ભારતીય બોલરો બીજી ઈનિંગ્સમાં વિકેટો ઝડપવા માટે મથામણ કરતા જોવા મળ્યા. પીચ ધીમી થતાં બેટ્સમેનોને આઉટ કરવા ભારત માટે પડકારજનક બન્યું હતું.ફોલોઓન મળ્યા બાદ શ્રીલંકાએ સત્ર દર સત્ર રમત સુધારતા રક્ષણાત્મક વલણ અપનાવ્યું અને ભારતને બેકફૂટ પર ધકેલી દીધું.શ્રીલંકાએ મેળવેલી આ લીડ બાદ હવે મેચનું પરિણામ ગમે તે તરફ ઢળી શકે છે. જો ભારત શ્રીલંકાની બાકીની વિકેટો ઝડપથી નહીં ઝડપે, તો ચોથી ઈનિંગ્સમાં લક્ષ્યાંક ચેઝ કરવો ભારતીય બેટ્સમેનો માટે ખૂબ જ કસોટીપૂર્ણ સાબિત થશે.હવે ભારતીય બોલરો શ્રીલંકાને ઓલઆઉટ કરી દે છે અને મળેલા લક્ષ્યાંકને ઝડપથી ચેઝ કરી લે છે, તો ભારત કોલંબો ટેસ્ટ જીતીને શ્રેણી પોતાના નામે કરી લેશે.વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની દ્રષ્ટિએ ભારત માટે આ ટેસ્ટ જીતવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ જીત ભારતને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ સ્ટેન્ડિંગમાં ટોપ ૪માં સ્થાન અપાવશે. શ્રીલંકા સામેની ૨ મેચની સિરીઝમાં ભારત ૧-૦થી આગળ છે.પહેલી મેચમાં ભારતને થોડું નસીબ મળ્યું, કારણ કે તેઓ પાંચમા દિવસે જીત્યા હતા, અને જીતની થોડી મિનિટ પછી ગોલમાં વરસાદ શરૂ થયો. વરસાદ ખૂબ જ વધારે હતો. જો શ્રીલંકાની એક પણ વિકેટ બાકી હોત, તો ટેસ્ટ ડ્રો થઈ હોત, કારણ કે તે પછી મેચ ફરી શરૂ થઈ શકી ન હોત.

### જાડેજાએ ટેસ્ટ મેચોમાં સૌથી વધુ ૮૮ નો-બોલ ફેંક્યા



રવિન્દ્ર જાડેજાએ ૨૦૨૧ થી ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ નો-બોલ ફેંક્યા છે. તેને અત્યાર સુધીમાં ૮૮ નો-બોલ ફેંક્યા છે. તે આ લિસ્ટમાં ટોપ પર છે. પાકિસ્તાનનો નોમાન અલી ૪૦ નો-બોલ સાથે બીજા નંબરે છે. લસિથ એમ્બુલડેનિયા ૩૩ નો-બોલ સાથે લિસ્ટમાં ત્રીજા નંબરે છે, જ્યારે જેક લીચ ૧૯ નો-બોલ સાથે ચોથા નંબરે છે. જોમેલ વોરિકન ૨૦૨૧ થી ટેસ્ટ ક્રિકેટમાં ૧૭ નો-બોલ સાથે પાંચમાં નંબરે છે.શ્રીલંકા સામેની બીજી ટેસ્ટમાં રવિન્દ્ર જાડેજા સારો દેખાવ કરવામાં નિષ્ફળ ગયો. તેને પહેલી ઈનિંગમાં ૨૦ ઓવર ફેંકી, ૪૫ રન આપીને ૧ વિકેટ લીધી. તેને ૩ નો-બોલ પણ ફેંક્યા. બીજી ઈનિંગમાં તેને ચોથા દિવસની રમત પૂરી કરી ત્યારે ૧૮ ઓવરમાં ૪૮ રન આપીને ૧ વિકેટ લીધી. રવિન્દ્ર જાડેજા બંને ઈનિંગમાં પોતાનો સ્પિન બોલિંગનો જાદુ બતાવવામાં નિષ્ફળ ગયો.

# આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં મોટો ફેરબદલ! બુમરાહ પાસેથી છીનવાયો તાજ, મિચેલ સ્ટાર્ક નંબર ૧

### બેટિંગમાં ઈંગ્લેન્ડના હેરી બ્રૂક ટોચ પર, ઋષભ પંત ૭મા સ્થાને પહોંચી ટોપ ૧૦માં સ્થાન મેળવ્યું: ઓલરાઉન્ડરમાં રવિન્દ્ર જાડેજાનું વર્ચસ્વ અકબંધ રહ્યું



અબતક, રાજકોટ

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની ટેસ્ટ રેન્કિંગમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. ઓસ્ટ્રેલિયાના અનુભવી ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે શાનદાર પ્રદર્શન કરીને વિશ્વના નંબર-૧ ટેસ્ટ બોલર બનવાનું ગૌરવ મેળવ્યું છે, જ્યારે ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ હવે ટોચના સ્થાનેથી નીચે ખસી ગયો છે. બાંગ્લાદેશ સામેની ટેસ્ટ મેચમાં ૧૦ વિકેટ લઈને સ્ટાર્કે કારકિર્દીમાં પહેલીવાર આ સ્થાન હાંસલ કર્યું છે.

ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્ક પોતાના ૧૫ વર્ષના લાંબા ટેસ્ટ કરિયરમાં ટોપ ૧૦ બોલરોમાં સામેલ રહ્યા છે, પરંતુ ક્યારેય નંબર ૧ બની શક્યા નહોતા. તાજેતરમાં ૨ સ્થાનની છલાંગ લગાવીને તેઓ ટોચ પર પહોંચ્યા છે. બીજી તરફ, ભારતના જસપ્રીત બુમરાહ ફેબ્રુઆરી ૨૦૨૪થી લગભગ ૨ વર્ષ સુધી મોટાભાગે નંબર ૧ના સ્થાન પર રહ્યા હતા, પરંતુ શ્રીલંકા સામેની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ શ્રેણીમાં ન રમવાના કારણે અને સ્ટાર્કના દમદાર ફોર્મના લીધે તેઓ હવે બીજા સ્થાને આવી ગયા છે. આ સાથે જ ન્યુઝીલેન્ડના મેટ હેનરી પણ એક સ્થાન નીચે ઉતરીને ત્રીજા સ્થાને પહોંચી ગયા છે.

ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટન પેટ કમિન્સ બાંગ્લાદેશ સામે ૬ વિકેટ ઝડપીને એક સ્થાનના ફાયદા સાથે ચોથા નંબર પર પહોંચી ગયા છે. આ ઉપરાંત, અનુભવી સ્પિનર નાથન લિયોનને પણ ૨ સ્થાનનો લાભ થયો છે અને તેઓ હવે ફરીથી ટોપ ૧૦ બોલરોમાં સામેલ થઈ ગયા છે.

પાકિસ્તાન સામે રમાયેલી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડ તરફથી ઓલી રોબિન્સન અને જોશ ટંગની જોડીએ મળીને ૧૬ વિકેટ ઝડપી હતી. આ જબરદસ્ત પ્રદર્શનના દમ પર રોબિન્સન ૧૫ સ્થાન આગળ વધીને ૧૧મા નંબર પર આવી ગયા છે, જ્યારે ટંગે ૧૬ સ્થાનની છલાંગ લગાવીને ૧૭મું સ્થાન હાંસલ કરી લીધું છે.

# એશિયન ગેમ્સમાં ભારતનું અભિયાન ૨૮મી સપ્ટેમ્બરથી શરૂ થશે

### એશિયન ગેમ્સ ક્રિકેટ વિમેન્સ ટીમ ૧૮મી સપ્ટેમ્બરે યજમાન જાપાન સામે રમશે

અબતક, રાજકોટ

ભારતીય મેન્સ ક્રિકેટ ટીમ ૨૮મી સપ્ટેમ્બરે જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે જ્યારે વિમેન્સ ટીમ ૧૮મી સપ્ટેમ્બરે જાપાન સામે તેમની પ્રથમ મેચ રમશે. ભારતની બંને મેન્સ અને વિમેન્સ ટીમને ક્રમાંકમાં પ્રાધાન્ય મળ્યું હોવાથી તેઓ સીધા ક્વાર્ટર ફાઈનલથી જ પોતાના અભિયાનની શરૂઆત કરશે. નાગોયા નજીક કોરોગી એથ્લેટિક પાર્ક ખાતે યોજાનારી એશિયન ગેમ્સની ક્રિકેટની ઈવેન્ટમાં ચીનમાં યોજાયેલી ગત આવૃત્તિમાં તમામ ગોલ્ડ મેડલ જીત્યા બાદ શ્રેયસ ઐયરની આગેવાની હેઠળની મેન્સ ટીમ અને હરમનપ્રિત કૌરની આગેવાની હેઠળની વિમેન્સ ક્રિકેટ ટીમ ગોલ્ડ મેડલ માટે પ્રબળ દાવેદાર છે. મહિલા ડ્રોમાં ભારતની ક્વાર્ટર ફાઈનલના હરીફ અગાઉથી જ નક્કી થઈ ગયા છે, જ્યારે મેન્સ ટીમ ગ્રુપ એમાં બીજા ક્રમે રહેનારી ટીમ સામે ટકરાશે. આ ગ્રૂપમાં અફઘાનિસ્તાન, જાપાન અને નેપાળ સામેલ છે. મહિલા વર્ગની ફાઈનલ ૨૨મી સપ્ટેમ્બરે અને પુરુષ વર્ગની ફાઈનલ ત્રીજી ઓક્ટોબરે રમાશે. મેન્સ ક્રિકેટ ઈવેન્ટમાં ક્રમાંકિત ટીમોમાં ભારત, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને શ્રીલંકાનો સમાવેશ થાય છે, જ્યારે મહિલા ક્રમાંકમાં ભારત સહિત માત્ર આઠ ટીમ છે.



### ટ્રોલરની વાત પર વર્લ્ડ ચેમ્પિયન ગુકેશની ગુગલી: ''સોરી ભાઈ, હું તો રિટાયર થઈ ગયો!''

અબતક, રાજકોટ

ભારતના વર્લ્ડ ચેસ ચેમ્પિયન ડી ગુકેશ સોશિયલ મીડિયા પર પોતાની વિરુદ્ધ ટિપ્પણી કરનાર એક ટ્રોલરને ખૂબ જ રમુજી સ્ટાઈલમાં જવાબ આપીને નેટીઝન્સના દિલ જીતી લીધા છે. આ ઘટના ત્યારે બની જ્યારે ઈન્સ્ટાગ્રામ પર એક યુઝરે ગૌકેશને મેસેજ કરીને કહ્યું કે, ''હવે નિવૃત્ત થવાનો સમય આવી ગયો છે ભાઈ''. ટ્રોલનો જવાબ શાંતિથી આપતા ગૌકેશે લખ્યું, ''થેંક્યુ ભાઈ''. પરંતુ વાર્તામાં વળાંક ત્યારે આવ્યો જ્યારે એ જ યુઝરે થોડી વાર પછી પોતાનો ટોન બદલીને ગૌકેશને ચેસની એક મેચ રમવા માટે પૂછ્યું.છેલ્લા કેટલાક સમયથી ફોર્મ અને પરિણામોને લઈને ટીકાઓનો સામનો કરી રહેલા ગૌકેશે જે રીતે સોશિયલ મીડિયા નેગેટિવિટીને હળવાશથી લીધી, તેના ચાહકો ખૂબ વખાણ કરી રહ્યા છે. પોતાની આગામી વર્લ્ડ ચેમ્પિયનશિપ ટાઈટલ ડિફેન્સની તૈયારીઓ વચ્ચે ગૌકેશનો આ કૂલ અંદાજ વાયરલ થઈ રહ્યો છે.



# દુલીપ ટ્રોફીમાં વેસ્ટ ઝોનને હરાવીને નોર્થ સેમિફાઈનલમાં

### વેસ્ટ ઝોન સામે નોર્થનો બાવન રનથી વિજય, સાઉથ સામે આગામી મુકાબલો

અબતક, રાજકોટ

લેફ્ટ આર્મ સ્પિનરો આબિદ મુશ્તાક અને નિશાંત સિંધુએ વેસ્ટ ઝોનની નીચલા ક્રમાંકની વિકેટો ઝડપવામાં માત્ર ૬.૩ ઓવરનો સમય લીધો હતો. આ સાથે જ નોર્થ ઝોને છેલ્લા દિવસના પ્રથમ કલાકમાં જ બાવન રને શાનદાર વિજય મેળવીને દુલીપ ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. જ્યાં તેનો મુકાબલો સાઉથ ઝોન સામે થશે. સ્પિનરને યારી આપતી પિચ પર ૨૮૭ રનના મુશ્કેલ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી વેસ્ટ ઝોનની ટીમે



અંતિમ દિવસે સાત વિકેટે ૨૨૦ રનથી આગળ રમવાનું શરૂ કર્યું હતું. તે સમયે ઉર્વિલ પટેલ (૨૫) અને ભરોસાપાત્ર તનુષ કોટિયાન (૦૦) ક્રિઝ પર હતા પરંતુ સમગ્ર ટીમ ૫૭.૩ ઓવરમાં ૨૩૪ રનમાં આઉટ થઈ ગઈ હતી.આબિદ મુશ્તાકે ૨૨ ઓવરમાં ૬૦ રનમાં ચાર વિકેટ લીધી હતી. તેણે શરૂઆતમાં જ કોટિયાનને બોલ્ડ કરીને વિકેટ પડવાનો સિલસિલો શરૂ કર્યો હતો અને ત્યારબાદ તુષાર દેશપાંડે (૦૫)ની વિકેટ ઝડપી હતી, જેણે ૧૮ બોલ સુધી પ્રતિકાર કર્યા બાદ અબ્દુલ સમદના હાથે કેચ આપ્યો હતો. જોકે, મેચમાં બીજી વાર પાંચ વિકેટ ઝડપવાની આબિદ મુશ્તાકની આશા પૂરી ન થઈ શકી કેમ કે સિંધુએ ઉર્વિલને લેગબિફોર કરીને ઈનિંગ્સનો અંત આણ્યો હતો.૨૯ વર્ષીય આબિદ મુશ્તાકને મેચમાં ૯૯ રન આપીને નવ વિકેટ ઝડપવાના શ્રેષ્ઠ પ્રદર્શન માટે 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. આ મેચનો ટર્નિંગ પોઈન્ટ નિશ્ચિતપણે વેસ્ટ ઝોનના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૭૦ બોલમાં ૬૬ રન)નું રનઆઉટ થવું રહ્યું, જેણે મુશીર ખાન (૯૬) સાથે ૧૧૧ રનની મજબૂત ભાગીદારી નોંધાવી હતી. તે સમયે વેસ્ટ ઝોન ૨૮૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ત્રણ વિકેટે ૧૯૫ રનના સ્કોર સાથે મજબૂત સ્થિતિમાં હતું અને જીત આસાન જણાતી હતી.


### ૯૦ ટકા ફિટ બાબર આઝમ રમાડવાની પાકિસ્તાનની મજબૂરી કે ઉતાવળ?

# બીજી ટેસ્ટ પહેલાં બાબર આઝમે સ્વીકાર્યું કે તે ૧૦૦ ટકા ફિટ નથી

### બાબર આઝમ બીજી ટેસ્ટમાં માત્ર રમશે જ નહીં, પરંતુ કેપ્ટનશિપ પણ કરશે, લોર્ડ્સમાં બાબર આઝમનો રેકોર્ડ શાનદાર

### જો જીતશો નહીં, તો ફેન્સનો સપોર્ટ ગુમાવી દેશો: રમીઝ રાજા

પાકિસ્તાન ક્રિકેટ ટીમના સતત ખરાબ પ્રદર્શન અને ટેસ્ટ ક્રિકેટમાં મળી રહેલી નિષ્ફળતાઓ વચ્ચે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ કેપ્ટન રમીઝ રાજાએ ટીમ અને બોર્ડને ગંભીર ચેતવણી આપી છે. રમીઝ રાજાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે જો ટીમ જીતવાના રસ્તે પાછી નહીં આવે, તો ફેન્સનો ટેકો હંમેશા માટે ગુમાવવો પડશે.રમીઝ રાજાએ ભારપૂર્વક કહ્યું કે ફેન્સને ટીમ સાથે જોડાયેલા રાખવા માટે બોર્ડ અને ખેલાડીઓએ તેમને જીતના કારણો આપવા પડશે. સતત પરાજયથી ચાહકોનો ઉત્સાહ અને વિશ્વાસ તૂટી રહ્યો છે.ટેસ્ટ ક્રિકેટમાં માત્ર બચાવત્મક રમત રમવાને બદલે મોર્ડન પરિસ્થિતિઓ મુજબ આક્રમક અને પરિણામલક્ષી અપ્રોચ અપનાવવો પડશે.પાકિસ્તાન પોતાના ઘરઆંગણે પણ અનુકૂળ પિચો બનાવવામાં અને ટેસ્ટ મેચો જીતવામાં નિષ્ફળ રહ્યું છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે.




અબતક, રાજકોટ

ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ પહેલાં જે બાબર આઝમને ફિટ ગણાવીને પાકિસ્તાને બીજી ટેસ્ટમાં ઉતારવાનો નિર્ણય કરી લીધો છે, તેણે પોતે જ પોતાની ફિટનેસનો ભાંડો ફોડ્યો છે. લોર્ડ્સના મેદાન પર રમાનારી બીજી ટેસ્ટ પહેલાં બાબર આઝમે સ્વીકાર્યું છે કે તે ૧૦૦ ટકા ફિટ નથી. હવે સવાલ એ છે કે જ્યારે તે સંપૂર્ણ રીતે ફિટ નથી, તો પાકિસ્તાનને તેને મેદાનમાં ઉતારવાની આટલી ઉતાવળ શા માટે છે?

ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ પહેલાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં બાબર આઝમે સ્પષ્ટપણે કહ્યું કે તે બીજી ટેસ્ટ માટે માત્ર ૯૦ ટકા જ ફિટ છે. બાબરે ચોક્કસપણે કહ્યું કે તેણે કેટલાક પ્રેક્ટિસ સેશનમાં ભાગ લીધો છે. પરંતુ જ્યાં સુધી મેચ ફિટનેસની વાત છે, તો તે માપદંડ પર તે માત્ર ૯૦ ટકા જ ફિટ છે. એટલે કે તે સંપૂર્ણ રીતે ૧૦૦ ટકા ફિટ નથી.

બાબર આઝમના હાથમાં ઈજા થઈ છે. આ ઈજા તેને બેકનહામમાં પીસીસી સિલેક્ટ ઈલેવન સામે રમાયેલી મેચ દરમિયાન થઈ હતી. તે મેચમાં પાકિસ્તાનની પ્રથમ ઈનિંગ દરમિયાન ઝડપી બોલર મેની લમ્સડેનનો બોલ હાથ પર વાગતાં જ બાબર આઝમ દર્દથી કણસી ઉઠ્યો હતો. ઈજા એટલી ગંભીર હતી કે તેના હાથમાંથી બેટ પણ છૂટી ગયું હતું અને ત્યારબાદ તેને રિટાયર્ડ હર્ટ થવું પડ્યું હતું. ઈજાના કારણે બાબર આઝમ ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાંથી બહાર રહ્યો હતો. પરંતુ હવે લંડનમાં સંપૂર્ણ ફિટ ન હોવા છતાં ટીમ મેનેજમેન્ટે તેને રમાડવાનો નિર્ણય કર્યો છે.

બાબર આઝમ બીજી ટેસ્ટમાં માત્ર રમશે જ નહીં, પરંતુ પાકિસ્તાનની કેપ્ટનશિપ પણ કરશે. બીજી ટેસ્ટ લોર્ડ્સમાં રમાવાની છે, જ્યાં બાબર આઝમનો રેકોર્ડ શાનદાર રહ્યો છે. આ મેદાન પર બાબર આઝમે માત્ર એક ટેસ્ટ ઈનિંગ રમી છે, જેમાં તે ૬૮ રન બનાવીને અણનમ રહ્યો હતો. પાકિસ્તાનને હવે આશા હશે કે બાબર આઝમ ૮ વર્ષ જૂની એ જ ઈનિંગની જેમ ફરી એકવાર શાનદાર રમત બતાવે અને ટીમને જીત અપાવે.




# નેપાળના પુર પ્રકોપમાં કૈલાશ ગૃપ ફસાયું, બચાવ કામગીરી શરૂઃ સદગુરૂ જગ્ગી

## ઈશા ફાઉન્ડેશનના સ્વયંસેવકો અને સપોર્ટ ટીમો સ્થાનિક સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં રહીને બચાવ કામગીરીમાં જોડાયા

**અબતક, રાજકોટ**

આધ્યાત્મિક નેતા અને ઈશા ફાઉન્ડેશનના સ્થાપક સદ્ગુરુ જગ્ગી વાસુદેવે નેપાળમાં થયેલ કુદરતી હોનારત અંગે ચિંતા વ્યક્ત કરી છે. તિબેટના ગ્યિરોંગ ક્ષેત્રમાં આવેલા અચાનક અને વિનાશક પૂરમાં ઈશા ફાઉન્ડેશનની કૈલાશ-માનસરોવર યાત્રાનું એક મોટું જૂથ ફસાઈ ગયું છે. આ ઘટનાને પગલે વ્યાપક સ્તરે રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. સદ્ગુરુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર માહિતી આપતાં જણાવ્યું હતું કે, , તિબેટ-ચીનમાં એક ભયંકર ફલેશ ફલડ આવી છે. પૂર આવ્યું ત્યારે યાત્રાળુઓ પરત ફરતી વખતે ઈમિગ્રેશન ઓફિસમાં હતા. પૂરના તીવ્ર પ્રવાહને કારણે ઈમારત અને સમગ્ર નગરનો મોટો ભાગ પાણીમાં ડૂબી ગયો



છે. સદ્ગુરુએ વધુમાં ઉમેર્યું કે પૂરના સમયે ઈમિગ્રેશન કચેરીમાં હાજર રહેલા લોકો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર કે અધિકૃત માહિતી પ્રાપ્ત થઈ નથી. ઈશા ફાઉન્ડેશનના સ્વયંસેવકો અને સપોર્ટ ટીમો સ્થાનિક સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં રહીને કાર્ય કરી રહ્યા છે. સ્વયંસેવકો પોતાના જીવનું જોખમ ખેડીને પણ બચાવ કામગીરીમાં મદદ કરવા તત્પર છે. સદ્ગુરુ પોતે આ પરિસ્થિતિ પર સીધી નજર રાખી રહ્યા છે અને મદદ પહોંચાડવા પ્રયાસરત છે.ઈશા ફાઉન્ડેશનની આ વર્ષની કૈલાશ યાત્રા હેઠળ કુલ ૨૧ જૂથો રવાના થયા હતા. સમગ્ર જૂથમાં ૪૯૫ યાત્રાળુઓ સુરક્ષિત રીતે ઘરે પહોંચી ગયા છે.૭૪૩ લોકો હાલ તિબેટના જુદા જુદા ભાગોમાં છે.૧૪૮ લોકો નેપાળની સરહદમાં સુરક્ષિત છે.૩ સ્વયંસેવકો તિમુરેમાં રોકાયેલા છે.ફસાયેલા જૂથમાં ભારત ઉપરાંત અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કિંગડમ (યુકે), જર્મની, ફ્રાન્સ અને નેપાળ જેવા દેશોના વિદેશી નાગરિકો પણ સામેલ છે.સદ્ગુરુએ ચીની સરકાર અને સ્થાનિક પ્રશાસનને ખાસ અપીલ કરી છે. સાગા વિસ્તારમાંથી સંદેશ આપતાં તેમણે વિનંતી કરી કે તેમને અને તેમના થોડા સ્વયંસેવકોને તાત્કાલિક ગ્યિરોંગ પહોંચવાની પરવાનગી આપવામાં આવે.તેમણે દુઃખ સાથે જણાવ્યું કે, ગ્યિરોંગના પૂરમાં અમારા જૂથના ૮૦ લોકોને ગુમાવવાના સમાચારથી અમે ભારે આઘાતમાં છીએ અને પૂર બાદ તેમની કોઈ ભાળ મળી નથી સદ્ગુરુએ ચીની સત્તાવાળાઓને ખાતરી આપી છે કે તેઓ બચાવ કામગીરીમાં કોઈ અવરોધ નહીં ઊભો કરે, પરંતુ માત્ર પીડિતો અને તેમના પરિવારોને સહયોગ આપવા માગે છે.

# બી.એચ.ગાર્ડી કોલેજના એમ.બી.એ. વિભાગના વિદ્યાર્થીઓ ગિરવમોરની ઔદ્યોગિક મુલાકાતે

## નિષ્ણાંતો સાથેના સંવાદ સત્રમાં ઉત્પાદન વ્યવસ્થાપન, માર્કેટીંગ વ્યુહરચના સહિતની માહિતી મેળવી

**અબતક, રાજકોટ**

બી. એચ. ગાડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના એમબીએ વિભાગ દ્વારા એમબીએના પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે અનુભવ આધારિત શિક્ષણ (Experiential Learning)ના ભાગરૂપે ગિવમોર ખાતે ઔદ્યોગિક મુલાકાતનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આધુનિક ઉત્પાદન પદ્ધતિઓ, વ્યવસાયિક કામગીરી તથા સંસ્થાકીય વ્યવસ્થાપન વિશે વ્યવહારુ જ્ઞાન પ્રદાન કરવાનો હતો, જેથી તેઓ વર્ગખંડમાં શીખેલા સિદ્ધાંતોને વાસ્તવિક ઔદ્યોગિક કાર્યપ્રણાલી સાથે સાંકળી શકે.

ગિવમોર ખાતે વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત અંકિત પટેલ અને બુજેશ પટેલ (સહ-સ્થાપક, ગિવોર) દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને કંપનીની સ્થાપનાથી લઈને તેના વિકાસનો પ્રેરણાદાયક પ્રવાસ, વિવિધ

GARDI VIDYAPITH
Smt. T. V. Mehta Charitable Foundation

ઉત્પાદનો, ઉત્પાદન પ્રક્રિયા, ગુણવત્તાના ધોરણો તથા બજારમાં કંપનીની આગવી ઓળખ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સાથે જ તેમણે આજના સ્પર્ધાત્મક યુગમાં નવીનતા (Innovation), આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ, ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતા તથા ગ્રાહક સંતોષના મહત્વ પર ભાર મૂકયો હતો.


કારખાનાની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ કાચા માલના સંચાલનથી લઈને ઉત્પાદન, પેકેજિંગ, ગુણવત્તા નિયંત્રણ, વેરહાઉસિંગ અને માલના વિતરણ સુધીની સમગ્ર ઉત્પાદન પ્રક્રિયાને નજીકથી નિહાળી હતી. ઉપરાંત, કંપનીના અધિકારીઓએ અસરકારક સપ્લાય ચેઈન મેનેજમેન્ટ, લીન મેન્યુફેક્ચરિંગ, કાર્યસ્થળની સલામતી તથા પર્યાવરણને અનુકૂળ વ્યવસાયિક કામગીરીના મહત્વ વિશે પણ વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. આ મુલાકાત દરમિયાન આયોજિત પ્રશ્નોત્તરી અને સંવાદ સત્રમાં વિદ્યાર્થીઓએ ઉત્પાદન વ્યવસ્થાપન, માર્કેટિંગ વ્યૂહરચના, માનવ સંસાધન વ્યવસ્થાપન, ઉદ્યોગ ક્ષેત્રમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો તેમજ વ્યવસાયિક પડકારો અંગે નિષ્ણાતો સાથે સીધી ચર્ચા કરી હતી.

# લઠ્ઠાકાંડ સહિતની ઘટનામાં અવસાન પામેલા લોકોનાં પરિવારજનોને પૂ.મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય

## ૧૨ લોકોના પરિવારજનોને રૂા. ૧૫,૦૦૦ લેખે ૧,૮૦,૦૦૦ આર્થિક સહાય અર્પણ

**અબતક, રાજકોટ**

થોડા દિવસો પહેલાં ભાવનગરમાં ઝેરી દારુ પીવાને કારણે ૧૩ લોકોનાં મોત નિપજયા હતા. દારૂ પીવાની પ્રવ્રુતિ ખૂબ જ નિંદનીય છે અને તેનાં પરિપાકરૂપે તેવી વ્યકિતનાં સ્વજનોની આર્થિક સ્થિતિ વધુ કંગાળ બને છે. અનેક પરિવારો લઠ્ઠાકાંડને કારણે વધુ પાયમાલ થઈ ચૂકયા છે. પરંતુ તેવી વ્યકિતઓનાં પરિવારજનોનો શો વાંક ? તેમનાં નિર્દોષ પરિવારજનો તરફ પૂજ્ય મોરારિબાપુએ સંવેદના પ્રગટ કરી છે. આ ઘટનામાં માર્યા ગયેલાઓ પૈકી ૧૨ લોકોનાં પરિવારજનોને રુપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૧,૮૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. આ તમામ દિવંગત થયેલા લોકોનાં નિર્વાણ માટે પૂજ્ય બાપુએ પ્રાર્થના કરી છે અને તેમનાં પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા ૧૫,૦૦૦ લેખે કુલ મળીને ૧,૨૦,૦૦૦ રુપિયાની આર્થિક સહાયની રકમ અર્પણ કરી છે જે રામકથાના શ્રોતા દ્વારા પહોંચાડવામાં આવશે.



### 'મારા દાદાને મારી રાખડી' અંતર્ગત

# સાળંગપુરમાં કષ્ટભંજન દેવને દેશ-વિદેશની બહેન-દિકરીઓ દ્વારા મોકલાવાયેલી રાખડીનો દિવ્ય શણગાર

**અબતક, રાજકોટ**

ભગવાન શિવજીની આરાધનાના પર્વ એવાં પવિત્ર શ્રાવણ માસ અંતર્ગત સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તારીખઃ૨૭-૦૮-૨૦૨૬ ગુરુવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને દિવ્ય વાઘા અને સિંહાસને હજારો બહેનોએ મોકલેલી રાખડીનો શણગાર કરાયો છે. આ ઉપરાંત હજારો બહેનોએ દાદાને મોકલાવેલા પત્ર પણ દાદા સમક્ષ મૂક્યા હતા. સવારે ૦૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારીસ્વામી દ્વારા કરવામાં આવી હતી.




રક્ષાબંધન પર્વ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ ''મારા દાદાને મારી રાખડી'' અંતર્ગત હનુમાનજી દાદા સદાય તેમની રક્ષા કરે તેવા પરમ ભાવ સમગ્ર દેશ અને વિદેશમાંથી હજારો બહેનો-દીકરીઓએ પ્રેમપૂર્વક ઘરે જ બનાવીને મોકલાયેલી હજારો રાખડીઓથી દાદાને દિવ્ય શણગાર ધરાવવામાં આવ્યો હતો તેમજ તમામ ભાવપૂર્ણ પત્રો દાદાના ચરણોમાં અર્પણ કરાયા હતા.

મહત્વનું છે કે દાદાને અર્પણ કરાયેલી રાખડીઓમાં આર્ટિફિશિયલ કેમિકલ, કાપડમાંથી બનાવેલી, ઉનમાંથી ગુથીને બનાવેલી, મોરપંખવાળી, બાણ આકારની બનાવેલી, કોડી અને મોતીથી બનાવેલી, ટોન ડેકોરેશન કરેલી,ફૂલવાળી, શ્રીરામના મુખ વાળી ડેકોરેશન, દાદાના ફોટા વાળી, ફુલ મોરપંખ વાળી, લાકડા માંથી બનાવેલી, દાદાના પેન્ટિંગ વાળી, ઘૂઘરી વાળી, ઈન્ડિયા મેપ વાળી ચોખામાંથી બનાવેલી હનુમાન ચાલીસા લખેલી, ગોળ, ચોરસ, લંબચોરસ, લંબગોળ, વગેરેના આકારની રાખડી, ૩ ફુટ વાળી, ૨ ફૂટ કેક ના આકાર વાળી,૧.૫ ફૂટ રામ ભગવાન ફોટા વાળી ,૧.૫ દાદા ના ફોટા વાળી,૧ ફૂટ દાદા ના ફોટા વાળી રાખડીઓમાં ભારે વૈવિધ્ય અને કલાત્મકતા જોવા મળી હતી દેશ-પરદેશ માંથી દાદા માટે બહેનોએ હજારો રાખડી મોકલી છે.

### 'સુગમ ડિજિટલ ગુજરાત'ને અભૂતપૂર્વ પ્રતિસાદ

# માત્ર ચાર મહિનામાં ૧ લાખથી વધુ નાગરિકોએ ઘરેબેઠા મેળવ્યા પ્રમાણપત્ર

## વિદ્યાર્થીઓ અને રોજગારવાંચ્છુઓ માટે જાતિ, આવક અને ઈ ડબલ્યુ એસ સહિતના પ્રમાણપત્રો હવે ઓનલાઈન

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા નાગરિક સેવાઓના ડિજિટાઈઝેશનને વધુ વેગ આપીને કલ્યાણકારી અને શૈક્ષણિક યોજનાઓ માટેના જાતિ, આવક સહિતના વિવિધ ૭ પ્રમાણપત્રો ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ પહેલના પરિણામે છેલ્લા ચાર મહિનામાં એક લાખથી વધુ નાગરિકોએ 'સુગમ ડિજિટલ ગુજરાત' પોર્ટલ મારફતે આ ઓનલાઈન સેવાઓનો સફળતાપૂર્વક લાભ મેળવ્યો છે તેમ વિકસતી જાતિ કલ્યાણ નિયામકની યાદીમાં જણાવાયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અને રાજ્ય મંત્રી ડો. મનીષાબેન વકીલના નેતૃત્વમાં 'સુગમ ડિજિટલ ગુજરાત' પહેલ શરૂ કરવામાં આવી છે.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે, 'સુગમ ડિજિટલ ગુજરાત' પોર્ટલ મારફતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર, નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર, આર્થિક રીતે નબળા વર્ગો માટેનું પાત્રતા પ્રમાણપત્ર, બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર, ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, વિચરતી-વિમુક્ત જાતિ પ્રમાણપત્ર તેમજ આવકનું પ્રમાણપત્ર જેવા વિવિધ પ્રમાણપત્રો હવે નાગરિકો સરળતાથી ઓનલાઈન મેળવી શકશે. આ ડિજિટલ પહેલના પરિણામે હવે નાગરિકોને સાત મહત્વપૂર્ણ પ્રમાણપત્રો મેળવવા માટે સરકારી કચેરીઓમાં જવાની જરૂર રહેશે નહીં. નાગરિકો ઘરેબેઠા આ પ્રમાણપત્રો માટે ઓનલાઈન અરજી કરી શકશે

Sugam Digital Gujarat

અને ઈ સાઈનધરાવતા ડિજિટલ પ્રમાણપત્રો સીધા જ ઓનલાઈન મેળવી શકશે. આ ઉપરાંત, આ પ્રમાણપત્રો વોટ્સએપ અને ડીજી લોકર જેવા સુવિધાજનક માધ્યમો પર પણ ઉપલબ્ધ થશે, જેથી નાગરિકો તેને સુરક્ષિત રાખીને ગમે ત્યારે સરળતાથી ઉપયોગમાં લઈ શકશે.

આ સુવિધાથી ખાસ કરીને વિદ્યાર્થીઓ અને સરકારી નોકરીની તૈયારી કરતા યુવાનોને મોટી રાહત મળશે. એડમિશન, સ્કોલરશિપ અને ભરતી પ્રક્રિયામાં જરૂરી એવા આ પ્રમાણપત્રો હવે દસ્તાવેજોની ચકાસણી બાદ તુરંત જ ય-જ્ઞાલક્ષ સાથે ઓનલાઈન મળી જશે. પરિણામે વહીવટી વિલંબ ઘટશે, સમગ્ર સિસ્ટમમાં પારદર્શિતા આવશે અને નાગરિકોને તમામ શૈક્ષણિક તેમજ રોજગારલક્ષી સેવાઓ સમયસર પૂરી પાડી શકાશે.

રાજ્ય સરકારના આ સરાહનીય નિર્ણયને નાગરિકો તરફથી ભવ્ય પ્રતિસાદ મળી રહ્યો છે. આ અંગે વિકસતી જાતિ કલ્યાણ નિયામક વિક્રમસિંહ જાદવે રાજ્યના તમામ નાગરિકો આ પ્રમાણપત્રો માટે સરકારી કચેરીઓમાં જવાને બદલે **https://www.digitalgujarat.gov.in/Services/SugamDGAbhiyanServices.aspx** પોર્ટલ પર ઉપલબ્ધ ડિજિટલ સેવાઓનો વધુમાં વધુ ઉપયોગ કરવા અપીલ કરી છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૮૪૮ | ૮૧૭ | ૧૫૯૭ |
| પપૈયા | ૧૦ | ૨૧૧ | ૪૨૧ |
| બટેટા | ૪૪૪૦ | ૭૭ | ૨૮૬ |
| ડુંગળી સુકી | ૧૪૬૧ | ૩૫૧ | ૭૬૧ |
| ટમેટા | ૨૬૨૫ | ૨૮૫ | ૪૯૩ |
| સુરણ | ૪ | ૮૮૪ | ૧૧૭૫ |
| કોથમરી | ૩૬૨ | ૧૧૧ | ૨૦૭ |
| મુળા | ૧૨ | ૩૧૮ | ૫૦૯ |
| રીંગણા | ૪૦૮ | ૩૨૭ | ૫૧૬ |
| કોબીજ | ૧૬૧ | ૨૭૨ | ૪૧૦ |
| ફ્લાવર | ૫૧ | ૨૨૯ | ૫૦૨ |
| ભીંડો | ૩૨૬ | ૬૧૯ | ૮૨૧ |
| ગુવાર | ૨૧૨ | ૮૩૧ | ૧૦૪૧ |
| ચોળાસીંગ | ૫૧ | ૬૦૯ | ૮૧૪ |
| વાલોળ | ૧૫ | ૬૧૫ | ૯૬૨ |
| ટીંડોળા | ૨૫ | ૪૨૭ | ૮૩૩ |
| દુધી | ૩૨૭ | ૨૯૧ | ૪૧૭ |
| કારેલા | ૧૨૭ | ૨૮૧ | ૪૦૭ |
| સરગવો | ૪૩ | ૬૫૮ | ૧૨૯૧ |
| તુરીયા | ૪૫ | ૩૧૬ | ૫૨૭ |
| પરવર | ૩૧ | ૭૭૮ | ૧૧૮૩ |
| કાકડી | ૪૧૯ | ૩૨૫ | ૫૧૮ |
| ગાજર | ૮૦ | ૩૧૧ | ૫૨૬ |
| વટાણા | ૬ | ૧૦૫૭ | ૨૪૪૨ |
| કંટોળા | ૧૦ | ૧૬૪૪ | ૨૦૫૩ |
| ગલકા | ૧૭૯ | ૧૯૫ | ૩૧૦ |
| બીટ | ૮ | ૩૦૯ | ૫૨૨ |
| મેથી | ૪૮ | ૩૫૪ | ૫૮૬ |
| વાલ | ૧૧ | ૮૧૫ | ૧૨૦૯ |
| ડુંગળી લીલી | ૧૦ | ૫૯૩ | ૭૮૪ |
| આદુ | ૩૧ | ૧૨૨૩ | ૩૦૨૮ |
| મરચા લીલા | ૧૪૦૭ | ૩૩૮ | ૫૫૨ |
| મગફળી લીલી | ૧૪૪ | ૫૯૨ | ૮૦૭ |
| મકાઈ લીલી | ૧૪૮ | ૧૮૫ | ૩૭૭ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૨૪૦ | ૧૫૫૦ | ૧૯૭૧ |
| ઘઉં લોકવન | ૧૪૦ | ૪૮૦ | ૫૪૭ |
| ઘઉં ટુકડા | ૯૬૦ | ૫૧૧ | ૬૨૨ |
| જુવાર સફેદ | ૪૦ | ૧૧૫૦ | ૧૩૧૦ |
| જુવાર લાલ | ૬ | ૧૦૫૦ | ૧૨૩૬ |
| જુવાર પીળી | ૭૦ | ૪૫૦ | ૫૩૪ |
| બાજરી | ૪૭ | ૩૭૦ | ૫૫૨ |
| તુવેર | ૫૩૦ | ૧૨૮૦ | ૧૬૫૧ |
| ચણા પીળા | ૩૨૦ | ૧૦૦૫ | ૧૨૪૮ |
| ચણા સફેદ | ૪૪૦ | ૧૨૪૧ | ૧૮૦૦ |
| અડદ | ૪૦ | ૧૨૦૦ | ૧૮૭૧ |
| મગ | ૨૨૦ | ૧૦૪૦ | ૧૬૦૦ |
| વાલ દેશી | ૧૬ | ૭૫૦ | ૧૩૩૦ |
| ચોળી | ૮૫ | ૧૦૨૫ | ૧૫૦૦ |
| વટાણા | ૩૬૦ | ૫૮૦ | ૧૦૧૯ |
| કળથી | ૨૭ | ૩૭૫ | ૫૪૦ |
| રાજમા | ૪૦ | ૧૬૧૫ | ૧૯૮૨ |
| સીંગદાણા | ૩૦૦ | ૧૬૫૦ | ૨૦૦૦ |
| મગફળી જાડી | ૩૦૦ | ૧૩૫૦ | ૧૫૫૧ |
| મગફળી જીણી | ૧૦૦ | ૧૨૯૦ | ૧૫૦૫ |
| તલી | ૪૨૦ | ૨૦૪૮ | ૨૪૨૦ |
| એરંડા | ૪૫૦ | ૧૩૪૪ | ૧૪૨૮ |
| અજમો | ૩ | ૧૫૧૧ | ૨૨૯૦ |
| સુવા | ૩ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૫૮ | ૧૧૨૦ | ૧૨૨૧ |
| સીંગફાડા | ૧૧૦૦ | ૧૩૪૦ | ૧૭૬૦ |
| કાળા તલ | ૩૪૦ | ૨૪૦૦ | ૩૪૮૮ |
| લસણ | ૯૦૦ | ૧૧૨૦ | ૨૫૪૦ |
| ધાણા | ૬૦ | ૨૭૩૦ | ૩૦૦૦ |
| ધાણી | ૪૦ | ૨૮૩૦ | ૩૧૦૦ |
| વરીયાળી | ૧૯૦ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૯૨૦ | ૩૫૫૦ | ૪૦૧૫ |
| રાય | ૧૬૦ | ૧૩૫૦ | ૧૮૨૦ |
| મેથી | ૨૨૦ | ૯૩૦ | ૧૮૯૦ |
| કલોંજી | ૧૫૦ | ૩૩૨૫ | ૩૬૨૦ |
| રાયડો | ૧૨૦ | ૧૨૭૦ | ૧૫૨૨ |
| રજકાનું બી | ૨૦ | ૬૫૦૦ | ૯૩૫૦ |
| ગુવારનું બી | ૧૬૦ | ૧૦૦૦ | ૧૧૭૧ |

# એસજીવીપી ગુરૂકુળ પરિવાર દ્વારા વડોદરામાં વૃક્ષારોપણ સાથે પર્યાવરણ રક્ષણનો પ્રકલ્પ મુકાયો

**અબતક, રાજકોટ**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિશ્વ વિદ્યા પ્રતિષ્ઠાનમ (એસજીવીપી) દ્વારા પર્યાવરણ જતન અને સંવર્ધનની દિશામાં એક અદ્ભૂત અને પ્રેરણાદાયી પહલ કરવામાં આવી છે. દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહના ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં વૃક્ષારોપણના મહાસંકલ્પથી પ્રેરિત થઈને, એસજીવીપી ગુરુકુળ પરિવાર દ્વારા ૧ લાખ વૃક્ષો વાવવાનો દિવ્ય સંકલ્પ લેવામાં આવ્યો છે. આ મહાનિષ્ઠાના ભાગરૂપે અમદાવાદ બાદ હવે સંસ્કારી નગરી વડોદરા ખાતે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે એસજીવીપીના અધ્યક્ષ પૂ.માધવપ્રિયદાસજી સ્વામી તથા પૂ.બાલકૃષ્ણદાસજી સ્વામીજીની વિશેષ ઉપસ્થિતિ અને પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ પૂ.સંતો તેમજ મોટી સંખ્યામાં હરિભક્તો ઉત્સાહભેર જોડાયા હતા. ન્યાસા ઓક્સિજન પાર્ક ખાતે ઉપસ્થિત સૌ સંતો અને ભક્તોએ સ્વહસ્તે છોડ વાવીને વડોદરા શહેરને હરિયાળું અને પ્રદૂષણમુક્ત બનાવવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### સ્વામિનારાયણ ગુરૂકુળ ઈન્ટરનેશનલ દ્વારા

# ગુરૂકુળ શાખાના વિદ્યાર્થી ઉત્કર્ષ સેમિનારમાં ૧૦,૦૦૦થી વધુ છાત્રો ઓનલાઈન માધ્યમથી જોડાયા

## આઈએમ ગુરૂકુળ, શ્રી કૃષ્ણના જીવન સંદેશો જેવા વિષયો પર પ્રેરણાત્મક માર્ગદર્શન અપાયું

**અબતક, રાજકોટ**

જન્માષ્ટમીના પાવન પર્વ પૂર્વે વિદ્યાર્થીઓમાં સંસ્કાર, સકારાત્મક વિચારસરણી, આત્મવિશ્વાસ અને જીવનમાં શ્રેષ્ઠ બનવાની પ્રેરણા કેળવાય તેવા હેતુથી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન દ્વારા ગુજરાતની વિવિધ શાખાઓના છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ''વિદ્યાર્થી ઉત્કર્ષ સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું

આ સેમિનારમાં ગુજરાતભરની ૧૮ થી વધુ ગુરુકુલ શાખાઓના છાત્રાલયમાં રહેતા ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. વિદ્યાર્થીઓમાં ગુરુકુલ પ્રત્યે ગૌરવ અને આત્મીયતાની ભાવના કેળવાય તથા ગુરુકુલના સંસ્કારો અને મૂલ્યોને જીવનમાં ઉતારીને તેઓ સમાજ અને રાષ્ટ્ર માટે શ્રેષ્ઠ યોગદાન આપી શકે તેવો સેમિનારનો મુખ્ય ઉદ્દેશ હતો. સેમિનારમાં પ્રેરક વક્તા સાવલિયા સાહેબ દ્વારા ""I Am Gurukul"" વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ભગવાન શ્રીકૃષ્ણના જીવન અને સંદેશમાંથી પાંચ પ્રેરણાત્મક સંદેશો રજૂ કરીને વિદ્યાર્થીઓને ધ્યેયનિષ્ઠા, સકારાત્મકતા, આત્મવિશ્વાસ અને શ્રેષ્ઠતા તરફ આગળ વધવા માટે પ્રેરિત કરવામાં આવ્યા.

ગુજરાતભરની વિવિધ ગુરુકુલ શાખાઓના વિદ્યાર્થીઓને એકસાથે જોડીને યોજાયેલ આ સેમિનાર દ્વારા ''એક ગુરુકુલ - એક પરિવાર''ની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# રા.લો. સંઘની ૧૧ બેઠકો બિનહરીફ: પાંચ સીટ માટે ચૂંટણી યોજાશે

**પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂધ્ધ દવે પણ ડેમેજ કન્ટ્રોલ ન કરી શક્યા: પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણીનો ઘડો લાડવો કરવા ભાજપના બે ધારાસભ્યોએ હાથ મિલાવી લીધા હોવાની વ્યાપક ચર્ચા: પાંચ બેઠકો માટે ૮મીએ મતદાન**

## કુવાડવા અને માધાપર - મોટામવા બેઠકના ઉમેદવારો ભૂગર્ભમાં ઉતરી ગયા: ખોખડદળ, હલેન્ડા અને ત્રંબા બેઠક પર વાત વટે જતા ઉમેદવારી ફોર્મ પરત ન ખેંચાયા

**અબતક, રાજકોટ**

એશિયાના સૌથી મોટા સહકારી સંઘમાં જેની ગણતરી થાય છે તે રાજકોટ - લોધિકા સહકારી ખરીદ વેંચાણ સંઘ લીમીટેડની તમામ ૧૬ બેઠકો બિનહરીફ કરવાનું ભાજપનું સપનું ભાંગીને ભૂક્કો થઈ ગયું છે. આજે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ૧૩ પૈકી ૮ બેઠકો માટે હરીફ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા વધુ ૮ ઉમેદવારો બિનહરીફ જાહેર કરી દેવામાં આવ્યા છે. હવે પાંચ બેઠકો માટે આગામી ૮મી સપ્ટેમ્બરના રોજ ચૂંટણી યોજાશે તે ફાઈનલ મનાઈ રહ્યું છે. હવે જોવાનું એ રહ્યું કે પાંચ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે તેમાં હાઈકમાન્ડ દ્વારા કોના તરફી મતદાન કરવાનું વ્હીપ આપવામાં આવે છે. માધાપર, મોટામવા અને કુવાડવા બેઠકના ઉમેદવાર ભૂગર્ભ ઉતરી ગયા છે. જયારે હલેન્ડા, ત્રંબા અને ખોખડદળ બેઠક પર વાત વટે જતા ફોર્મ પરત ખેંચાયા નથી. સ્થાનિક સહકારી આગેવાનો તો ઠીક હાઈકમાન્ડ પણ સમાધાન કરવામાં નિષ્ફળ નિવડ્યું છે. પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂધ્ધ દવે પણ ડેમેજ કન્ટ્રોલ કરી શક્યા નથી. પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણીનો રા.લો. સંઘમાંથી ઘડો લાડવો કરવાનો ભાજપના બે ધારાસભ્યોનો ખેલ હાલ સફળ થતો દેખાઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.

રાજકોટ - લોધિકા સહકારી ખરીદ વેંચાણ સંઘ લીમીટેડની ૧૬ બેઠકો પૈકી ત્રણ બેઠકો અગાઉથી જ બિનહરીફ જાહેર થઈ ગઈ હતી. બાકીની ૧૩ બેઠકો માટે કુલ ૩૩ ઉમેદવારો મેદાનમાં હતા. આજે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ભાજપ દ્વારા તમામ બેઠકો બિનહરીફ કરાવવા માટેના ભરપૂર પ્રયાસો કરવામાં આવ્યા હતા પરંતુ નિષ્ફળ રહ્યા હતા. ૮ બેઠકો પરથી ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા હતા. જે આઠ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. જ્યારે કુવાડવા બેઠક પરના ઉમેદવાર નીતિન ચોવટીયા ભૂગર્ભમાં ઉતરી ગયા છે. આ બેઠક પર તેનો મુકાબલો રાજ્ય સરકારના પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી સામે છે. ગઈકાલે તેઓએ એવો આક્ષેપ પણ લગાવ્યો હતો કે ફોર્મ પરત ખેંચી લેવા માટે અરવિંદ રૈયાણી તેઓને દબાણ કરી રહ્યા છે. બીજી તરફ મોટામવા - માધાપર બેઠકના ઉમેદવાર વિજય સખીયા પણ ભૂગર્ભમાં ઉતરી ગયા છે. જ્યારે ખોખડદળ, હલેન્ડા અને ત્રંબા બેઠક પર ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના લઈને વાત વટ પર આવી ગઈ છે. જેના કારણે આ બેઠકો પર પણ ચૂંટણી ફાઈનલ મનાઈ રહી છે. સહકારી ક્ષેત્રમાં અસહકાર જેવો માહોલ જોવા મળી રહ્યો છે. આ લખાઈ રહ્યું છે ત્યારે બાકી રહેતી ૧૩ પૈકી ૮ બેઠકો પર ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચી લેતા બિનહરીફ થઈ છે. જ્યારે પાંચ બેઠકો માટે ચૂંટણી નિશ્ચિત મનાઈ રહી છે. આગામી શનિવારે હરીફ ઉમેદવારોની આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે. ૮-સપ્ટેમ્બરના રોજ સવારે ૯ થી બપોરે ૨ વાગ્યા સુધી મતદાન ધરવામાં આવશે. જ્યારે મત

(અનુ. આઠમા પાને)

**ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ૧૩ પૈકી ૮ ઉમેદવારોએ દાવેદારી પાછી ખેંચી: રા.લો. સંઘની તમામ બેઠકો બિનહરીફ કરવામાં જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા તદ્દન નિષ્ફળ: પ્રદેશ હાઈકમાન્ડના આદેશનો પણ ઉલાળીયો: સહકારી ક્ષેત્રેમાં અસહકાર જેવો માહોલ**

# અમરેલીના દુધાળામાં "હેતની હવેલી"નું લોકાર્પણ કરતા ગૃહમંત્રી અમિત શાહ

**કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે: આજે પાંચ કાર્યક્રમોમાં હાજરી આપશે**

**અબતક, રાજકોટ**

ભાજપના ચાણકય અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિતભાઈ શાહ આજથી બે દિવસ માદરે વતન ગુજરાતના પ્રવાસ પર છે. આજે તેઓ અલગ-અલગ પાંચ કાર્યક્રમોમાં હાજરી આપશે. આજે સવારે અમિત શાહે સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના દુધાળામાં પંચગંગા તીર્થ ખાતે હેતની હવેલીનું લોકાર્પણ કર્યું હતું. તેઓ સરકાર અને સંગઠનના વડાઓ સાથે પણ બેઠક યોજે તેવી સંભાવના જણાય રહી છે.

ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીના આડે હવે સવા વર્ષ જેટલો જ સમય બચ્યો છે ત્યારે તમામ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ગુજરાતમાં સતત આઠમીવાર સરકાર બનાવવા માટે તૈયારીઓ શરૂ કરી દેવાય છે. ભાજપના રાષ્ટ્રીય નેતાઓના આંટાફેરા ગુજરાતમાં વધ્યા છે. આજે ગાંધીનગરના સાંસદ, ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. સવારે ૧૧:૩૦ કલાકે તેઓએ અમરેલી જિલ્લાના દુધાળા ખાતે હરિકૃષ્ણ ફાઉન્ડેશન દ્વારા નવ નિર્મિત "હેતની હવેલી" સરોવરનું લોકાર્પણ કર્યું હતું. અમદાવાદમાં ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે. ૨૦૩૬ ઓલિમ્પિક માટે પણ ભારત દાવેદારી મજબૂત માનવામાં આવે છે. જે નું યજમાન પણ અમદાવાદ






## ઓલિમ્પીક અને કોમનવેલ્થ ગેમની તૈયારીઓની સમીક્ષા માટે અમદાવાદ સર્કિટ હાઉસ ખાતે બેઠક યોજી

બને તેવા ઉજળા સંજોગો છે. ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહેલી તૈયારીઓની સમીક્ષા કરશે. બપોરે અમદાવાદના શાહીબાગ એનેક્ષ સ્થિત સર્કિટ હાઉસ ખાતે સમિક્ષા બેઠક યોજાશે. દરમિયાન બપોરે ૩:૪૫ કલાકે અમિત શાહ અમદાવાદના નારણપુરામાં આશ્રમ રોડ સ્થિત પ્રાણજીવન વિદ્યાર્થી ભવન, ગુજરાત વિદ્યાપીઠના ૭૨માં પદવીદાન સમારોહમાં ખાસ હાજરી આપી છાત્રોને પદવી એનાયત કરશે. સાંજે ૫:૩૦ કલાકે તેઓ અમદાવાદના થલતેજમાં સિંધુભવન રોડ પર તાજ સ્કાયલાઈન તાજ સંકલ્પ સ્કેવર-

(અનુ. આઠમા પાને)

# ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામમાં રૂ.૮૨.૫૭ કરોડનું કૌભાંડ: કેગનો રિપોર્ટ

**પ્રોજેકટ ઓફિસર કિરણ પરીખે પોતાની પત્નીની સંસ્થા બાયો ટ્રસ્ટ મેડિકલ ડીવાઈસીસને કોન્ટ્રાકટ આપી દીધાનો ઘડાકો**

**અબતક, રાજકોટ**

ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામમાં રૂ. ૮૨.૫૭ કરોડનો ભ્રષ્ટાચાર થયો હોવાનું કેગના રિપોર્ટમાં જાહેર કરવામાં આવ્યું છે.

આ અંગે ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ હેઠળ ઉઘાડી લૂંટ ઉપર સવાલ ઊભા કર્યા હતા. ગુજરાત ડાયાલિસ પ્રોગ્રામ ના પ્રોજેક્ટ ઓફિસર ઉપર કેગના રિપોર્ટમાં ગંભીર નાણાકીય ગેરરીતિ ના ગંભીર આક્ષેપો મૂકવામાં આવ્યા છે. ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ ના પ્રોગ્રામ ઓફિસર કિરણ પરીખ વર્ષ ૨૦૧૬- ૨૦૧૭ થી વર્ષ ૨૦૨૫- ૨૦૨૬ સુધી ફરજ બજાવતા હતા. કેગના અહેવાલમાં કિરણ પરીખના નામનો ચોંકાવનારો ખુલાસો થયો છે. કિરણ પરીખ દ્વારા પોતાની જ પત્ની બીના કિરણ પરીખના નામ ની કંપની બાયો ટ્રસ્ટ મેડિકલ ડીવાઈસીસને ૮૨.૫૭ કરોડના વિવિધ કામના ઓર્ડર આપી દેવા માં આવ્યા. આ ઘટના સીધું કન્ફિલકટ ઓફ ઈન્ટરેસ્ટ નું ઉદાહરણ છે. ફાઈલો માં જીએસટીની વિગત અને ઈમેઈલ ની માહિતીમાં બાયો ટ્રસ્ટ મેડિકલ ડીવાઈસીસમાં કિરણ પરીખની પત્નીની માલિકીના પુરાવા ના આધારે કેગ દ્વારા રિપોર્ટ કરવામાં આવ્યો છે.

ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ માં ઘર ના ભુવા ઘર ના ડાકલા જેવો તાલ થયો છે. સંસ્થા પોતે કેગ ને જવાબ આપતી વખતે સ્વીકારે છે કે પ્રોજેક્ટ ઓફિસર ના પિતા અને ભાઈઓ આ પ્રોજેક્ટ માં શામિલ છે. કિરણ પરીખના ભાઈઓ અને પિતા નું પોસ્ટિંગ ખરીદી સંબંધિત ખાતામાં અને અલગ અલગ અગત્ય ની જગ્યાએ પોસ્ટેડ હતા. શું ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ કિરણ પરીખ અને પરિવાર નો ફેમિલી પ્રોજેક્ટ હતો? શું ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ ને ખાનદાની ધંધો બનાવીને ૮૨.૫૭ કરોડનું

(અનુ. આઠમા પાને)

# બજારમાં રૂ.૧૦ અને ૨૦ની નોટની તિવ્ર તંગી: તહેવાર ટાણે જ હાડમારી

**લેવડ દેવડમાં મોટી મૂશ્કેલી: વેપારીઓ તોબાતોબા, બેન્કો નાની નોટો આવતી નથી, બજારમાં ચલણી નોટની અછત દિન - પ્રતિદિન વધી રહી છે: રૂ.૧૦ કે ૨૦ના સિક્કા પણ ગાયબ**

**અબતક, રાજકોટ**

સાતમ-આઠમના તહેવાર ટાણે જ બજારમાં નવી હોળી સર્જાય છે. રૂ.૧૦ અને રૂ.૨૦ની ચલણી નોટની તિવ્ર તંગી વર્તાય રહી છે. જેના કારણે હાડમારી વધી રહી છે. બેન્કો દ્વારા નાની ચલણી નોટો પુરતા પ્રમાણમાં આપવામાં આવતી નથી. જેના કારણે સ્થિતિ દિન-પ્રતિદિન વિકટ બની રહી છે. હવે તો બજારમાં રૂ.૧૦ અને રૂ.૨૦ના સિક્કા પણ દેખાતા ઓછા થઈ ગયા છે. વેપારીઓને રોજ બપોરની લેવડ-દેવડમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા ઘણા મહિનાઓથી નાની ચલણી નોટની અછત જોવા મળી રહી છે. પરંતુ પુરતું ધ્યાન આપવામાં ન આવતા હવે એવી સ્થિતિ સર્જાય છે કે રોજ-બરોજના વ્યવહારો પણ વિપરિત અસર પડી રહી છે.

રાજયમાં છેલ્લા ઘણા મહિનાઓથી રૂ.૧૦ અને રૂ.૨૦ની ચલણી નોટોની અછત જોવા મળી રહી છે. રૂ.૨૦ની નોટ હજી પણ થોડા-વધતા અંશે મળી રહે છે પણ રૂ.૧૦ની શોધવી જાણે દુષ્કર બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. રોજીંદી લેવડ-દેવડમાં રૂ.૧૦ અને રૂ.૨૦ના સિક્કાનો અસ્વીકાર કરવામાં આવતો હોવાના કારણે બેન્કો દ્વારા રૂ.૧૦ અને ૨૦ની નોટ આપવામાં આવતી ન હોવાનું ચર્ચાય રહ્યું હતું. પરંતુ છેલ્લા દોઢ-બે વર્ષથી તો હવે લોકો સિક્કાનો પણ સહજતાથી સ્વીકાર કરવા માંડ્યા છે. પરંતુ કોઈ કારણોસર બજારમાં રૂ.૧૦ અને રૂ.૨૦ની નોટની અછત દિન-પ્રતિદિન ઘેરી બની રહી છે. સાતમ-આઠમના તહેવારોમાં નાની ચલણી નોટની અછતથી વેપારીઓ તોબા પોકારી ગયા છે. માલ-સામાનનું વેંચાણ રૂ.૫૦ કે રૂ.૧૦૦ની મર્યાદામાં કરવું પડે

(અનુ. આઠમા પાને)

# અમેરિકા-કેનેડાથી ગુજરાતમાં ખૂબ મોટુ મૂડીરોકાણ આવશે: મુખ્યમંત્રી

**વિદેશ પ્રવાસ પૂર્ણ કરી પરત ફરેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું અમદાવાદ એરપોર્ટ પર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા શાનદાર સ્વાગત**

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમેરિકા અને કેનેડાનો સફળ પ્રવાસ કરીને અમદાવાદ પધાર્યા ત્યારે એરપોર્ટ પર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા તેમનું ઉષ્માપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીએ એરપોર્ટ પર મીડિયાને જણાવ્યું હતું કે ગુજરાતમાં વધુમાં વધુ વૈશ્વિક મૂડીરોકાણ આવે એવો અમારો પ્રયત્ન રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વૈશ્વિક સંબંધો અને તેમના પરનો વિશ્વાસ અમને આ પ્રવાસમાં જોવા મળ્યો છે. વડાપ્રધાન પરના સંપૂર્ણ વિશ્વાસને કારણે લોકો દરેક સેકટરમાં વધારે મૂડીરોકાણ કરવા ઈચ્છે છે. ભારતમાં આવનાર રોકાણ ગુજરાતમાં આવે એના માટેનો અમારો આ પ્રયાસ હતો. સેમિકન્ડક્ટર, એઆઈ, ડેટા સેન્ટર, મેન્યુફેક્ચરિંગ વગેરે ક્ષેત્રો ઉપરાંત ગિફ્ટ સિટી માટે ફાઈનાન્સિયલ ક્ષેત્રની મોટી મોટી કંપનીઓ સાથેની બેઠકો ખૂબ સારી રહી છે અને તે લોકો ગુજરાતમાં રોકાણ માટે ઉત્સુક છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ અમેરિકા અને કેનેડાના પ્રવાસને ફળદાયી બની





રહેશે એવા વિશ્વાસ સાથે જણાવ્યું હતું કે ગુજરાતમાં ખૂબ સારું મૂડીરોકાણ આવશે.

વૈશ્વિક રોકાણકારો અને ઈનોવેટર્સને આગામી ૧૦મી-૧૨મી જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ વડાપ્રધાનની પ્રેરણાથી યોજાનારી ૧૧મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ઈન્વેસ્ટમેન્ટ , કોલબોરશન અને પાર્ટનરશીપ માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ, આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારના મુખ્યમંત્રી તથા મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળે અમેરિકા અને કેનેડાનો પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે.

આ પ્રતિનિધિ મંડળે સાન ફ્રાન્સિસ્કો, વોશિંગ્ટન ડી.સી. અને ન્યૂયોર્કમાં રોકાણકારો, ટેક્નોલોજી અગ્રણીઓ અને યુવા ઉદ્યોગસાહસિકો તથા ઈનોવેટર્સ તેમજ ગુજરાતી ડાયસ્પોરા સાથે મુલાકાતો કરી હતી.

મુખ્ય સચિવ એમ.કે. દાસ,

(અનુ. આઠમા પાને)

# નેપાળ પૂર પ્રકોપમાં ફસાયેલા ગુજરાતીઓ માટે રાજય સરકારે હેલ્પલાઈન નંબર જાહેર કર્યા




**૦૭૯૨૩૨૫૧૯૦૦ અથવા ૯૯૭૮૪ ૦૫૩૦૪ કે હેલ્પલાઈન નંબર ૧૦૭૦ પરથી માહિતી મેળવી શકાશે**

**અબતક, રાજકોટ**

પાડોશી રાષ્ટ્ર નેપાળમાં આવેલા વિનાશક ફ્લેશ ફ્લડમાં ગુજરાતના અનેક નાગરિકો ફસાયા હોવાની આશંકા છે. નેપાળ પૂર પ્રકોપમાં ફસાયેલા ગુજરાતના નાગરિકો માટે રાજ્ય સરકાર દ્વારા હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા પણ હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે.

નેપાળમાં અચાનક આવેલા પૂરથી અસરગ્રસ્ત નાગરિકો અને પરિવારજનો માટે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્યના નાગરિકો અને તેના પરિવારજનોએ રાજ્યના કંટ્રોલરૂમ નંબર ૦૭૯૨૩૨-૫૧૯૦૦, ૯૯૭૮૪૦૫૩૦૪ અને હેલ્પલાઈન નં.૧૦૭૦ જે તે જિલ્લાના ડિસ્ટ્રીકટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના હેલ્પલાઈન નં.૧૦૭૭ પર સંપર્ક કરવા જણાવાયું છે.




ભારતીય નાગરિકોની મદદ, જરૂરી વિગતો અને સહાયતા માટે કાઠમંડુ સ્થિત ભારતીય દૂતાવાસ દ્વારા તાત્કાલિક અસરથી ઈમરજન્સી હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે. પૂરની સ્થિતિથી અસરગ્રસ્ત થયેલા નાગરિકો અથવા તેમના પરિવારજનો આ નંબર પર સંપર્ક કરીને જરૂરી માહિતી તથા સહાયતા મેળવી શકે છે. ઈમરજન્સી સંપર્ક નંબર ૧: +૯૭૭ ૯૮૫ ૧૩૧ ૬૮૦૭, ઈમરજન્સી સંપર્ક નંબર ૨: +૯૭૭ ૯૭૦ ૯૧૦ ૭૫૦૦, નેપાળમાં પ્રવાસે કે અન્ય કામ અર્થે ગયેલા રાજકોટના કોઈ નાગરિકો પૂરના કારણે ફસાયેલા હોય, તો તેમના સગા-સંબંધીઓ તથા પરિવારજનોને માહિતી અને મદદ મેળવવા માટે ઉપરોક્ત ઈમરજન્સી નંબરો પર સંપર્ક કરવા રાજકોટ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન (ડિઝાસ્ટર) શાખા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજકોટ જિલ્લા કલેકટર કચેરીના ડિસ્ટ્રિક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા રાજકોટ જિલ્લાના નાગરિકોની મદદ માટે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજકોટ જિલ્લાના નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે કે, જો તેમના પરિવારજનો, સગા-સંબંધીઓ કે પરિચિતોમાંથી કોઈ વ્યક્તિ નેપાળમાં ફસાયેલા હોય, ગુમ થયેલા હોય, જાનમાલનું નુકસાન થયેલ હોય અથવા કોઈ પણ પ્રકારની તાત્કાલિક સહાયની જરૂરિયાત હોય તો જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર

(અનુ. આઠમા પાને)